**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૪.૮૦ |
| પાઉન્ડ | ૧૦૮.૩૮ |
| યુરો | ૮૯.૧૮ |
| સઉદી રિયાલ | ૨૨.૫૭ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૯,૪૯૦ |
| ચાંદી (૧ કિલો) | ૧,૦૪,૦૦૦ |


નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily)

AHMEDABAD

SINCE-1991



AL FAROOQ® TOURS & TRAVELS Since 1996 IATA

હજ્જ 2025 | પેકેજ રૂા.5,85,000 (તમામ ટેક્ષ સાથે) | દિવસ ૩૮ થી ૪૦ બુકીંગ ચાલુ છે

રજબ - શાબાન ઉમરાહ દિવસ-૨૪ રૂા. ૧,૧૦,૦૦૦

રમઝાન ઉમરાહ દિ.૩૨ રૂા.૨,૦૦,૦૦૦

હાજી યાકુબ મુન્શી - ૯૮૨૫૨ ૭૫૩૩૩ - ૯૮૨૫૫ ૫૧૯૧૫ - ૯૮૯૮૦ ૩૪૪૭૮

૧, સંજરી એપાર્ટમેન્ટ, શાહેઆલમ, અમદાવાદ -૨૮


Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૧૩૫ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

## લોકસભામાં ધમાકેદાર એન્ટ્રી સાથે પ્રિયંકાના ભાજપ-RSS પર આકરા પ્રહાર

# ‘આ સંવિધાન છે, સંઘનું વિધાન નથી’ : પ્રિયંકા ગાંધી

### પ્રિયંકા ગાંધીએ કહ્યું : PM મોદી પર સંભલ અને મણિપુરની હિંસાની કોઈ અસર ના થઈ, તેઓ ભારતના બંધારણને સમજી શક્યા નથી, આ સંઘની નિયમ પુસ્તિકા નથી, મતપત્રકથી મતદાનની માગણી, જાતિ આધારિત મતગણતરીની માંગ કરતાં પ્રિયંકા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ લોકસભામાં પોતાના પ્રથમ ભાષણમાં ભાજપ પર જોરદાર પ્રહાર કર્યા હતા. પ્રિયંકા ગાંધીએ ભાજપ પર સંવિધાન પર હુમલા અને સંઘના વિધાનને આગળ ધપાવવાનો આરોપ લગાવ્યો હતો, સાથે જ તેમણે દેશના લોકોના ભોગે ઉદ્યોગપતિ ગૌતમ અદાણીને પ્રાધાન્ય આપી લોકો પ્રત્યે પક્ષપાતનો આરોપ લગાવતા ભાજપ સરકાર પર પ્રહારો કર્યા હતા. તેમણે સંભલ અને મણિપુર હિંસા મામલે વડાપ્રધાનના મૌન સામે સવાલ કર્યા હતા. તેમણે કહ્યું કે, ‘દેશની સંપત્તિ, એરપોર્ટ અને જમીન એક વ્યક્તિના ફાયદા માટે તેને સોંપવામાં આવી રહી છે જ્યારે ગરીબ ભારતીયોને ભોગવવા માટે છોડી દેવામાં આવી રહ્યા છે. જાહેર સંસાધનોનો આ સ્પષ્ટ દુરૂપયોગ અસ્વીકાર્ય છે.’ ગાંધીએ એનડીએ સરકાર પર અસંમતિને દબાવવા માટે તપાસ એજન્સીઓને હથિયાર બનાવવાનો પણ આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે, ‘વિપક્ષી નેતાઓ સામે તેમના અવાજને દબાવવા માટે ખોટા કેસ દાખલ કરવામાં આવી રહ્યા છે. સત્તાનો આ દુરૂપયોગ લોકશાહી પર હુમલો છે.’ કોંગ્રેસ નેતાના નિવેદનો પારદર્શિતા અને શાસનના મુદ્દાઓ પર સરકારને જવાબદાર ઠેરવવા માટે પાર્ટીના વ્યાપક અભિયાનનો એક ભાગ છે. વિરોધ પક્ષોએ વારંવાર એનડીએ પર રાજકીય હરીફોને નિશાન બનાવવા માટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) અને સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) જેવી કેન્દ્રીય એજન્સીઓનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે. પ્રિયંકાએ સાથે જ મતપત્રકથી મતદાન અને જાતિ આધારિત વસ્તી ગણતરીની માગણી કરી હતી. કોંગ્રેસ સાંસદે સંભલ અને મણિપુરમાં હિંસાની ઘટનાઓ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર ચૂપ રહેવાનો પણ આરોપ લગાવ્યો હતો. બંધારણ ન્યાય, એકતા અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનું રક્ષણાત્મક કવચ છે તેના પર ભાર મૂકતા પ્રિયંકા ગાંધીએ આરોપ લગાવ્યો કે, ભાજપના નેતૃત્વ હેઠળની સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં તેને તોડવા માટે તમામ પ્રયાસો કર્યા છે. સંસદમાં પોતાના પ્રથમ ભાષણમાં જ તેમણે કહ્યું કે, ‘વડાપ્રધાન બંધારણને નમન કરે છે પરંતુ જ્યારે સંભલ, હાથરસ અને મણિપુરમાંથી ન્યાય માટે પોકાર થાય છે ત્યારે તેમના કપાળ પર એક કરચલીઓ પણ દેખાતી નથી.’ તેમણે કહ્યું કે, ‘એવું લાગે છે કે, વડાપ્રધાન મોદી સમજી શક્યા નથી કે તે ‘ભારત કા બંધારણ’ છે, ‘સંઘ કા વિધાન’ નથી.’ તેમણે કહ્યું કે, સરકાર લેટરલ એન્ટ્રી અને ખાનગીકરણ દ્વારા અનામત નીતિને નબળી બનાવવાનું કામ કરી રહી છે. જો લોકસભા ચૂંટણીના પરિણામો આવ્યા મુજબ ન આવ્યા હોત તો સરકારે બંધારણમાં ફેરફાર કરવાનું કામ શરૂ કરી દીધું હોત તેમ તેમણે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, ‘સત્ય એ છે કે, તેઓ ‘બંધારણ’નો નારો લગાવી રહ્યા છે કારણ કે, તેમને ખ્યાલ છે કે, આ દેશના લોકો બંધારણને જીવંત રાખશે.’ તેમના મતે લોકો જાતિ આધારિત વસ્તી ગણતરીની માંગ કરી રહ્યા હતા અને શાસક પક્ષ પણ ચૂંટણી પરિણામોને કારણે તેના વિશે વાત કરી રહ્યો હતો. લોકસભા ચૂંટણી પ્રચારનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે, ‘જ્યારે સમગ્ર વિપક્ષે જાતિ આધારિત વસ્તી ગણતરીની હાકલ કરી ત્યારે તેઓ ગાયો અને ‘મંગળસૂત્ર’ ચોરાઈ જવાની વાત કરતાં હતા.’ પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, બંધારણે રાષ્ટ્રને એકતાનો સંદેશ આપ્યો છે અને ભાજપની આગેવાની હેઠળની સરકાર પર વિભાજનકારી રાજકારણ ચલાવવાનો આરોપ લગાવ્યો હતો. ભારતીય બંધારણ સંવાદ અને ચર્ચાની સભ્ય પરંપરાઓમાંથી ઉભરી આવ્યું છે જે સિદ્ધાંતોને શાસક સરકાર ‘ધિક્કારે છે’ કારણ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી કદાચ એ સમજવામાં નિષ્ફળ ગયા હશે કે સંવિધાન ‘સંઘનું વિધાન’ નથી.’ લગભગ ૪૦ મિનિટ ચાલેલા ખૂબ જ અપેક્ષિત ભાષણમાં પ્રિયંકાએ કહ્યું કે, છેલ્લા દાયકામાં ભાજપના શાસન હેઠળ દેશ પર ભયનો એક પડદો છવાઈ ગયો છે. પરંતુ ‘ભયનો સ્વભાવ’ એવો હતો કે, તે હવે શાસક પક્ષને પણ પીડિત કરી રહ્યો છે, જેના કારણે તે સંસદમાં પ્રશ્નોના જવાબ આપવાથી ‘ભાગી’ ગયો છે.’ શુક્રવારથી શરૂ થયેલી બે દિવસીય ચર્ચા ‘બંધારણના ૭૫ વર્ષની ગૌરવપૂર્ણ યાત્રા’માં વાયનાડના સાંસદ વિપક્ષ તરફથી પ્રથમ વક્તા હતા. પ્રિયંકાએ દાવો કર્યો હતો કે, જો ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં ભાજપના આંકડા ઓછા ન થયા હોત તો ‘તેઓ બંધારણ બદલી નાખત.’ તેમના ભાષણમાં એટલી આક્રમકતા હતી કે, ટ્રેઝરી બેંચમાંથી માંડ કોઈએ તેમની સામે વાંધો લીધો હોય. તેમણે કહ્યું કે, ‘બંધારણ ન્યાય, સંવાદિતા, એકતા, સમાનતા અને વાણી સ્વાતંત્ર્યના સિદ્ધાંતો માટેનું ‘સુરક્ષા કવચ’ છે. પરંતુ શાસક પક્ષ તે રક્ષણાત્મક કવચનો ઉપયોગ કરી રહ્યો છે.’ તેમણે ઉમેર્યું કે, ‘જો લોકસભાની ચૂંટણીમાં આ આંકડા ન આવ્યા હોત તો તેઓએ બંધારણ બદલી નાંખ્યું હોત. લગભગ હારીને જ તેમને ખ્યાલ આવ્યો કે આ દેશ બંધારણ બદલવાની કોઈ પણ વાત સ્વીકારશે નહીં.’ પ્રિયંકા બોલી રહ્યા હતા ત્યારે ગૃહમંત્રી અમિત શાહ અને સંરક્ષણમંત્રી રાજનાથસિંહ ભાજપના અન્ય વરિષ્ઠ નેતાઓ સહિત ગૃહમાં હાજર હતા. જો કે, પ્રધાનમંત્રીની ગેરહાજરી પ્રિયંકાનું ધ્યાન ભટકાવી શકી નહીં. તેમણે મોદીનું નામ લીધા વિના કહ્યું કે, ‘હું આ ગૃહમાં નવી છું પણ છેલ્લા ૧૫ દિવસમાં હું તેમને ૧૦ મિનિટથી વધુ સમય માટે જોઈ શકી નહીં. અમારા બાળપણમાં આપણે બધાએ એક રાજા વિશે એક વાર્તા સાંભળી હતી જેમાં તે સામાન્ય માણસનો વેશ ધારણ કરીને લોકો સાથે ભળી જાય છે. આજના રાજા ચોક્કસ કપડાં બદલે છે, તેમાં તેમને ખૂબ રસ હોય છે, પરંતુ તેમની પાસે ટીકા સાંભળવાની કે લોકો પાસે જવાની હિંમત નથી.’



### PM મોદીની ગેરહાજરી વિશે પણ પ્રિયંકાનો જોરદાર કટાક્ષ

### મારા પ્રથમ ભાષણ કરતાં સારૂં : રાહુલ ગાંધીએ પ્રિયંકાના લોકસભા ભાષણને વધાવ્યું

વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે પ્રિયંકા ગાંધીના લોકસભામાં પ્રથમ ભાષણને વધાવ્યું હતું અને કહ્યું કે, ગૃહમાં મારા પ્રથમ ભાષણ કરતાં તે સારૂં હતું. કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીએ આરોપ લગાવ્યો હતો કે, પીએમ મોદી સંભલ અને મણિપુર હિંસા મામલે ચૂપ રહ્યા હતા અને બંધારણને સમજી શક્યા નહીં જ્યારે આ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની નિયમ પુસ્તિકા નથી. વાયનાડના સાંસદે કહ્યું કે, બંધારણ એ ન્યાય, એકતા, સ્વતંત્રતા અને બોલવાની આઝાદીનું સુરક્ષા કવચ છે. ભાજપની સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં તેને તોડવાના તમામ પ્રયાસ કર્યા છે. પ્રિયંકાના ભાષણ વિશે પૂછાતાં રાહુલ ગાંધીએ કહ્યું કે, શાનદાર ભાષણ હતું. મારા પ્રથમ ભાષણ કરતાં ઘણું સરસ હતું, ચાલો તેમના જેવું કરી બતાવીએ. રાહુલ ગાંધી ૨૦૦૪માં પ્રથમવાર સાંસદ બન્યા હતા.

CELEBRATING EXCELLENCE 34 years GT




# “તેમનું બલિદાન આપણા રાષ્ટ્રને હંમેશા પ્રેરણા આપશે” મોદીએ ૨૦૦૧ સંસદ હુમલાના પીડિતોને શ્રદ્ધાંજલિ આપી

(એજન્સી) તા.૧૩

કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપી અને કહ્યું કે આખો દેશ આતંકવાદ સામે ઊભો છે. અમારા કૃતજ્ઞ રાષ્ટ્ર વતી, અમર શહીદોને આદરપૂર્વક શ્રદ્ધાંજલિ. આજે આપણે સંસદ ભવન પર થયેલા આતંકવાદી હુમલામાં શહીદ થયેલા ભારત માતાના બહાદુર સૈનિકોને પુષ્પાંજલિ અર્પણ કરીને યાદ



**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે ૨૦૦૧માં સંસદ હુમલામાં પોતાના જીવનનું બલિદાન આપનારા બહાદુરોને શ્રદ્ધાંજલિ આપી હતી અને કહ્યું હતું કે તેમનું બલિદાન દેશને હંમેશા પ્રેરણા આપશે, ૨૦૦૧માં સંસદ હુમલામાં શહીદ થયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપી હતી, તેમનું બલિદાન આપણા દેશને હંમેશા પ્રેરણા આપતું રહેશે, અમે તેમની હિંમત અને સમર્પણ માટે સદાકાળ આભારી છીએ**

કરીએ છીએ અને આખો દેશ આતંકવાદ સામે એકજૂટ છે.

આમઆદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલે સંસદ હુમલા દરમિયાન પોતાના જીવનનું બલિદાન આપનારા જવાનોને સલામ કરી હતી. તેમણે કહ્યું કે, આજનો દિવસ આપણને તે બહાદુર સૈનિકોની યાદ અપાવે છે જેમણે સંસદ ભવન પર આતંકવાદી હુમલા દરમિયાન દેશ અને આપણા લોકતંત્રના મંદિરની રક્ષા માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું. એ તમામ બહાદુર સૈનિકોની અમર શહાદતને લાખો સલામ.

૧૩ ડિસેમ્બર ૨૦૦૧ના રોજ જગદીશ, માતબર, કમલેશ કુમારી; નાનક ચંદ અને રામપાલ, મદદનીશ સબ-ઈન્સ્પેક્ટર, દિલ્હી પોલીસ; ઓમ પ્રકાશ, બિજેન્દર સિંહ અને ઘનશ્યામ, દિલ્હી પોલીસમાં હેડ કોન્સ્ટેબલ અને દેશરાજ, એક માળી, CPWD, તેઓ આતંકવાદી હુમલા સામે સંસદનો બચાવ કરતી વખતે તેમના જીવનનું બલિદાન આપ્યું હતું.

આ ગુનેગારો લશ્કર-એ-તૈયબા (LeT) અને જૈશ-એ-મોહમ્મદ (JeM)-ના હતા. પાકિસ્તાનના આ બે આતંકવાદી સંગઠનોએ ૧૩ ડિસેમ્બર ૨૦૦૧ના રોજ સંસદ પર હુમલો કર્યો હતો, જેના કારણે દિલ્હી પોલીસના પાંચ કર્મચારીઓના મોત થયા હતા. ૧૩ ડિસેમ્બર ૨૦૦૧ના હુમલામાં ગૃહ મંત્રાલય અને સંસદના લેબલવાળી કારમાં સંસદમાં ઘૂસણખોરી કરનારા કુલ પાંચ આતંકવાદીઓ માર્યા ગયા હતા.

તે સમયે મોટા રાજનેતાઓ સહિત ૧૦૦થી વધુ લોકો સંસદની અંદર હતા.

બંદૂકધારીઓએ જે કાર ચલાવી હતી તેના પર નકલી ઓળખ સ્ટીકરનો ઉપયોગ કર્યો હતો અને આ રીતે સંસદીય સંકુલની આસપાસ તૈનાત સુરક્ષાનો ભંગ કર્યો હતો. આ આતંકીઓ પાસે AK47 રાઈફલ્સ, ગ્રેનેડ લોન્ચર અને પિસ્તોલ હતી. ભારતીય સુરક્ષા એજન્સીઓ અને દિલ્હી પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે બંદૂકધારીઓને પાકિસ્તાન તરફથી સૂચનાઓ મળી હતી અને પાકિસ્તાનની ઈન્ટર-સર્વિસ ઈન્ટેલિજન્સ (ISI) એજન્સીના માર્ગદર્શન હેઠળ આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

# ૨૬-વર્ષના અનાથને જ્યારે જાણ થઈ કે તે કરોડપતિનો પુત્ર છે; તેણે વધુ સંપત્તિ લેવાનો ઈન્કાર કર્યો

**૨૬ વર્ષીય શી કિંશુઆઈનું ત્રણ મહિનાની ઉંમરે અપહરણ કરવામાં આવ્યું હતું, તેના માતા-પિતાએ દાયકાઓ સુધી તેની શોધ કરી તેમાં સફળતા મળી નહીં, તેના પરિવારે તેની શોધમાં ૧ કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કર્યો છે અને આખરે તેમનો પુત્ર ફરી મળી આવ્યો હતો**

(એજન્સી) તા.૧૩

ઘણા લોકોએ બોલીવુડની ઘણી ફિલ્મો જોઈ હશે જેમાં ગરીબીમાં જીવન જીવતા નાયકને અચાનક ખબર પડે છે કે તે એક રાજકુમાર છે. જો કોઈ એવું વિચારે છે કે આવું માત્ર ફિલ્મોમાં જ થઈ શકે છે તો તે ભૂલ કરે છે. ચીનમાં આવા જ એક સમાન કિસ્સામાં, એક છોકરાએ તેના જીવનના કેટલાક નિર્ણાયક વર્ષો તેના માતાપિતા વિના વિતાવ્યા, પરંતુ તેમને મળ્યા પછી, તેનું ભાગ્ય નાટકીય રીતે બદલાઈ ગયું છે.

જીવન એક અણધારી ઘટના છે એ કહેવત ચોક્કસપણે આ છોકરાના કિસ્સામાં સાચી પડે છે જેણે પોતાનું આખું બાળપણ એક અનાથ તરીકે વિતાવ્યું હતું, જેનું માત્ર ત્રણ મહિનાની ઉંમરે અપહરણ થયું હતું. તે એક શ્રીમંત પરિવારનો બાળક હતો. તેની રસપ્રદ વાર્તા હાલમાં સમગ્ર સોશિયલ મીડિયા પર પ્રેક્ષકોને મોહિત કરી રહી છે.

સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના અહેવાલ મુજબ, ૨૬ વર્ષીય શી કિનશુઈનું અપહરણ ત્યારે કરવામાં આવ્યું હતું જ્યારે તે માત્ર ત્રણ મહિનાનો હતો. શીના માતા-પિતાએ તેને શોધવામાં દાયકાઓ વિતાવ્યા, પરંતુ કોઈ ફાયદો થયો નહીં. ૧ કરોડથી વધુ ખર્ચ કર્યા પછી, શીના પરિવારને તેમનો પુત્ર જ્યારે તે ૨૬ વર્ષનો થયો હતો ત્યારે મળ્યો હતો. જ્યારે શીને



ખબર પડી કે તે કરોડપતિ પરિવારનો છે, ત્યારે તે આશ્ચર્યચકિત થઈ ગયો હતો. ૧ ડિસેમ્બરના રોજ, તે તેના પરિવારને મળ્યો અને એક અનાથમાંથી એક વિશાળ સંપત્તિનો વારસદાર બની ગયો હતો.

માતા-પિતાએ તેમના પુત્રના પરત ફરવાની ઉજવણી કરવા માટે પાર્ટી આપી હતી. ભેટ તરીકે, તેઓ તેને અનેક ફ્લેટ અને કાર આપવાનો ઈરાદો ધરાવતા હતા. જો કે, તેમના પુત્ર શીએ આ ભવ્ય ભેટોનો ઈનકાર કર્યો હતો. તેના બદલે, તેણે માત્ર એક ફ્લેટની વિનંતી કરી, જ્યાં તે અને તેની પત્ની ભવિષ્યમાં પોતાનું ઘર બનાવી શકે.

શીએ કહ્યું કે તે નથી ઈચ્છતો કે આટલી સમૃદ્ધિનો અનુભવ કર્યા પછી તેનો પરિવાર તેમનો આધાર ગુમાવે. તે તેની આ સંપત્તિ હોવા છતાં, તેના પરિવારની જરૂરિયાતો જ ઈચ્છે છે. હાલમાં, તે લાઈવ-સ્ટ્રીમિંગ ચેનલ દ્વારા આવક મેળવે છે. શીની આ વાર્તા સોશિયલ મીડિયા પર વ્યાપકપણે પ્રસારિત થઈ છે, અને મિશ્ર પ્રતિક્રિયાઓ આવી રહી છે. કેટલાક વપરાશકર્તાઓ સૂચવે છે કે તે સહાનુભૂતિ શોધે છે, જ્યારે અન્ય તેની ઈચ્છા અને મનની સ્પષ્ટતાની પ્રશંસા કરે છે, જે આવી સમૃદ્ધિથી પ્રભાવિત થતો નથી.

# મળો એ વ્યક્તિને, ૧૬ વર્ષની ઉંમરે જેમણે AIIMSની પ્રવેશ પરીક્ષા પસાર કરી; ૨૨ વર્ષની ઉંમરે UPSC પરીક્ષા પણ પસાર કરી અને બાદમાં નવું સાહસ શરૂ કરવા IAS ઓફિસર પદ પરથી રાજીનામું આપી દીધું

**અત્યંત મુશ્કેલ ગણાતી AIIMSની પરીક્ષામાં પણ તેઓ ઉત્તીર્ણ થયા અને ૨૧ વર્ષની ઉંમરે તો MBBSની ડિગ્રી પ્રાપ્ત કરી લીધી**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

સફળતા એમના જ કદમ ચૂમતી હોય છે જે તેની પાછળ પડી જતા હોય છે અને હંમેશા સફળતા માટે પ્રયત્નશીલ રહેતા હોય છે. યુએન એકેડેમીના સહસ્થાપક રોમન સૈનિનું જીવન એ મહત્વકાંક્ષા અને સતત તેની પાછળ અવિરત મહેનત સાથે કામ કરવાની શક્તિના સંયોજન રૂપ પ્રેરણાભર્યું જીવન છે. નાની ઉંમરે દેશની બે સૌથી અઘરી અને પડકારરૂપ પરીક્ષા પસાર કરવી એ કોઈ નાનીસુની સિદ્ધિ નથી. રોમને આ નોંધપાત્ર સફળતા મેળવી માત્ર ૧૬ વર્ષની ઉંમરે એમણે દેશની સૌથી મુશ્કેલ ગણાતી એમ્સની પ્રવેશ પરીક્ષા પસાર કરી હતી અને ૨૧ વર્ષની ઉંમરે યુપીએસસી સિવિલ સર્વિસ પરીક્ષામાં પણ સફળતા મેળવી હતી. આટલી નોંધપાત્ર સફળતા મેળવ્યા છતાં એમને હજુ કંઈક નવું અને મજબૂત રીતે કશું સ્થાપિત કરવું હતું. એમનામાં રહેલી કંઈક નવું કરવાની ધગશની શક્તિના ચમકારે એમને વધુ આગળ જવા પ્રેરણા આપી અને તેમણે આઈએએસની અધિકારી જેવો હોદ્દો પણ છોડી દીધો અને રાજીનામું આપી દીધું અને નવા સાહસ માટેની સફર શરૂ કરી દીધી. તેમણે આગળ શું કર્યું એ નીચે આગળ વાંચો અને પ્રેરણા મેળવો. મલ્ટીનેશનલ શૈક્ષણિક ટેકનોલોજીના પ્લેટફોર્મ યુએન એકેડેમીના રોમન સૈની સહ સ્થાપક બન્યા છે અને અસાધારણ સફળતા આ ક્ષેત્રમાં પ્રાપ્ત કરી છે. માત્ર ૧૬ વર્ષની ઉંમરે A એમ્સની પ્રવેશ પરીક્ષા પસાર કરી અને ૨૧ વર્ષની ઉંમરે તો એમબીબીએસની ડિગ્રી પણ મેળવી લીધી છતાં એમની મહત્વકાંક્ષાઓ ત્યાં પરિપૂર્ણ થતી નહોતી. તેની સીમા પૂરી થઈ નહોતી પણ તેઓ આગળ વધતા રહ્યા. ડોક્ટર બન્યાના એક વર્ષ બાદ તેમણે દેશની સૌથી વધુ પડકારરૂપ ગણાતી યુપીએસસી પરીક્ષા આપવાનું નક્કી કર્યું અને એ પરીક્ષામાં પણ



એકદમ સહજતાથી ઉત્તીર્ણ થયા અને આઈએએસ અધિકારી બન્યા. ૨૨ વર્ષની ઉંમરે તેમણે યુપીએસસી પરીક્ષા અને સીએસઈ પરીક્ષા પસાર કરી લીધી અને પ્રતિષ્ઠાભર્યો હોદ્દો પ્રાપ્ત કર્યો. છતાં આટલી સિદ્ધિઓ પછી પણ એમને સંતોષ નહોતો અને હજુ તેઓ કંઈક આગળ નવું કરવા માંગતા હતા કારણ કે એમની પાસે ધગશની તો કોઈ કમી જ નહોતી એટલે એમણે યુએન એકેડેમીની સ્થાપના કરી. તેઓ જ્યારે આઈએએસ અધિકારી તરીકે હતા ત્યારે મધ્ય પ્રદેશમાં એક જિલ્લાના કલેક્ટર તરીકે પણ સેવા બજાવી હતી. પણ એમની મહત્વકાંક્ષાઓનો ત્યાં અંત આવ્યો નહોતો અને એમણે શિક્ષણ જગતમાં નવી તરાહ સાથે એકેડેમીની સ્થાપના કરી આજે એ મલ્ટીનેશનલ સંસ્થા ગણાય છે.

# “સિવિલ કોર્ટ એ સુપ્રીમ કોર્ટ સાથે સ્પર્ધા કરી શકે નહીં” સર્વોચ્ચ અદાલતની બેન્ચે પૂજાના સ્થળો પર સર્વેક્ષણ માટેના આદેશો પર સ્ટે મૂક્યો

**આ મુદ્દે એક નોંધપાત્ર હસ્તક્ષેપમાં, સર્વોચ્ચ અદાલતે ટ્રાયલ કોર્ટને નવા દાવાઓ નોંધવાથી અને પૂજાના સ્થળોના ધાર્મિક પાત્રને પડકારવાના કેસોમાં સર્વેક્ષણ સહિત કોઈપણ અસરકારક આદેશો ન આપવાનો આદેશ આપ્યો છે**

(એજન્સી) તા.૧૩

આજે ૧૨ ડિસેમ્બરના રોજ એક મહત્વપૂર્ણ આદેશમાં, સુપ્રીમ કોર્ટે દેશભરની ટ્રાયલ કોર્ટોને વર્તમાન મિલકતોના ધાર્મિક પાત્રને પડકારતા કેસોમાં નવા દાવાઓ નોંધવા અથવા સર્વેના આદેશો સહિત અસરકારક આદેશો પસાર કરવાથી દૂર રહેવાનો નિર્દેશ આપ્યો હતો. ભારતના મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાની આગેવાની હેઠળ અને ન્યાયમૂર્તિ પીવી સંજય કુમાર અને કે.વી. વિશ્વનાથનની બેન્ચે જણાવ્યું હતું કે આવી કાર્યવાહી ૧૯૯૧ના પૂજા સ્થાનો (વિશેષ જોગવાઈઓ) અધિનિયમનું ઉલ્લંઘન કરે છે. આ કાયદો પૂજા સ્થાનોના ધાર્મિક પાત્રમાં ફેરફાર કરવા પર પ્રતિબંધ મૂકે છે જે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ ના રોજ હતું. કોર્ટનો આ હસ્તક્ષેપ ધાર્મિક સ્થળોની સ્થિતિને પડકારતી અરજીઓ અને દાવાઓની વધતી જતી સંખ્યા પર રોક લગાવશે જેમાં મધ્યયુગીન મસ્જિદો અને દરગાહો છે. ઉત્તર પ્રદેશમાં ૧૬મી સદીની સંભાલ જામા મસ્જિદ અંગે ટ્રાયલ કોર્ટ દ્વારા તાજેતરના સર્વેક્ષણના આદેશથી સાંપ્રદાયિક તણાવ વધ્યો હતો, જે હિંસક અથડામણમાં પરિણમ્યો હતો જેમાં ચાર લોકોનાં મોત થયા હતા. સર્વોચ્ચ અદાલતે પૂજા સ્થાનોના ધાર્મિક પાત્રનું રક્ષણ કરતા પ્લેસિસ ઓફ વર્શીપ (વિશેષ જોગવાઈઓ) અધિનિયમની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓની બેચની સુનાવણી કરી છે. ૨૦૨૦માં એડવોકેટ અશ્વિની કુમાર ઉપાધ્યાય દ્વારા દાખલ કરવામાં આવેલી મુખ્ય પિટિશનમાં આ કાયદાની માન્યતા પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો, અને જણાવ્યું હતું કે મૂળ મંદિરો હોવાનો દાવો કરતા ધાર્મિક સ્થળો પર ફરીથી દાવો કરવાના હિંદુઓના બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન છે. અરજદારો દલીલ કરે છે કે આ કાયદો અન્યાયી રીતે ઐતિહાસિક ભૂલોની કાનૂની તપાસને અટકાવે છે. અન્ય ઘણી સમાન અરજીઓ, તેમજ CPI(M), DMK અને ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ જેવા રાજકીય પક્ષો દ્વારા તાજેતરની હસ્તક્ષેપ અરજીઓમાં ભારતના બિનસાંપ્રદાયિક ફેબ્રિકને સુરક્ષિત કરવામાં અને ધાર્મિક ધ્રુવીકરણને રોકવામાં આ કાયદાને સમર્થન આપવાની માંગ કરી છે. ખંડપીઠે સ્પષ્ટપણે નિર્દેશ આપ્યો હતો કે પૂજા સ્થાનોના ધાર્મિક પાત્રને પડકારતો કોઈ નવો દાવો રજીસ્ટર થવો જોઈએ નહીં અને હાલની અદાલતો અને ટ્રાયલ કોર્ટમાં હાલના દાવાઓના કેસો આગળ વધવા જોઈએ નહીં. આમાં સર્વોચ્ચ અદાલત દ્વારા આગળના આદેશો જારી કરવામાં ન આવે ત્યાં સુધી સર્વેક્ષણ અથવા કોઈપણ



વચગાળાના અથવા અંતિમ નિર્ણયો માટેના આદેશોને રોકવાનો સમાવેશ થાય છે. જો કે, કોર્ટે ચાલી રહેલા દાવાઓની કાર્યવાહી પર રોક લગાવી ન હતી, જેમ કે વારાણસીમાં જ્ઞાનવાપી મસ્જિદ, મથુરામાં શાહી ઈદગાહ અને સંભલ જામા મસ્જિદ, જ્યાં મુસ્લિમ પક્ષકારોએ ૧૯૯૧ના કાયદાનો ઉપયોગ કરીને આ દાવાઓની જાળવણીને પડકારી છે. બેન્ચે જણાવ્યું હતું કે, આ કેસ આ કોર્ટ સમક્ષ સબ-જ્યુડીસ હોવાથી, અમે નિર્દેશ આપવાનું યોગ્ય માનીએ છીએ કે જ્યારે દાવો દાખલ કરવામાં આવી શકે છે, ત્યારે આ કોર્ટના આગળના આદેશો સુધી કોઈ દાવો રજીસ્ટર કરવામાં આવશે નહીં અને કાર્યવાહી હાથ ધરવામાં આવશે નહીં. અમે એ પણ નિર્દેશ કરીએ છીએ કે પેન્ડિંગ દાવાઓમાં, અદાલતો સુનાવણીની આગામી તારીખ સુધી સર્વેના આદેશો સહિત કોઈપણ અસરકારક વચગાળાના આદેશો અથવા અંતિમ આદેશો આપશે નહી. કેન્દ્ર સરકારને ચાર સપ્તાહની અંદર તેની પ્રતિ એફિડેવિટ ફાઈલ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. કોર્ટે નિર્દેશ આપ્યો કે પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે એફિડેવિટને સાર્વજનિક રૂપે સુલભ બનાવવામાં આવે. કોર્ટે એડવોકેટ્સ કનુ અગ્રવાલ, વિષ્ણુ શંકર જૈન અને એજાઝ મકબૂલને સરકાર, અરજદારો અને અધિનિયમનો બચાવ કરનારાઓ તરફથી રજૂઆતો સંકલિત કરવા માટે નોડલ કાઉન્સેલ તરીકે નિયુક્ત કર્યા હતા. વધુમાં, કોર્ટે અરજદારોને યુનિયનના પ્રતિસાદ પછી રિજોઈન્ડર ફાઈલ કરવા માટે ચાર અઠવાડિયાનો સમય આપ્યો હતો. સુનાવણી દરમિયાન, જસ્ટિસ વિશ્વનાથને આવા દાવાઓના મુદ્દાઓની જટિલ પ્રકૃતિ અંગે વાત કરી અને કહ્યું હતું હતું કે ૧૯૯૧નો અધિનિયમ બંધારણીય સિદ્ધાંતોની અનિવાર્યપણે પુનઃપુષ્ટિ કરે છે અને સિવિલ અદાલતોએ સુપ્રીમ કોર્ટ સમક્ષ ન્યાયાધીન હોય તેવી બાબતો પર આગળ વધવું જોઈએ નહીં. ન્યાયમૂર્તિ વિશ્વનાથને ભારપૂર્વક જણાવ્યું હતું કે અધિનિયમની બંધારણીયતા અંગેનો કાનૂની પ્રશ્ન સર્વોચ્ચ મહત્વનો છે અને ટ્રાયલ કોર્ટોએ એવા આદેશો પસાર કરવા ન જોઈએ કે જે સુપ્રીમ કોર્ટના નિર્ણયને પૂર્વ-નિર્ધારિત કરી શકે. એસ.જી. તુષાર મહેતાનો ઉલ્લેખ કરતા, જસ્ટિસ વિશ્વનાથને કહ્યું કે, આ અરજી કાયદાની બંધારણીયતાને પડકારે છે. આ એક મોટો પ્રશ્ન છેપ સિવિલ કોર્ટ સુપ્રીમ કોર્ટ સાથે રેસમાં આવી શકે નહીં અને તમારી સામે ૫ જજોનો ચુકાદો છે. કોર્ટે પહેલેથી જ દાખલ કરાયેલા દાવાઓમાં કાર્યવાહી પર સ્ટે આપવાનો પણ ઈનકાર કર્યો હતો, અને નોંધ્યું હતું કે કાનૂની પ્રક્રિયાને સંપૂર્ણપણે અટકાવવી યોગ્ય નથી. જો કે, તેણે અદાલતોને પ્રાર્થનાના સ્થળોની યથાસ્થિતિને વધુ અસર કરે તેવા કોઈપણ આદેશો પસાર કરવાથી નિશ્ચિતપણે રોક લગાવી હતી. હાલમાં દેશમાં ૧૦ ધાર્મિક સંરચનાઓ સાથે સંકળાયેલા ૧૮ દાવાઓ પેન્ડિંગ છે, જેમાં જાણીતી મસ્જિદો અને દરગાહ જેમ કે જ્ઞાનવાપી મસ્જિદ, શાહી ઈદગાહ અને અજમેર દરગાહનો સમાવેશ થાય છે. મોટાભાગે હિંદુ જૂથો દ્વારા દાખલ કરાયેલા આ કેસો જણાવે છે કે આ મસ્જિદો અને દરગાહો મંદિરો તોડીને મંદિરોની જગ્યા પર બાંધવામાં આવ્યા હતા અને તેમના પર ફરીથી દાવો કરવા માટે કાનૂની કાર્યવાહીની માંગણી કરે છે. અયોધ્યા વિવાદનો વિષય બનેલી બાબરી મસ્જિદ સ્થળ માટે અપવાદ સિવાય, પૂજા સ્થાનોના ધાર્મિક પાત્રના રૂપાંતરણને રોકવા માટે ૧૯૯૧ નો કાયદો રજૂ કરવામાં આવ્યો હતો. આ અધિનિયમને પડકાર આપવામાં આવ્યો છે, તે એ સુનિશ્ચિત કરવા માંગે છે કે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ ધાર્મિક સ્થાનો, અને ખાસ કરીને ઐતિહાસિક મહત્વ ધરાવતાં સ્થળોની સ્થિતિ અંગે કોઈ નવા કાનૂની વિવાદો ન થાય. આજના ચુકાદાનું મહત્વ વ્યાપક રીતે રાજકીય પણ છે. મસ્જિદો અને દરગાહ પરના હિંદુ દાવાઓ સાથે વારંવાર સર્વેક્ષણની માંગ કરતી અરજીઓની વધતી જતી સંખ્યા, સાંપ્રદાયિક સંવાદિતા માટે એક મુશ્કેલીજનક વલણ છે. સુપ્રિમ કોર્ટનો હસ્તક્ષેપ એક નિર્ણાયક રક્ષક તરીકે કામ કરે છે, તે સુનિશ્ચિત કરે છે કે કાનૂની પ્રક્રિયા વધુ ધાર્મિક તકરારને ઉત્તેજન આપતી નથી. આ નિર્દેશ જારી કરીને, કોર્ટે રાષ્ટ્રના બિનસાંપ્રદાયિક બંધારણને જોખમમાં મૂકતી બાબતોમાં અંતિમ લવાદ તરીકેની તેની મહત્વની ભૂમિકાની પુનઃપુષ્ટિ કરી છે. આ નિર્ણયના દૂરગામી પરિણામો છે, કારણ કે તે માત્ર ૧૮ વર્તમાન દાવાઓને જ અસર કરતું નથી પરંતુ ધાર્મિક વિવાદોમાં ન્યાયિક સંયમ અને બંધારણીય આદરની જરૂરિયાત વિશે સ્પષ્ટ સંદેશ આપે છે. ૧૯૯૧ ના અધિનિયમને પડકારવાનું પરિણામ નિઃશંકપણે ભારતમાં કાયદા, ધર્મ અને સાંપ્રદાયિક સંવાદિતા અને દેશના ભાવિને આકાર આપશે.

# ન્યાયાધીશોએ સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ ચુકાદાઓ અંગે અભિપ્રાય આપવાથી દૂર રહેવું જોઈએ : સુપ્રીમ કોર્ટ

**મધ્યપ્રદેશ હાઈકોર્ટ દ્વારા બે મહિલા ન્યાયિક અધિકારીઓની સમાપ્તિ અંગેના કેસની સુનાવણી કરતી વખતે બેન્ચે આ અવલોકનો કર્યા હતા**

(એજન્સી) તા.૧૩

સુપ્રીમ કોર્ટે ગુરૂવારે અવલોકન કર્યું હતું કે ન્યાયાધીશોએ સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવાનું અથવા ચુકાદાઓ પર અભિપ્રાય વ્યક્ત કરવાનું ટાળવું જોઈએ અને કહ્યું કે આ ન્યાયિક વ્યવસાય સંન્યાસી જેવી જીવનશૈલી અને અથાક સમર્પણ ઈચ્છે છે. જસ્ટિસ બીવી નાગરથના અને એન કોટીશ્વર સિંહની બેન્ચે મધ્યપ્રદેશ હાઈકોર્ટ દ્વારા બે મહિલા ન્યાયિક અધિકારીઓને સમાપ્ત કરવાના કેસની સુનાવણી દરમિયાન આ અવલોકનો કર્યા હતા. ખંડપીઠે કહ્યું કે ન્યાયતંત્ર એ ખોટી માહિતી માટેનું પ્લેટફોર્મ નથી, ન્યાયિક અધિકારીઓએ ફેસબુકનો ઉપયોગ ટાળવો જોઈએ. તેઓએ ચુકાદાઓ પર ટિપ્પણી કરવી જોઈએ નહીં કારણ કે આવતીકાલે, જો આ ચુકાદો ટાંકવામાં આવે છે, તો ન્યાયાધીશે પહેલેથી જ એક અથવા બીજી રીતે પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું હોય છે. તે એક ઓપન પ્લેટફોર્મ છે. તમારે સંન્યાસીની જેમ જીવવું પડશે અને ઘોડાની જેમ કામ કરવું પડશે. ન્યાયિક અધિકારીઓએ નોંધપાત્ર બલિદાન આપવું જોઈએ અને ફેસબુકને સંપૂર્ણપણે ટાળવું જોઈએ. બરતરફ કરાયેલા ન્યાયાધીશોમાંના એકનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ આર બસંતે કોર્ટની ભાવનાઓ સાથે સંમત થયા હતા અને સંમત થયા હતા કે કોઈપણ ન્યાયિક અધિકારી અથવા ન્યાયાધીશે તેમના કામ સંબંધિત બાબતો માટે ફેસબુકનો ઉપયોગ કરવો જોઈએ નહીં. સર્વોચ્ચ અદાલતે કસુવાવડ સહિતના સ્વાસ્થ્યના મુદ્દાઓને ધ્યાનમાં લીધા વિના, કામગીરીના આધારે મહિલા ન્યાયાધીશને બરતરફ કરવા બદલ મધ્યપ્રદેશ હાઈકોર્ટની ટીકા કરી હતી. મધ્યપ્રદેશ સરકાર દ્વારા કથિત અસંતોષકારક કામગીરીને લઈને છ મહિલા સિવિલ જજોની સમાપ્તિની તપાસ કરતી વખતે કોર્ટે આ મુદ્દો ઉઠાવ્યો હતો. ૧૧ નવેમ્બર, ૨૦૨૩ ના રોજ, સર્વોચ્ચ અદાલતે આ કેસનું સુઓમોટુ સંજ્ઞાન લીધું હતું. ત્યારબાદ, એમપી હાઈકોર્ટે ઓગસ્ટ ૧ ના રોજ તેના અગાઉના નિર્ણયની પુનઃવિચારણા કરી, ચાર ન્યાયાધીશો-જ્યોતિ વરકડે, સોનાક્ષી જોશી, પ્રિયા શર્મા અને રચના અતુલકર જોશીને ચોક્કસ શરતો હેઠળ પુનઃસ્થાપિત કર્યા, પરંતુ અદિતિ કુમાર શર્મા અને સરિતા ચૌધરીને બાકાત રાખ્યા હતા. બરતરફ કરાયેલા ન્યાયાધીશો અનુક્રમે ૨૦૧૮ અને ૨૦૧૭માં મધ્યપ્રદેશ ન્યાયિક સેવામાં જોડાયા હતા. એમપી હાઈકોર્ટના અહેવાલ મુજબ, શર્માનું પ્રદર્શન રેટિંગ ૨૦૧૯-૨૦માં "ખૂબ સારા" અને "સારા"થી ઘટીને પછીના વર્ષોમાં "સરેરાશ" અને "નબળું" થઈ ગયું હતું. તેણીની પાસે ૨૦૨૨માં લગભગ ૧,૫૦૦ પેન્ડિંગ કેસ હતા, જેનો નિકાલ દર ૨૦૦થી ઓછો હતો. જોકે, શર્માએ કોર્ટને તેની ૨૦૨૧ માં કસુવાવડ અને તેના ભાઈના કેન્સરના નિદાન વિશે જાણ કરી, જેણે તેના કામને અસર કરી હતી. સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે કોવિડ-૧૯ રોગચાળાને કારણે ન્યાયાધીશોની કામગીરીનું માત્રાત્મક મૂલ્યાંકન કરી શકાતું નથી. તેના એડવોકેટ ચારુમાથુર મારફત, એક ઈમ્પ્લીડમેન્ટ અરજી દાખલ કરી, આ ને દલીલ કરી કે તેણીની બરતરફી બંધારણની કલમ ૧૪ અને ૨૧ હેઠળના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે છે. તેણીએ દલીલ કરી હતી કે તેણીના નિષ્કલંક ચાર વર્ષના સેવા રેકોર્ડની અવગણના કરવામાં આવી હતી, અને યોગ્ય પ્રક્રિયાને અનુસર્યા વિના બરતરફી હાથ ધરવામાં આવી હતી. અરજીમાં કહેવામાં આવ્યું છે કે પ્રદર્શન મૂલ્યાંકનમાંથી પ્રસૂતિ અને બાળ સંભાળ રજાને બાકાત રાખવી અન્યાયી છે. માતૃત્વ અને બાળ સંભાળ રજા એ સ્ત્રી અને શિશુનો મૂળભૂત અધિકાર છે. આ સમયગાળા દરમિયાન કામગીરીનું મૂલ્યાંકન કરવું એ મૂળભૂત અધિકારોનું ઘોર ઉલ્લંઘન છે.

# મળો એ કિસાન પુત્રને, જેમણે અમિતાભ બચ્ચનની સાથે મળીને એક સંઘર્ષ કરતી કંપની હસ્તગત કરી અને તેને રૂપિયા ૩૮,૦૦૦ કરોડની મહાકાય કંપની બનાવી

**ભારતીય સાહસિકોની લાંબી યાદીમાં પ્રેમચંદ ગોધા પણ એક જાણીતું સન્માનીય નામ છે, ભારતના ૧૮૫ અબજોપતિઓમાં તેઓ પણ સામેલ છે, ૧૯૪૭માં રાજસ્થાનના એક કિસાન પરિવારમાં એમનો જન્મ થયો હતો અને સખત પરિશ્રમ તથા સંકલ્પ સાથે તેમણે સફળતાની સીડીઓ એક પછી એક ચડી અને આજે ભારતના સમૃદ્ધ ઉદ્યોગપતિઓમાં એક ગણાય છે**

(એજન્સી) મુંબઈ, તા.૧૩

ભારતીય સાહસિકોની યાદીમાં પ્રેમચંદ ગોધા એક જાણીતું અને સન્માનીય નામ છે. તેઓ ભારતના ૧૮૫ અબજોપતિઓ પૈકીના એક છે. પરંતુ એમનું જીવન સંઘર્ષભર્યું રહ્યું છે અને સામાન્ય સ્થિતિમાંથી સમૃદ્ધિ ભણીની એમની જીવન ગાથા અનોખી પ્રેરણા રૂપ રહે છે. ૧૯૪૭માં રાજસ્થાનના એક કિસાન પરિવારમાં એમનો જન્મ થયો હતો અને એમણે પોતાના મજબૂત સંકલ્પ અને સખત પરિશ્રમથી સફળતાની સીડીઓ એક પછી એક ચડીને દેશના ધનિક મહાનુભાવોની હરોળમાં સ્થાન મેળવ્યું. યુનિવર્સિટી ઓફ રાજસ્થાનમાંથી ગ્રેજ્યુએટ થયા બાદ ગોધાએ મુંબઈ આવીને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે કારકિર્દી શરૂ કરી હતી. એમના જીવનની સોનેરી તક જ્યારે મળી કે એમણે સુપરસ્ટાર અમિતાભ બચ્ચન સાથે કામ કરવાનું શરૂ કર્યું અને બચ્ચન પરિવારના નાણાકીય હિસાબોનું તેઓ ઓડિટ કરતા હતા. બચ્ચન પરિવાર સાથે ઘનિષ્ઠ સંબંધો થયા હતા અને એમના અપાર જ્ઞાન તથા કુશળતાને કારણે તેમના માટે વધુ નવી અને મોટી તકના દરવાજા ખુલ્યા હતા. તેઓ ૧૯૭૫માં સંઘર્ષ કરી રહેલી કંપની ઈપ્કોમાં જોડાયા હતા. તેમણે જયા બચ્ચનની સાથે મળીને હાલ ખોટ કરતી કંપની સંભાળી લીધી હતી અને સીએ તરીકેના એમના ૧૫ વર્ષના અનુભવ તથા નાણાકીય જાણકારી અને વ્યૂહાત્મક કોર્પોરેટ પદ્ધતિની જાણકારી અને કુશળતાને કારણે આ કંપની ફાર્માસ્યુટિકલ દુનિયાની શ્રેષ્ઠ કંપની બનીને ઉભરી આવી અને આજે એ



૩૮,૦૦૦ કરોડની જાયન્ટ ફાર્મા કંપની છે. આજે આઈપીસીએ એટલે કે ઈપ્કા કંપનીના નાણાકીય વહીવટનું સંચાલન પ્રેમચંદ ગોધા જ કરે છે અને ખોટ કરતી કંપનીને તેમણે વિશાળ કાઈ કંપની બનાવી દીધી. તેમણે કંપની સંભાળી ત્યારે તેની આવક વર્ષે રૂા.૫૪ લાખ જેવી હતી. ૧૯૯૯માં બચ્ચન પરિવારને નાણાકીય સંકટ આવ્યું ત્યારે ફાર્મા કંપનીનો એમનો ૩૬ ટકા હિસ્સો એમણે વેચી નાખ્યો હતો અને ગોધાએ સૌથી વધુ શેર કંપનીના પ્રાપ્ત કર્યા હતા અને કંપનીને એક સફળ ફાર્મા કંપનીનું રૂપ આપ્યું હતું. એક આંકડા મુજબ ગોધાની કુલ સંપત્તિ અત્યારે રૂા.૧૦૮૦૦ કરોડ જેટલી હોવાનું મનાય છે.

ભાજપ સરકારની અટકાવવું -લટકાવવું તથા ભટકાવવાની નીતિને કારણે વિલંબથી અધ્યાપકો હકથી વંચિત : કોંગ્રેસ

# ટેકનિકલ શિક્ષણ વિભાગના રેઢિયાળ તંત્રને લીધે ડિગ્રી ડિપ્લોમા ઈજનેરી કોલેજના ૪૦૦૦ અધ્યાપકો લાભથી વંચિત

## એક અધ્યાપક પર વિભાગના વિશેષ પ્રેમથી ઓફલાઈન લાભ અપાયા; અન્ય અધ્યાપકોને અન્યાય

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૩

સરકારી ઈજનેરી તેમજ પોલીટેકનિક કોલેજોના ૪૦૦૦ અધ્યાપકોના કિસ્સામાં પણ ઓફલાઈન ચકાસણી પ્રક્રિયા ઝડપથી કરીને સમય મર્યાદામાં ગ્રેડ પે નો લાભ આપવાની માંગ કરતા પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, તાજેતરમાં ટેકનિકલ શિક્ષણની કચેરી દ્વારા ડીપ્લોમા કોલેજના એક જ અધ્યાપકના સ્પેશિયલ કેસમાં માત્ર એક જ મહિનાના સમય ગાળામાં કેસની ત્રણ ગ્રેડની પ્રક્રિયા ઓફલાઈન પૂર્ણ કરી આદેશ કરવામાં આવેલ છે. જેમાં ગ્રેડ પે ૮૦૦૦ થી ૯૦૦૦ મંજૂરીની તારીખ ૧ જાન્યુઆરી ૨૦૧૯ પછી હોવા છતાં કોજન્ટ પોર્ટલ ઉપર પ્રક્રિયા કર્યા વગર ઓફ લાઈન ચકાસણી કરી ૨૯ નવેમ્બરના રોજ મંજૂરીનો આદેશ કરવામાં આવ્યો છે. બીજી બાજુ ૧૬ ડીગ્રી અને ૩૧ ડીપ્લોમાં સરકારી ઈજનેરી કોલેજના ૪ હજાર અધ્યાપકોને મળવાપાત્ર લાભથી વંચિત રહે તે રીતે ટેકનીકલ શિક્ષણ વિભાગ દ્વારા કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ(કેસ) માટે પોર્ટલની ઓનલાઈન ચકાસણીની પ્રક્રિયા માટે ફરજીયાત પરિપત્ર કરવામાં આવે છે. AICTEના ૧ માર્ચ ૨૦૧૯ના પરિપત્રના પાંચ વર્ષ બાદ ૧ માર્ચ ૨૦૨૪ના રોજ શિક્ષણ વિભાગ દ્વારા કેસ અંગે પરિપત્ર કરવામાં આવ્યો હતો. વર્ષોની રજૂઆત બાદ પરિપત્ર થતા સરકારી ડિગ્રી અને ડિપ્લોમા કોલેજોના અધ્યાપકો તેમના ૭-૮ વર્ષોથી લંબિત કેસ ટૂંક સમયમાં મળી જશે તેવી આશા જન્મી હતી. આ અંતર્ગત અરજીઓ મંગાવી ઓફલાઈન ચકાસણી કરી સત્વરે આદેશ થાય એવી વ્યવસ્થા ઉભી કરવાની બદ્લે ઓનલાઈન ચકસણી કરવા અંગે કમિશ્નર ઓફ ટેકનીકલ એજ્યુકેશન દ્વારા નિર્ણય કરવામાં આવ્યો. ૩૦ જુલાઈ ૨૦૨૪ના પરિપત્ર દ્વારા તમામ અધ્યાપકોને કેસની અરજી ફરજીયાત કોજન્ટ પોર્ટલ ઉપર કરવા માટે સૂચના આપેલ હતી. પરંતુ કોજન્ટ પોર્ટલ યોગ્ય રીતે થયેલ ન હોવાના કારણે ક્ષતિઓને લીધે પોર્ટલ પર અરજી કરવામાં મોટાભાગના અધ્યાપકોએ વ્યાપક હેરાનગતિ ભોગવી હતી ટેકનીકલ શિક્ષણ કચેરી દ્વારા અધ્યાપકોને કોજન્ટ પોર્ટલ પર કેસ માટે ઓનલાઈન અરજી કરવા માટે ૨૦ ઓગસ્ટ ૨૦૨૪ની સમયમર્યાદા આપેલ. પંરતુ ટેકનીકલ ક્ષતિઓને લીધે વિભાગ દ્વારા અરજી કરવાની છેલ્લી તારીખ બે વખત લંબાવાની લંબાવવાની ફરજ પડેલ. તેમાં પણ આજદિન સુધી કોજન્ટ પોર્ટલના ૫ તબક્કામાંથી માત્ર ૨ તબકાની ચકાસણી પૂર્ણ થઈ છે, બાકીના ૩ તબકાની પરિપત્રના ૬ મહિના થયા છતાં અમલીકરણ થયેલ નથી, કોજન્ટ પોર્ટલ જે ગતિથી ચાલી રહ્યુ છે તે જોતા હજુ ૩૧/૦૩/૨૦૨૫સુધીમાં અધ્યાપકોની ગ્રેડ પે ૬૦૦૦થી ૭૦૦૦ તેમજ ગ્રેડ પે ૭૦૦૦થી ૮૦૦૦ એમ બે ઈવેન્ટ તો દૂર રહી પરંતુ પ્રથમ ઈવેન્ટ પણ પૂરી થઈ જરૂરી આદેશ થશે કે કેમ એ પણ અનિશ્ચિત જણાય છે. આ રીતે ટેકનીકલ ક્ષતિઓ તેમજ સરકારે કેસ જાહેર કર્યાને અંદાજે ૧૦ મહિના થયા છતાં હક/લાભથી વંચિત અધ્યાપકોને નાણાકીય અને કારકિર્દીને ભારે નુકસાન થઈ રહ્યું છે. ભાજપા સરકારની અટકાવવું, લટકાવાવું અને ભટકાવવાની નીતિના કારણે પાંચ તબકાની ચકાસણીમાં વિલંબ થી ૪૦૦૦ અધ્યાપકો હક થી વંચિત રહે તેવી સ્થિતિ જણાય છે તેમ વધુમાં તેમણે ઉમેર્યું છે.

મૃતકના સગા-સંબંધીઓએ હોસ્પિટલમાં હોબાળો મચાવ્યો

# ભરૂચની ડેન્ટલ હોસ્પિટલમાં દાંતનાં ઓપરેશન બાદ મહિલાનું મોત, પરિવારજનોનો બેદરકારીનો આક્ષેપ

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૧૩

ભરૂચ શહેરની એક ડેન્ટલ હોસ્પિટલમાં દાંતના ઓપરેશન બાદ ૪૦ વર્ષીય મહિલાની તબીયત લથડી પડતા બીજી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવતા મહિલાનું મોત થતાં દાંતના ડોક્ટર સામે ગંભીર બેદરકારીથી મોત થયા હોવાના આક્ષેપ સાથે ભરૂચ પોલીસને ફરિયાદ દાખલ કરાવી છે.બીજા દિવસે સવારે દુખાવો વધતા નસીમ બેન ફરી બતાવવા જતાં હાજર તબીબ ડો.વિહાન એ કહ્યું કે દાંતનું હમણા જ ઓપરેશન કરવું પડશે. પરિવાર જનોએ પૈસાની સગવડ ન હોવાનું કહેતા બે દિવસનો સમય માંગ્યો હોવા છતાં ડો.વિહાને કહ્યું હમણા જ ઓપરેશન કરવું પડશે. ભરૂચ શહેરના હાજીખાના વિસ્તારમાં રહેતા ઈરફાનભાઈ પટેલ કે જેઓ શાકભાજીની લારી ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમની ૪૦ વર્ષની પત્ની નસીમ બેનને દાંતમાં દુખાવો ઉપડતા શહેરના આર કે કાસ્ટા શોપીંગમાં આવેલ સુકૃતિ ડેન્ટલ હોસ્પિટલમાં જતાં ત્યાં ડેન્ટીસ્ટ ડો.વિહાન સુખડિયાએ નસીમબેનને કહ્યું કે દાઢમાં સડો થઇ ગયો છે. દવા આપુ છું જો નહી સારૂ લાગે તો બીજા દિવસે ફરી દવાખાનામાં નસીમબેનનું દાંતનું ઓપરેશન કરી નાંખ્યું હતું. થોડી જ વારમાં તેમની તબીયત એકાએક ખરાબ થઇ ગઇ અને વધુ તબીયત બગડતા પરિવાર જનોએ તબીબને જાણ કરતા તબીબે કહ્યું કે આ નસીમબેનની તબીયત વધુ ખરાબ છે. તેમને બીજા દવાખાનામાં દાખલ કરવા પડશે. તેમ કહી તબીબ અને અન્ય એક વ્યક્તિ તાત્કાલિક ધોરણે ગંભીર હાલતમાં નસીમબેન ઈરફાન પટેલને આદર્શ હોસ્પિટલમાં લઈ ગયા જ્યાં હાજર તબીબે કહ્યું કે નસીમ બેનની હાલત ગંભીર છે. તેમને હાલ વેન્ટિલેટર પર રાખવા પડશે. જેને લઈને વેન્ટિલેટર પર રાખવા છતાં નસીમ બેન પટેલનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું. જેને લઈ પરિવારજનોએ સુકૃતિ હોસ્પિટલ ખાતે હોબાળો મચાવ્યો હતો અને પોલીસમાં ડો.વિહાન સુખડિયા સામે ગંભીર બેદરકારી રાખવા સંદર્ભે ફરિયાદ આપી હતી.

મુખ્યમંત્રીની સૌજન્ય મુલાકાતે ન્યૂ જર્સીના લેફટન્ટ ગવર્નર તાહેશા વેની

# ન્યૂ જર્સી અને ગુજરાત વચ્ચેના સિસ્ટર સ્ટેટ એગ્રીમેન્ટને વધુ સુદઢ બનાવાશે

## ગ્રીન હાઈડ્રોજન-રિન્યુએબલ એનર્જી સહિતના ક્ષેત્રોમાં રોકાણો તથા વિકાસની તકો મુદ્દે પરામર્શ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૧૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની શુભેચ્છા મુલાકાત ન્યૂ જર્સીના લેફ્ટનન્ટ ગવર્નર તાહેશા વેનીએ તેમના પ્રતિનિધિ મંડળ સાથે ગાંધીનગરમાં લીધી હતી. જેમાં

તેમણે ન્યૂ જર્સીમાં અંદાજે સવા ચાર લાખ જેટલા ભારતીયો-ગુજરાતી સમુદાયો વસવાટ કરે છે અને એન્વાયરમેન્ટ, ઈનોવેશન, ટ્રેડ-કોમર્સમાં ઉલ્લેખનીય યોગદાન આપે છે તેનાથી તેઓ પ્રભાવિત થયા હોવાનો આનંદ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં કહ્યું કે, ભારતીયો અને ગુજરાતી પરિવારો જ્યાં વસતા હોય તે પ્રદેશના વિકાસ માટે હંમેશા



સમર્પિત થઈને કાર્યરત રહે છે. આ મુલાકાત બેઠકની ચર્ચાઓમાં ન્યૂ જર્સીના લેફ્ટનન્ટ ગવર્નરે ન્યૂ જર્સી ગુજરાત વચ્ચે જે સિસ્ટર સ્ટેટ એગ્રીમેન્ટ થયા છે તેને આગળ ધપાવવા ઉત્સુકતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, આના પરિણામે બે સ્ટેટ વચ્ચેનો સંબંધ સુદ્રઢ અને સંગીન થશે. ન્યૂ જર્સીના આ ક્ષેત્રના લોકો ગુજરાત સાથે સંપર્ક સેતુ જાળવી શકે તે માટે ઈન્ડેક્ષ્ટ-બી નોડલ કોન્ટેક્ટ પોઈન્ટ તરીકે કાર્ય કરશે. મુખ્યમંત્રીએ ગુજરાતે ગ્રીન હાઈડ્રોજન, રિન્યુએબલ એનર્જી, ઓફ શૉર વિન્ડ એનર્જી, ફિનટેક અને ઈનોવેશનમાં જે અગ્રેસરતા હાંસલ કરી છે તેની વિગતો ન્યૂ જર્સીના લેફ્ટનન્ટ ગવર્નરને આપી હતી. ન્યૂ જર્સીના લેફ્ટનન્ટ ગવર્નરે ગુજરાત સાથે આ બધા સેક્ટર્સમાં સહયોગ અને રોકાણોની સંભાવનાઓ અંગે ચર્ચા પરામર્શ કર્યા હતા. મુખ્યમંત્રી અને ન્યૂ જર્સીના લેફ્ટનન્ટ ગવર્નર બંનેએ પીપલ ટુ પીપલ કનેક્ટને વધુ સંગીન બનાવવાની તત્પરતા દર્શાવતા એરીયા ઓફ મ્યુચ્યુઅલ ઈન્ટરેસ્ટ આઈડેન્ટીફાય કરવાની હિમાયત કરી હતી. મુખ્યમંત્રીએ લેફ્ટનન્ટ ગવર્નરને સ્ટેચ્યુ ઓફ યુનિટીની વિઝિટનો તેમની આગામી મુલાકાતમાં અવશ્ય સમાવેશ કરવાનું આમંત્રણ પણ પાઠવ્યું હતું.

# વિદ્યાર્થીઓ માટેની ગ્રાન્ટનો અધિવેશન પાછળ ધુમાડો કરાતા સંચાલકો નારાજ

## ● અધિવેશનમાં જતાં શિક્ષકો, કર્મચારીઓને મંડળે રજા ઉપરાંત ખર્ચ પણ આપવો પડે છે ● ગ્રાન્ટના એંધાણ ઉપરાંત અધિવેશનમાં જવાથી શિક્ષણ કાર્ય પણ બગડતું હોવાથી સંચાલકોમાં રોષ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૩

રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓને વિદ્યાર્થીઓની સુવિધા માટે મળતી ગ્રાન્ટનું શિક્ષકો-કર્મચારીઓના અધિવેશન પાછળ એંધાણ થઈ રહ્યું હોવાનું સામે આવ્યું છે. અધિવેશનમાં જતાં શિક્ષકો, આચાર્ય અને વહીવટી કર્મચારીને રજા ઉપરાંત આવવા જવાનો ખર્ચ પણ મંડળે આપવાનો હોય છે. જેથી ગ્રાન્ટનો તો વ્યય થાય જ છે, સાથો સાથે વિદ્યાર્થીઓનું શિક્ષણ પર બગડે છે. એક સંગઠનના બે અધિવેશન યોજાય છે. જેમાં એક જિલ્લા કક્ષાનું અધિવેશન અને બીજી રાજ્ય કક્ષાનું અધિવેશન હોય છે. જેથી બે વખત રજા અને ખર્ચ આપવો પડે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજયની સ્કૂલોના કર્મચારીઓના દરવર્ષે યોજાતા અધિવેશન પાછળ સ્કૂલની ગ્રાન્ટનો દુરઉપયોગ થતો હોવાનો ગંભીર આક્ષેપ સંચાલક મંડળ દ્વારા કરવામાં આવ્યો છે. ખરેખર સ્કૂલોને મળતી નિભાવ ગ્રાન્ટ વિદ્યાર્થીઓના હિતમાં ઉપયોગમાં લેવાની હોય છે, પરંતુ અધિવેશનમાં જતાં કર્મચારીઓને આ ગ્રાન્ટમાંથી ચુકવણી કરવામાં આવતી હોવાના પગલે સંચાલકો નારાજ છે. સંચાલક મંડળના મત અનુસાર, ગ્રાન્ટેડ શાળાઓમાં પગાર ગ્રાન્ટ અને નિભાવ ગ્રાન્ટ આપવામાં આવે છે. નિભાવ ગ્રાન્ટનો ખર્ચ કરવા યાદીમાં ૧થી ૪૬ હેડ દર્શાવવામાં આવ્યા છે. પ્રત્યેક હેડને જોતા સ્પષ્ટ થાય છે કે, શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ભૌતિક સુવિધાઓ વધારવા અથવા ચાલુ સુવિધામાં સુધારા કરવા માટે આ ખર્ચ કરવાનો હોય છે. સરકાર દ્વારા ગ્રાન્ટેડ શાળાઓમાં કામ કરતા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફના રાજ્યકક્ષાના યુનિયનોને શિક્ષણ વિભાગ દ્વારા માન્યતા આપવામાં આવેલી છે. જે અન્વયે રાજ્ય આચાર્ય સંઘ, રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ, રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ, રાજ્ય વહીવટી કર્મચારી સંઘ અને રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘનો સમાવેશ થાય છે. આ સંઘો દ્વારા દરવર્ષે જિલ્લા અધિવેશન અને રાજયકક્ષાનો અધિવેશન યોજવામાં આવે છે. જિલ્લા કક્ષાના સંગઠનો પોતાના જિલ્લામાં જિલ્લા મથક ઉપર અધિવેશન કરે ત્યાં સુધી ક્યાંય કોઈ તકલીફ ન હોય પણ જિલ્લા સંગઠનો પોતાના જિલ્લાથી ૫૦૦થી ૬૦૦ કિ.મી દૂર રિસોર્ટ કે પછી અન્ય સ્થળોએ બે દિવસના સેમિનાર કરે છે. જેમાં જવા આવવાના બીજા બે દિવસ ઉમેરવામા આવે તો કુલ ચાર દિવસ વિદ્યાર્થીઓનું શિક્ષણ કાર્ય બગડતું હોય છે.

આચાર્ય જિલ્લા રાજ્ય અધિવેશનમાં જાય એટલે તેમને જિલ્લા અધિવેશન માટે રૂા.૧૫૦૦થી ૨૦૦૦ હાજરી આપવામાં થાય અને રાજ્યકક્ષાના અધિવેશનમાં જાય ત્યારે રૂા.૩૩૦૦ આપવાના થાય. આમ, આચાર્યને બંને અધિવેશનના મળીને રૂા.૫૩૦૦ ચુકવવા પટે છે. ત્રણ શિક્ષક જિલ્લા દ્વારા આયોજિત અધિવેશનમાં જાય ત્યાં એક શિક્ષક દીઠ રૂા.૧૦૦૦ રૂપિયા ગણતા ૩ શિક્ષકના રૂા. ૩,૦૦૦ જિલ્લા અધિવેશન માટે ચૂકવવાના થાય, જ્યારે રાજ્ય અધિવેશન માટે પ્રત્યેકના રૂા.૧૫૦૦ મુજબ રૂા.૪૫૦૦ ચુકવવા પડે છે. આમ, શિક્ષક માટે બંને અધિવેશનના રૂા.૭૫૦૦ ચુકવવાના થાય છે. બિન શૈક્ષણિકના એક ક્લાર્ક અને સેવકને જિલ્લાના અધિવેશન માટે પ્રતિ વ્યકિત રૂા.૭૦૦ મુજબ રૂા.૧૪૦૦ અને રાજ્ય કક્ષાના અધિવેશન માટે રૂા.૧૫૦૦ મુજબ બેના રૂા.૩૦૦૦ આપવા પડે છે. જેથી બંને અધિવેશનના મળી રૂા.૪૪૦૦ ચુકવવા પડે છે. આ ઉપરાંત દરવર્ષે અધિવેશન પાછળની રકમમાં ૨૦થી ૨૫ ટકાનો ખર્ચ વધતો જાય છે. આ ત્રણ અધિવેશન માટે જ રૂા.૧૮ હજાર જેટલો ખર્ચ આપવો પડે છે.

# શિક્ષણ વિભાગની વર્ગ-૩ની મોકૂફ રહેલી ખાતાકીય પરીક્ષા ૨૧-૨૨ ડિસેમ્બરે યોજાશે

## અગાઉ ૩૦ નવેમ્બર અને ૧ ડિસેમ્બરે આ પરીક્ષા લેવાની હતી, પરંતુ મોકૂફ રખાઈ હતી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૩

શિક્ષણ વિભાગના વર્ગ-૩ની ખાતાકીય પરીક્ષા અંગે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા નવી તારીખ જાહેર કરવામાં આવી છે. જે મુજબ હવે ૨૧ અને ૨૨ ડિસેમ્બરના રોજ આ ખાતાકીય પરીક્ષા યોજવાનું આયોજન કરાયું છે. આ ખાતાકીય પરીક્ષા માટેની હોલટિકીટ શુક્રવારના રોજ રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઈટ પર અપલોડ કરી દેવામાં આવી છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામા અનુસાર આ પરીક્ષા ૩૦ નવેમ્બર અને ૧ ડિસેમ્બરના રોજ પરીક્ષા લેવામાં આવનાર હતી. પરંતુ જે તે વખતે મોકૂફ રાખવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ વિભાગના વર્ગ-૩ના મદદનીશ શિક્ષણ નિરીક્ષક, મદદનીશ શિક્ષક તથા કેળવણી નિરીક્ષક, બિન શૈક્ષણિક કર્મચારીઓની જૂનિયર ક્લાર્ક માટેની લોઅર લેવલ અને સિનિયર ક્લાર્ક માટેની હાયર લેવલની ખાતાકીય પરીક્ષા લેવા અંગેનો કાર્યક્રમ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું હતું. જેમાં ૩૦ નવેમ્બર અને ૧ ડિસેમ્બરના રોજ ખાતાકીય પરીક્ષા લેવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. પરીક્ષા માટેના આવેદનપત્રો રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઈટ પર ૧૭ ઓક્ટોબરથી ૨૮ ઓક્ટોબર દરમિયાન ઓનલાઈન ભરવા માટે સુચના અપાઈ હતી. જો કે, સરકારના ખાતાકીય પરીક્ષાના શિક્ષણ વિભાગના ઠરાવમાં ૧૧ નવેમ્બર, ૨૦૨૪ના રોજ સુધારો કરવામાં આવ્યો હતો. જેથી સુધારાના પગલે નવા કર્મચારીઓ માટે ફોર્મ ભરવવાની તારીખ લંબાવવામાં આવતા આ કર્મચારીઓને પણ તૈયારી માટે પુરતો સમય મળી રહે તે માટે પરીક્ષાની તારીખ ૩૦ નવેમ્બર અને ૧ ડિસેમ્બરમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. જેમાં ૩૦ નવેમ્બર અને ૧ ડિસેમ્બરના રોજ લેવાનારી પરીક્ષા મોકૂફ રાખવામાં આવી હતી અને હવે આ પરીક્ષા માટેની નવી તારીખો જાહેર કરવામાં આવી છે. જે મુજબ હવે ખાતાકીય પરીક્ષા ૨૧ અને ૨૨ ડિસેમ્બરના રોજ લેવામાં આવશે. પરીક્ષા માટેની હોલ ટિકીટ શુક્રવારના રોજ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા અપલોડ કરી દેવામાં આવી છે.

# ઠંડીનું જોર વધતા એએમસી સંચાલિત શાળાઓના સમયમાં ફેરફાર કરાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૩

ઠંડીનું જોર વધતા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શાળાઓના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અમદાવાદમાં કોર્પોશન દ્વારા કુલ ૪૫૧ શાળાઓનું સંચાલન કરવામાં આવે છે, જેમાં લગભગ ૧,૭૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ વર્ષે ઠંડીનું જોર વધુ રહેતા વાલીઓ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે, શાળાના સમયમાં ફેરફાર કરવામાં આવે. આ રજૂઆતને ધ્યાનમાં રાખીને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા સંચાલિત શાળાઓની સવારની પાળી અને બપોરની



પાળીના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે, જેમાં સવારનો સમય ૭:૫૫થી ૧૨:૩૦ અને બપોરનો સમય ૧૨:૩૫થી ૫:૧૦ સુધી રાખવામાં આવ્યો છે. શાળાના સમયમાં ફેરફાર કરવાથી વિદ્યાર્થીના અભ્યાસ પર અસર ન થાય તે પ્રકારે શાળાના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ વિવિધ ધોરણમાં વાર્ષિક સત્રના કલાકો નક્કી કરવામાં આવ્યા છે. કલાકોને ધ્યાનમાં રાખીને જ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા શાળાનો સમય નક્કી કરવામાં આવ્યો છે, જે આગામી ૧૫ જાન્યુઆરી સુધી માન્ય રહેશે.

# અમદાવાદ મુસ્લિમ બાવરચી જમાતની મેનેજિંગ કમિટીની ચૂંટણી યોજાઈ



અમદાવાદ,તા.૧૩

તા.૧૨/૧૨/૨૦૨૪ના રોજ અમદાવાદ મુસ્લિમ બાવરચી જમાતની મેનેજિંગ કમિટીના ઈલેકશનમાં પ્રેસિડેન્ટ અને ૧૬ મેમ્બર એમ કુલ ૧૭ હોદ્દા ઉપર મિલ્લત પેનલના તમામ ઉમેદવારોમાં પ્રેસિડેન્ટ તરીકે મુસ્તાકઅહેમદ બોમ્બેવાલા અને મેમ્બર તરીકે સોએબભાઈ રેડિમેડવાલા, ગુલામમૈયુદ્દીન શેખ એડવોકેટ, અપ્સરહુસેન શેખ એન્જિનિયર, યુનુસ (બાબા) ફુલવાલા, મોહંમદ યુનુસ બાલમ, ઈલ્યાસભાઈ હિટલર, અહેમદહુસેન શેખ, સાબીરભાઈ પાયેવાલા, ઈમરાનભાઈ શેખ, મોહંમદ સિદ્દીક શેખ, મોહંમદ સોહેલ શેખ એકાઉન્ટન્ટ, ગુલામમૈયુદ્દીન બેરાવાલા, ઉમરભાઈ ફેમસવાલાનો જંગી મતોથી વિજય થયેલ છે અને પીરૂભાઈ ફલક ચીકનવાલા, મહેમુદભાઈ માંડેવાલા તથા જાવેદભાઈ બેસ્ટવાલાનો બિન હરીફ વિજય થયેલ છે, એમ એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

# ડીસાના આખોલ હાઈવે પર અકસ્માત સર્જાયો : મહિલાનું મોત, ત્રણને ઈજા

ડીસા,તા.૧૩

ડીસા પંથકમાં અકસ્માતની સતત વણઝાર વચ્ચે વધુ એક અકસ્માતની ઘટના બનવા પામી છે. જેમાં ડીસાના બનાસ બ્રિજ નજીક એક ટ્રેલર અને લોડિંગ રિક્ષા વચ્ચે ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાતા એક મહીલાનું મોત નીપજ્યું છે જયારે ત્રણને ઈજાઓ થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. ડીસાના આખોલ હાઈવે પર આવેલ મહાકાળી મંદીર પાસે ટેન્કર અને છકડો રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાતા રિક્ષામાં બેઠેલ એક મહિલાનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નિપજતાં અરેરાટી પ્રસરી જવા પામી હતી. જ્યારે બે બાળકો સહિત એક વ્યક્તિને ગંભીર રીતે ઈજાઓ પહોંચી હતી. અકસ્માતના પગલે લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઊમટી પડ્યા હતા. જયારે અકસ્માતની જાણ થતાની સાથે નેશનલ હાઈવે ઓથોરિટીની ટીમ સહિત ૧૦૮ મોબાઈલની ટીમ ઘટનાસ્થળે દોડી આવી રાહતની કામગીરી હાથ ધરવામાં આવી હતી અને ઈજાગ્રસ્તોને ડીસા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતાં. જોકે બનાસકાંઠા જિલ્લાની સૌથી મોટી હોસ્પિટલનો દરજ્જો ધરાવતી ડીસા સિવિલ હોસ્પિટલમાં વધુ સારવારના અભાવે બાળકના પિતાને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવાની ફરજ પડી હતી. ઘટનાના પગલે ડીસા પોલીસ ઘટનાસ્થળે પહોંચી મરણ જનાર મહિલાની લાશને પોસ્ટમોર્ટમ અર્થે ડીસા સિવિલ હોસ્પિટલમાં ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

૪૫ વિજેતા પંચાયતોમાંથી ૪૨%માં મહિલા નેતૃત્વ

# પંચમહાલની વાવકુલ્લી-૨ ગ્રામપંચાયતે દેશની શ્રેષ્ઠ પંચાયતનો એવોર્ડ મેળવ્યો

## આ ઍવૉર્ડ સુવિધાઓ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી બદલ અપાયો

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૧૩

ગુજરાત સામાન્ય રીતે તેના શહેરી વિકાસ માળખાના કારણે દેશભમાં જાણીતું છે. જે ગુજરાતને મળતા વિવિધ સન્માનથી સાબિત થઈ રહેલ છે. ગુજરાતમાં શહેરોની સાથે ગ્રામીણ વિસ્તારોમાં પંચાયત સ્તરે પણ વહીવટી વ્યવસ્થા સુધરી રહી છે. ત્યારે હવે ગુજરાતના આદિવાસી જિલ્લા પંચમહાલની વાવકુલ્લી-૨ ગ્રામ પંચાયતને દેશની શ્રેષ્ઠ ગ્રામ પંચાયતનો એવોર્ડ મળ્યો છે. આ ઍવૉર્ડ વર્ષ ૨૦૨૨-૨૩માં નાગરિક કેન્દ્રિત સુવિધાઓ બાબતે કરવામાં આવેલી ઉત્કૃષ્ટ કામગીરી બદલ આપવામાં આવ્યો છે.

ડૉ. ગૌરવ દહિયા, એડિશનલ ડેવલપમેન્ટ કમિશ્નરે આ વિશેષ સિદ્ધિ અંગે વધુ માહિતી આપતાં જણાવ્યું હતું કે, ‘ગુજરાત ગ્રામીણ વિકાસ અને ગ્રામ પંચાયતોને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં ખૂબ જ પ્રશંસનીય કાર્ય કરી રહ્યું છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી રાજ્ય સરકાર ગ્રામ પંચાયતોમાં વહીવટી પ્રક્રિયાઓમાં ઈ-ગવર્નન્સનું અનુપાલન વધારવા અને ગ્રામીણ વિસ્તારોમાં પણ ઈઝ ઑફ લિવિંગને પ્રોત્સાહન આપવા જેવી બાબતોને પ્રાથમિકતા આપી રહી છે. આ માટે રાજ્ય સરકાર, ખાસ કરીને ગ્રામ પંચાયતોમાં નાગરિક કેન્દ્રિત સેવાઓ પર વધુ ધ્યાન આપી રહી છે, જેના પરિણામે પંચમહાલ જિલ્લાની વાવકુલ્લી ૨ ગ્રામ પંચાયત આજે દેશની સૌથી ‘સુશાસન યુક્ત ગ્રામ પંચાયત’ બની ગઈ છે. રાષ્ટ્રીય પંચાયત ઍવૉર્ડ્સ ૨૦૨૪માં ૪૫ ઍવૉર્ડ વિજેતા પંચાયતોને કુલ ૪૬ કરોડની ઈનામી રકમ ફાળવવામાં આવી હતી, જે સીધી તેમના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. તેમાંથી દીન દયાલ ઉપાધ્યાય પંચાયત સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ઍવૉર્ડના ૨૭ વિજેતાઓ માટે સૌથી વધુ રૂા.૨૦.૨૫ કરોડની રકમ નિર્ધારિત કરવામાં આવી હતી. ૨૭ વિજેતા પંચાયતોને સંયુક્ત રીતે પ્રાપ્ત થયેલી આ રકમમાંથી ગુજરાતનો હિસ્સો પણ ડિજિટલ માધ્યમથી ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યો છે. પંચાયતોને ૯ વિષયક્ષેત્રમાં તેમની કામગીરીના આધારે રેન્કિંગ અને સન્માન પ્રાપ્ત થયા હતા. તેમાં ગરીબી મુક્ત અને ઉન્નત આજીવિકા યુક્ત પંચાયત, સ્વસ્થ પંચાયત, બાળ મૈત્રીપૂર્ણ પંચાયત, જળ પર્યાપ્ત પંચાયત, સ્વચ્છ તેમજ હરિત પંચાયત, આત્મનિર્ભર માળખાકીય સુવિધાઓ યુક્ત પંચાયત, સામાજિક રીતે ન્યાય સંગત અને સામાજિક રીતે સુરક્ષિત પંચાયત, સુશાસન યુક્ત પંચાયત અને મહિલા-મૈત્રીપૂર્ણ પંચાયત, આ ૯ વિષયનો સમાવેશ થાય છે

# ગાઝામાં ૨૦૦ માછીમારો મૃત્યુ પામ્યા માછીમારી ક્ષેત્રને ૨ કરોડ ડોલરનું નુકસાન થયું

(એજન્સી) તા.૧૩

પેલેસ્ટીની કૃષિ મંત્રાલયે ગઈકાલે એક નિવેદનમાં જણાવ્યું કે, ગાઝામાં તેમના ચાલુ સામૂહિક વિનાશ અભિયાન દરમિયાન ઈઝરાયેલી કબજાવાળા દળોએ ૨૦૦ માછીમારોને મારી નાખ્યા છે.

મંત્રાલયે અહેવાલ આપ્યો છે કે ગાઝા પર ઈઝરાયેલી યુદ્ધના પરિણામે આશરે ૪,૬૦૦ ટન માછલી ઉત્પાદનનું નુકસાન થયું છે, જેની કિંમત ૨૦,૧૨૯,૦૦૦ ડોલર છે. વધુમાં યુદ્ધના કારણે અંદાજે ૪,૦૦૦ માછીમારો બેરોજગાર બન્યા છે.

મંગળવારે ઈઝરાયેલી દળોએ છ માછીમારોની ધરપકડ કરી હતી અને ગઈકાલે એક માછીમાર ગંભીર રીતે ઘાયલ થયો હતો. તેમની નૌકાઓ પર ઈઝરાયેલના હુમલાના ડરથી, પેલેસ્ટીનીને કિનારેથી માછલી પકડવાની ફરજ પાડવામાં આવી છે, જ્યાં તેઓ માત્ર નાની માછલીઓ પકડે છે જે તેમના પરિવારોને નિર્વાહ પૂરો પાડવા માટે પૂરતી મોટી નથી. આ ઉપરાંત, ગાઝાની આસપાસના જળમાર્ગો પ્રદૂષિત થઈ ગયા છે અને પકડાયેલી માછલી સાથે ઘણો કચરો હવે કિનારે લાવવામાં આવે છે.



હત્યાકાંડ પહેલા ગાઝામાં પેલેસ્ટીની ફિશરમેન એસોસિએશનનો અંદાજ છે કે ગાઝાના માછીમારી ક્ષેત્રમાં લગભગ ૪,૦૦૦ માછીમારો કામ કરતા હતા, જે લગભગ ૫૦,૦૦૦ આશ્રિતોની સંભાળ રાખતા હતા. ઈઝરાયેલ દ્વારા દરિયામાં માછીમારોને હેરાન કરવાને કારણે માનવ અધિકાર સંગઠનોએ આ વ્યવસાયને ખતરનાક ગણાવ્યો છે.

યુનિયન ઓફ એગ્રીકલ્ચર વર્ક કમિટી (UAWC)એ અહેવાલ આપ્યો છે કે ૨૦૨૦માં એકલા ઈઝરાયેલી કબજાવાળા દળોએ ઓછામાં ઓછા ૩૨૦ પ્રસંગોએ ગાઝા પટ્ટીના દરિયાકાંઠે પેલેસ્ટીની માછીમારો પર હુમલો કર્યો, જે પાછલા વર્ષ કરતાં ૬૩ વધુ હુમલાઓ છે. ઈઝરાયેલે તે વર્ષે ઓગસ્ટમાં ૧૬ દિવસ માટે માછીમારી વિસ્તારને સંપૂર્ણપણે બંધ કરી દીધો હતો.

# ઈઝરાયેલે ગાઝામાં ૩૬ પેલેસ્ટીનીઓને મારી નાખ્યા, અસ્થિર સહાય માર્ગને નિશાન બનાવ્યા

(એજન્સી) તા.૧૩

ઈઝરાયેલે ગુરૂવારે ગાઝામાં બે હવાઈ હુમલામાં ૧૩ પેલેસ્ટીનીઓને મારી નાખ્યા. ગાઝાના ડોકટરો અને હમાસે જણાવ્યું કે તેઓ માનવતાવાદી સહાય ટ્રકોનું રક્ષણ કરતી દળનો ભાગ છે. રોઈટર્સે અહેવાલ આપ્યો છે કે ઈઝરાયેલની સૈન્યએ જણાવ્યું કે તેઓ હમાસના લડાકુઓ હતા જે શિપમેન્ટને હાઈજેક કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. સમુહની નજીકના સૂત્રોના જણાવ્યા અનુસાર દક્ષિણ ગાઝામાં રાફાહ અને ખાન યુનુસ પરના હુમલામાં મૃત્યુ પામેલા ઘણા લોકો હમાસ સાથે જોડાયેલા હતા. ડોકટરોએ જણાવ્યું કે ગુરૂવારે અલગ-અલગ ઈઝરાયેલ હુમલામાં મૃત્યુ પામેલા ૩૬ પેલેસ્ટીનીઓમાં ૧૩ લોકોનો સમાવેશ થાય છે. ઈઝરાયેલી સૈન્યએ એક નિવેદનમાં જણાવ્યું કે બંને હવાઈ હુમલાનો હેતુ માનવતાવાદી સહાયની સુરક્ષિત ડિલિવરી સુનિશ્ચિત કરવાનો હતો અને હમાસના સભ્યો પર ગાઝાના જરૂરિયાતમંદ નાગરિકો સુધી સહાય પહોંચતી અટકાવવાની યોજના બનાવવાનો આરોપ મૂક્યો હતો. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે હમાસના સભ્યો 'આતંકવાદી પ્રવૃત્તિ ચાલુ રાખવા માટે' સહાય જપ્ત કરવાનો હેતુ ધરાવે છે. સશસ્ત્ર ટોળકીએ એન્ક્લેવમાં પ્રવેશતાની સાથે સહાયક ટ્રકોને વારંવાર હાઈજેક કરી છે, અને હમાસે તેમની સાથે વ્યવહાર કરવા માટે એક ટાસ્ક ફોર્સની રચના કરી છે. હમાસના સૂત્રો અને ડોકટરોએ જણાવ્યું કે હમાસની આગેવાની હેઠળના દળોએ તાજેતરના મહિનાઓમાં ગેંગના બે ડઝનથી વધુ સભ્યોને મારી નાખ્યા છે. પેલેસ્ટીની ન્યૂઝ એજન્સી, ડબલ્યુએએફએ જણાવ્યું કે બંને હવાઈ હુમલામાં મૃત્યુ પામેલા લોકો સહાય ટ્રકની રક્ષા કરી રહ્યા હતા. હમાસે જણાવ્યું કે ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ યુદ્ધ શરૂ થયું ત્યારથી ગાઝામાં સહાયક ટ્રકોની રક્ષા કરતા ઓછામાં ઓછા ૭૦૦ પોલીસકર્મીઓ ઈઝરાયેલી લશ્કરી હુમલામાં મૃત્યુ પામ્યા છે. તેણે ઈઝરાયેલ પર લૂંટફાટ ઉશ્કેરવાનો અને 'ગાઝાના લોકો સુધી સહાયને પહોંચતી અટકાવવા માટે અરાજકતા અને અવ્યવસ્થા ફેલાવવાનો' આરોપ મૂક્યો. બાદમાં ગુરૂવારે, ઈઝરાયેલી સેનાએ આ વિસ્તારોમાંથી નવા રોકેટ પ્રક્ષેપણની સંભાવનાને કારણે ગાઝા સિટીના મધ્યમાં સ્થિત કેટલાક જિલ્લાઓના રહેવાસીઓને ખાલી કરવાનો આદેશ આપ્યો હતો. X પર પોસ્ટ કરાયેલા સૈન્ય નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, 'આ હુમલા પહેલાની ચેતવણી છે.' ચેતવણી કેટલાક રહેવાસીઓને તેમના મોબાઈલ ફોન પર ઓડિયો અને લેખિત ટેક્સ્ટ દ્વારા પણ પહોંચાડવામાં આવી હતી.



# વિદ્રોહી નેતાઓ સાથે વાટાઘાટો કરવા દમાસ્કસ પહોંચ્યા તુર્કી અને કતાર દેશના સિનિયર અધિકારીઓ : વચગાળાની સરકારે જાહેર કર્યું

**અલગ અલગ બંડખોર જૂથો વચ્ચે આંતરિક રાજકીય સંવાદ અને એકતા સિદ્ધ કરવાના ઈરાદા સાથે ચર્ચા વિચારણા થવાની શક્યતા અને એ મુદ્દા પર જ વાટાઘાટો કેન્દ્રિત રહેશે**

(એજન્સી) દમાસ્કસ, તા.૧૩

સીરિયાના પ્રમુખ બસર અલ અસદની સરકારને ઉથલાવી નાખીને દેશ પર કબજો મેળવી ચૂકેલા બંડખોર વિદ્રોહી જૂથના નેતાઓ સાથે વાટાઘાટો કરવા માટે તુર્કી અને કતારના સિનિયર અધિકારીઓ દમાસ્કસ પહોંચી ચૂક્યા છે. તેમ સીરિયાની વચગાળાની સરકારના માહિતી મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવ્યું છે. તુર્કીના ડેલીગેશનની આગેવાની વિદેશમંત્રી હાકાન ફિદાને લીધી છે. જ્યારે કતારી ડેલીગેશનની આગેવાની દેશના સિક્યુરિટી સર્વિસના વડા ખલફાન બિન અલી બિનખલફાન અલબેત્તીએ લીધી છે. તેઓ વિદ્રોહી જૂથના અને વચગાળાની સરકારના વડા તથા વડાપ્રધાન મોહમ્મદ અલ બશર સાથે વાટાઘાટો કરી રહ્યા છે. જેમાં અલગ અલગ બંડખોર જૂથો વચ્ચે રાજકીય સંવાદ સ્થાપિત કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે અને



એ મુદ્દા પર ચર્ચા થઈ રહી છે. બંને દેશોએ સત્તાવાર રીતે આ ચર્ચા અંગે જાહેરાત કરી નથી પણ સૂત્રો કહે છે કે તુર્કી દમાસ્કસ ખાતે બંધ કરેલી પોતાની એલચી કચેરી ફરી ખોલવા માંગે છે અને એ મુજબ પરિસ્થિતિ થાય એટલે તરત જ આવશે. અત્યારે વિદ્રોહી સરકારે સીરિયાના બંધારણ અને સંસદને ત્રણ મહિના માટે સ્થગિત કરી દીધા છે તેમ વિદ્રોહી જૂથના સમાચાર વિભાગ દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું.

# સંયુક્ત રાષ્ટ્ર અધિકારી : ગાઝામાં નરસંહાર આંતરરાષ્ટ્રીય ઉદાસીનતા વચ્ચે થઈ રહ્યો છે

(એજન્સી) તા.૧૩

સંયુક્ત રાષ્ટ્રના વિશેષ દૂત ફ્રાન્સેસ્કા અલ્બાનીસે ગઈ કાલે જણાવ્યું કે ગાઝા પટ્ટીમાં નરસંહાર આંતરરાષ્ટ્રીય ઉદાસીનતા વચ્ચે થઈ રહ્યો છે. અલ્બેનીઝે જણાવ્યું કે ગાઝાના રહેવાસીઓ માટે વધુ એક કઠોર શિયાળો આવી રહ્યો છે, જેમાંથી ઘણા ઈઝરાયેલ દ્વારા તેમના ઘરોના વિનાશને કારણે બેઘર થઈ ગયા છે. તેમણે હાઈલાઈટ કર્યું કે સ્ટ્રીપના વિવિધ



વિસ્તારોને નિશાન બનાવતા ઈઝરાયેલના હવાઈ હુમલાના પરિણામે ૪૪,૦૦૦થી વધુ પેલેસ્ટીની, જેમાં મોટાભાગે બાળકો અને મહિલાઓ મૃત્યુ પામ્યા છે. અલ્બેનીઝે ભારપૂર્વક જણાવ્યું કે ઈઝરાયેલે ગાઝામાં નરસંહાર બંધ કરવો જ જોઈએ અને સપ્ટેમ્બરમાં અપનાવવામાં આવેલા યુએનના ઠરાવ અને ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસના સલાહકાર અભિપ્રાય અનુસાર આવતા વર્ષે સપ્ટેમ્બર સુધીમાં વેસ્ટ બેંકમાં તેનો કબજો ખતમ કરવો જોઈએ.


ગુજરાત રાજ્ય
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ





## રેશનકાર્ડના e-KYC બાબતે પ્રજાજોગ મહત્ત્વની જાણકારી

૧. રાજ્યના તમામ રેશનકાર્ડ ધારકોને વિનંતી કે, જે લાભાર્થીઓનું e-KYC બાકી છે, તેઓને તા. ૩૧ ડિસેમ્બર – ૨૦૨૪ બાદ પણ મળવાપાત્ર અનાજ યથાવત્ મળશે. તેમાં કોઈ ઘટાડો નહીં થાય કે બંધ નહીં થાય.

૨. આ જ રીતે સરકારશ્રીની અન્ય યોજનાઓનો લાભ પણ તા. ૩૧ ડિસેમ્બર–૨૦૨૪ બાદ મળતો રહેશે.

૩. આથી, e-KYC માટે બાકી રહેતા તમામ રેશનકાર્ડ ધારકોને અફવાઓથી ગેરમાર્ગે ન દોરાવા તથા બિનજરૂરી ગભરાટથી દૂર રહેવા વિનંતી છે.

૪. રેશનકાર્ડમાં e-KYC માટે સરકારી કચેરીમાં જવાના બદલે આપ ઘરે બેઠાં "MY RATION" મોબાઇલ એપ્લિકેશનથી સરળતાથી e-KYC કરી શકો છો.

૫. રેશનકાર્ડમાં e-KYC માટે આપના તથા કુટુંબના તમામ સભ્યોના આધાર કાર્ડમાં સરનામા, મોબાઈલ નંબર જેવી વિગતો અદ્યતન હોવી જરૂરી છે.

### આધાર કાર્ડમાં સુધારા માટેની જાણકારી.

૧. આધાર કાર્ડમાં સરનામામાં સુધારો ઘરે બેઠાં થઈ શકે છે.

૨. આ માટે UIDAIની વેબસાઈટ www.uidai.gov.in પર "My Aadhaar" વિકલ્પ પસંદ કરો.

૩. આધાર કાર્ડમાં ફેરફાર કરવાપાત્ર વિગતો પસંદ કરીને જરૂરી દસ્તાવેજ અપલોડ કરો.

૪. આધાર કાર્ડમાં મોબાઈલ નંબરના સુધારા માટે આપ નજીકની પોસ્ટ ઓફિસ, બેંક, ઈ–ગ્રામ કેન્દ્ર, ઝોનલ કચેરી અથવા જનસેવા કેન્દ્ર પર જઈને સુધારો કરી શકો છો.

૫. આપની નજીકના આધાર કેન્દ્રની જાણકારી https://bhuvanapp3.nrsc.gov.in/aadhaar/ પોર્ટલ પરથી મેળવી શકો છો.

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

**શ્રી કુંવરજીભાઈ બાવળીયા**

- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે


# ગાઝા પર ઈઝરાયેલના ભયાનક બોમ્બમારામાં બાળકો સહિત ૫૦થી વધુ પેલેસ્ટીની નાગરિકોનાં મોત

**જેરૂસલેમમાં અમેરિકાના પ્રમુખ જો બાઈડેનના રાષ્ટ્રીય સલાહકાર જેક સુલીવાને કહ્યું હતું કે લેબેનોનમાં યુદ્ધવિરામ થયા પછી હવે ગાઝામાં પણ યુદ્ધનો અંત લાવવાની શક્યતા ઊભી થઈ છે અને માર્ગ મોકળો થયો છે એમના આ નિવેદનના થોડા કલાકોમાં જ ઈઝરાયેલ દ્વારા ભયાનક બોમ્બમારો કરવામાં આવ્યો અને નુસરત રેફયુજી કેમ્પને બોમ્બમારાથી ફૂંકી મારવામાં આવતા થઈ મોટી જાનહાનિ**

(એજન્સી) તા.૧૩

મધ્ય ગાઝા પર ઈઝરાયેલના ગઈકાલ રાતના ભયાનક હુમલા અને નુસરત રેફ્યુજી કેમ્પને તબાહ કરી દેતા બોમ્બમારાને પરિણામે માસુમ બાળકો સહિત ૫૦થી વધુ પેલેસ્ટીની નાગરિકોના મૃત્યુ થયા હોવાનું જાહેર થયું છે. મરનારમાં માત્ર બે વર્ષની બાળકી સાબરીનનો પણ સમાવેશ થાય છે. સેન્ટ્રલ ગાઝા વિસ્તારમાં ઈઝરાયેલના પ્રચંડ હવાઈ આક્રમણને કારણે એક બહુમાળી બિલ્ડીંગ પડીને ફાયર થઈ ગઈ હતી જેમાં ૨૫ લોકોના કાટમાળ હેઠળ દબાઈ જતાં મોત થયા હતા અને અન્ય ડઝનબંધ ઘાયલ થયા હતા તેમ પેલેસ્ટીની તબીબી અધિકારીઓએ જણાવ્યું હતું. પછી બીજા સ્થળે થયેલા રેફ્યુજી કેમ્પ ઉપરના હુમલામાં પણ ૨૮ જેટલા નિર્દોષ નાગરિકોના મોત થયા હતા. અમેરિકાના પ્રમુખ જો બાઈડેનના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલીવાને જેરૂસલેમ ખાતેની મુલાકાત દરમિયાન એવું કહ્યું હતું કે લેબેનોનમાં થયેલા યુદ્ધવિરામથી ગાઝામાં પણ યુદ્ધવિરામ થવાની આશા અને માર્ગ મોકળો થતો દેખાય છે. અમેરિકા અધિકારીના આ નિવેદનની થોડી કલાકો પછી જ બે સ્થળે ઈઝરાયેલ દ્વારા ભયાનક હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા જેમાં એક રેફ્યુજી કેમ્પને પણ નિશાન બનાવીને તેનો નાશ કરી નાખવામાં આવ્યો હતો. રેફ્યુજી કેમ્પ ઉપરના હુમલા અંગે ઈઝરાયેલના



આદમીએ પણ કોઈ નિવેદન કર્યું નહોતું અને માત્ર એટલું કહ્યું હતું કે અમે લડાકુ સંગઠન હમાસનો ખાત્મો કરવા માટે હુમલા કરી રહ્યા છીએ અને હમાસના લડાકુઓ નાગરિકોની વચ્ચે છુપાઈ જાય છે. ઈઝરાયેલ દ્વારા ગાઝા પટ્ટી પર હવાઈ હુમલા અને જમીનની આક્રમણ સાથેનું ભયાનક અને સૌથી યુદ્ધ શરૂ કરવામાં આવ્યા બાદ અત્યાર સુધીમાં ૪૪૮૦૦ નાગરિકો માર્યા ગયા છે જેમાં અડધાથી વધુ મહિલાઓ અને બાળકો છે.

# ઉત્તર ગાઝામાં છેલ્લા બાકી બચેલા ઓર્થોપેડિક ડૉક્ટરની ઈઝરાયેલ ક્વોડકોપ્ટર દ્વારા હત્યા

(એજન્સી) તા.૧૩

ઉત્તરી ગાઝામાં છેલ્લા બાકી રહેલા ઓર્થોપેડિક ડૉક્ટર આજે ઈઝરાયલી ડ્રોન દ્વારા સીધા હુમલામાં મૃત્યુ પામ્યા છે. ૭૦ દિવસ પહેલા ઘેરાયેલા ઉત્તરીય પ્રદેશમાં તબીબી પ્રણાલી અને કર્મચારીઓને નિશાન બનાવવાના તેના તાજેતરના પ્રયાસમાં એક ઈઝરાયેલી ક્વોડકોપ્ટરે ઉત્તર ગાઝાના એકમાત્ર ઓર્થોપેડિક ડૉક્ટર ડૉ. સૈદ જોડાહની હત્યા કરી હતી. ઉત્તરી ગાઝામાં અલ-અવદા હોસ્પિટલે જૌદાના શહીદની જાણ કરી, જ્યારે તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવી રહી હતી ત્યારે તેને માથામાં ગોળી વાગી હતી. આરોગ્ય મંત્રાલયે જૌડાના શહીદની જાહેરાત કરી હતી



જ્યારે તેઓ કેટલાક કેસોની સારવાર માટે કમલ અદવાન હોસ્પિટલથી અલ-અવદા હોસ્પિટલ જતા હતા ત્યારે તેમના પર ઈઝરાયેલના "ક્વાડકોપ્ટર" પ્રકારના ડ્રોન દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, તેમના પર સીધી ગોળીઓ છોડવામાં આવી હતી. આરોગ્ય મંત્રાલયે એક અખબારી યાદીમાં જાહેરાત કરી કે જૌદાહ બે અઠવાડિયા પહેલા ઘાયલ થયા હતા, પરંતુ તેમ છતાં તેણે ઉત્તરી ગાઝામાં સેવાઓ પ્રદાન કરવાનું ચાલુ રાખ્યું અને દર્દીઓ અને ઘાયલ વ્યક્તિઓની સારવાર કરી. તે અહેવાલ આપે છે કે, જૌદાની શહાદત સાથે, એન્કલેવ સામે ઈઝરાયેલના નરસંહારની શરૂઆતથી આરોગ્ય ક્ષેત્રમાં શહીદોની સંખ્યા વધીને ૧,૦૫૭ થઈ ગઈ છે. આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે ૭ ઓક્ટોબર ૨૦૨૩ સુધીમાં ગાઝામાં ચાલી રહેલા નરસંહારમાં શહીદોની સંખ્યા ૪૪,૮૩૫ અને ઘાયલોની સંખ્યા ૧૦૬,૩૫૬ પર પહોંચી ગઈ છે, જેમની ઈજાઓ અલગ-અલગ સ્તરની છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# જો સંસદના અધ્યક્ષ જ પક્ષપાતી બની જશે તો લોકશાહીને કોણ બચાવશે ?

આમ તો જ્યારે પણ સંસદનું સત્ર શરૂ થાય છે, ત્યારે સર્વપક્ષીય બેઠક બોલાવવામાં આવે છે અને પરસ્પર સંમતિ અને સહકારથી કાર્યવાહી હાથ ધરવા માટે ઠરાવ કરવામાં આવે છે. પરંતુ, છેલ્લા કેટલાય મહિનાઓથી સંસદનું કામકાજ ધાંધલ ધમાલથી ઠપ થઈ રહ્યું છે. વિપક્ષ કોઈ મુદ્દા પર ચર્ચાની માંગ કરે છે ત્યારે અધ્યક્ષની મંજૂરી ન મળતાં હોબાળો થાય છે. બિલ પર કોઈપણ અર્થપૂર્ણ અને જરૂરી ચર્ચા વિના સમગ્ર સત્ર સમાપ્ત થઈ જાય છે.

સંસદના વર્તમાન સત્રમાં પણ પહેલા દિવસથી જ હોબાળો ચાલી રહ્યો છે. વિપક્ષ અદાણી કેસ પર ચર્ચા કરવા માંગે છે, પરંતુ તેને બંને ગૃહોમાં મંજૂરી મળી રહી નથી. હવે સ્થિતિ એવા તબક્કે પહોંચી ગઈ છે કે વિપક્ષે રાજ્યસભાના અધ્યક્ષ એટલે કે ઉપરાષ્ટ્રપતિ વિરૂદ્ધ અવિશ્વાસનો પ્રસ્તાવ લાવવો પડ્યો છે. વિરોધપક્ષોનું કહેવું છે કે ઉપલાગૃહમાં અધ્યક્ષ વિપક્ષને બોલવાની તક આપતા નથી, તેઓ તેમની ઈચ્છા મુજબ ચર્ચાઓ રેકોર્ડ પર લે છે અથવા તો લેતા નથી. આમાં તેઓ પોતાની જોહુકમી ચલાવે છે અને શાસક પક્ષના લોકોને બોલવાની વધુ તક આપે છે જેવો આક્ષેપો પણ તેમણે કર્યા છે. સિત્તેર વર્ષના સંસદીય ઈતિહાસમાં આ પહેલીવાર છે જ્યારે રાજ્યસભાના અધ્યક્ષ વિરૂદ્ધ આ રીતે અવિશ્વાસ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હોય અને તેમને હટાવવાની માંગ કરવામાં આવી હોય.

એવું નથી કે અગાઉ વિપક્ષના નેતાઓ કોઈપણ ગૃહના અધ્યક્ષથી અસંતુષ્ટ ન હતા. અગાઉ પણ આ રીતે અધ્યક્ષ પર પક્ષપાતના આરોપો લાગ્યા છે. જો કે પછી કટાક્ષ, કઠોર નિવેદનો અને ચર્ચાઓ પછી મામલો ઉકેલાઈ જતો હતો. ગૃહની ગરિમા જળવાઈ રહેતી હતી. પરંતુ છેલ્લા કેટલાક સમયથી કદાચ કોઈ આ સ્થિતિને સમજવા માંગતું નથી.

હાલના મોનસૂન સત્રમાં ઘણા વિરોધ પક્ષના નેતાઓએ લોકસભા અધ્યક્ષને સંસદીય શિષ્ટાચાર અને તેમના પદની ગરિમાનો પાઠ ભણાવ્યો હતો. બહુ કટાક્ષ કર્યા, પણ કોઈ ફરક ન પડ્યો. વિપક્ષનો આરોપ છે કે સરકાર પોતે જ હંગામો કરીને ગૃહની કામગીરીમાં અવરોધ લાવી રહી છે. તે જ નથી ઈચ્છતી કે સંસદમાં કોઈ મુદ્દા પર ચર્ચા થાય.

વાસ્તવમાં, સંસદની કાર્યવાહી સુચારૂ રીતે ચલાવવાની જવાબદારી શાસક પક્ષની છે. જો કોઈક પરિસ્થિતિઓમાં વિપક્ષનું વલણ વધુ આક્રમક બને છે અને ગૃહની કાર્યવાહી ખોરવાઈ જાય છે, તો સંસદીય બાબતોના પ્રધાન સમાધાન દ્વારા મડાગાંઠને ઉકેલવાનો પ્રયાસ કરે છે. પરંતુ બંને ગૃહની કામગીરી લાંબા સમયથી ખોરવાઈ ગઈ છે છતાં સરકાર તરફથી આવા કોઈ પ્રયાસો દેખાતા નથી.

એવી અપેક્ષા રાખવામાં આવે છે કે સંસદમાં મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થવી જોઈએ અને સર્વસંમતિથી નિર્ણય લેવામાં આવે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી, સંસદમાં શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે વધુ ખેંચતાણ ચાલી રહી છે; ગત સરકાર દરમિયાન પણ બંને ગૃહોના ૧૫૦થી વધુ વિપક્ષી સભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

આવી પરિસ્થિતિઓમાં, ગૃહના અધ્યક્ષની ભૂમિકા નિર્ણાયક બની જાય છે, તેઓ કોઈપણ પક્ષપાત રાખ્યા વિના રાષ્ટ્રીય હિતના મુદ્દાઓ પર ચર્ચા કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે અને સરકાર તેના આધારે યોગ્ય પગલાં લે છે. પરંતુ લોકસભામાં કે રાજ્યસભામાં આવી લોકશાહી પરંપરા દેખાતી નથી. આખરે, આ મડાગાંઠને ઉકેલવાની જવાબદારી કોણ લેશે કે જેથી સંસદમાં કામકાજ સારી રીતે ચાલશે તેની ખાતરી કરી શકાય પણ જો હવે સંસદના બંને ગૃહના અધ્યક્ષો જ પક્ષપાતી થઈ જશે તો પછી દેશની લોકશાહીનું તો આવી જ બનશે... રાજ્યની વિધાનસભાઓમાં તો આ મુદ્દે પહેલાંથી જ સ્થિતિ ખરાબ છે.

# હિન્દુત્વ ન્યાયશાસ્ત્ર અને ચીફ જસ્ટિસ ખન્ના સામે અનેક પડકાર

અલ્હાબાદ હાઈકોર્ટના બે વર્તમાન ન્યાયાધીશોએ વિશ્વ હિંદુ પરિષદના પ્લેટફોર્મ પર હાજરી આપી હતી તે ચોક્કસપણે કોઈ સંયોગ ન હોઈ શકે. જસ્ટિસ દિનેશ પાઠકે VHPના આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું, અને તેમના સાથીદાર હાઈકોર્ટના માનનીય ન્યાયાધીશ જસ્ટિસ શેખરકુમાર યાદવે સૌથી વધુ સ્પષ્ટ અને સૌથી ચોક્કસ ઘોષણા કરી કે: "મને એમ કહેવામાં કોઈ સંકોચ નથી કે આ ભારત છે, અને તે તેની બહુમતીની ઈચ્છા પ્રમાણે ચાલશે."

જસ્ટિસ શેખરકુમાર યાદવે "અમે" (હિંદુઓ) અને "તમે" (મુસ્લિમો) વિશે વાત કરી હતી. તેમણે લઘુમતી સમુદાયના સભ્યો માટે અપમાનજનક અભિવ્યક્તિ "કઠમુલ્લા" શબ્દનો પણ ઉપયોગ કર્યો હતો. જો અન્ય કોઈ નાગરિક અથવા રાજકારણીએ આવા સમાન ઉચ્ચારણ કર્યા હોત, તો તેને ધિક્કારવાળું ભાષણ આપવા માટે દોષિત ગણવામાં આવ્યા હોત.

બંધારણીય માન્યતાઓ અને ભાવનાઓમાં વિશ્વાસ રાખતા અમુક લોકોને એવી આશા હતી કે સુપ્રીમ કોર્ટ જસ્ટિસ યાદવના આવા અયોગ્ય અવલોકનો કરવા પર સુઓમોટુ સંજ્ઞાન લેશે. કદાચ સર્વોચ્ચ અદાલતના નેતૃત્વએ ગણતરી કરી હતી કે જસ્ટિસ યાદવ જે હિંદુત્વ ન્યાયશાસ્ત્રનો આધાર આપી રહ્યા હતા તે મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાની આગેવાની હેઠળની સ્પેશિયલ બેંચ માટે ૧૯૯૧ના પૂજા સ્થાનો અધિનિયમને પડકાર આપવાની અરજી માટે એક છટકું ગોઠવવાનો હતો, જેની સુનાવણી ૧૨ ડિસેમ્બરે શરૂ થવાની છે.

સર્વોચ્ચ અદાલતે આ કેસની સૂચિમાં અસાધારણ તાકીદ દર્શાવી હતી. અચાનક જ ન્યાયતંત્રને એક લાલ લાઈન ફરીથી દોરવાનું કહેવામાં આવી રહ્યું છે જે રાજકારણીઓએ ત્રણ દાયકા કરતાં વધુ સમય પહેલાં કર્યું હતું. ૧૯૯૧નો આ કાયદો સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો, અને તે કાયદાનો એક ભાગ હતો.

૧૯૯૧નો આ કાયદો એ ભારતના બંધારણના માળખામાં રાજકીય આવાસ અને સામાજિક સમજૂતીનો કાયદો હતો. લોકશાહીમાં રાજકીય પક્ષો અને નેતાઓની પ્રાથમિક ફરજ છે કે તેઓ બંધારણમાં સૂચવ્યા મુજબ સામાજિક સંઘર્ષો અને ધાર્મિક ઝઘડાઓને રોકે અને રાષ્ટ્રમાં "બંધુત્વ"ની લાગણીનો ફેલાવો કરે.



અમારૂં પ્રજાસત્તાક બંધારણ હુકમ રાજકીય નેતાઓ પર આધારિત છે જે બંધારણમાં પરિકલ્પિત મૂળ સામાજિક કોમ્પેક્ટમાં હાથ ધરવામાં આવેલા પ્રતિબંધ અને સંયમના ધોરણોનું પાલન કરે છે અને તે સુનિશ્ચિત કરવાનો સર્વોચ્ચ અદાલતનો આદેશ છે કે સામાજિક મૂલ્યો અને સિદ્ધાંતો ક્ષતિગ્રસ્ત ન થાય.

શરૂઆતથી જ, ઉચ્ચ ન્યાયતંત્રએ સ્થિરતા અને એકત્રીકરણ અને ભવિષ્યની દૃષ્ટિએ કાર્ય કર્યું છે. મોટાભાગે, ઉચ્ચ ન્યાયતંત્રએ ધાર્મિક કટ્ટરતા દર્શાવતાઓને મદદ કરી નથી. હવે સર્વોચ્ચ અદાલતને તે નિર્ણાયક ભૂમિકાને છોડી દેવા અને દેશની બાબતોને તેની બહુમતીની ઈચ્છા મુજબ ચલાવવા દેવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. તે પૂજા સ્થળની માલિકી નક્કી કરવા માટે શેરીમાં રહેલા ટોળાને લાયસન્સ આપવા માટેની દલીલ છે. કમનસીબે, ભારતના પૂર્વ મુખ્ય ન્યાયાધીશએ વારાણસીની જ્ઞાનવાપી મસ્જિદમાં "સર્વેક્ષણ" કરવાની મંજૂરી આપી હતી અને આવા ટોળાને અને જૂથોને પ્રોત્સાહિત કર્યા હતા. કદાચ એવી દલીલ કરી શકાય છે કે જ્યારે ૧૯૯૧માં પૂજા સ્થાનો અધિનિયમ પસાર થયો હતો તે સમય કરતાં આજે રાજકીય દળોનું સંતુલન હતું, તેના કરતાં ઘણો અલગ છે. તે સતત બદલાતી રાજકીય અસ્પષ્ટતા અને બંધારણીય મૂલ્યો અને સિદ્ધાંતોની વિરુદ્ધ છે. ૧૯૯૧માં આ કાયદો ઘડવામાં આવ્યો હતો પણ તે શાસક પક્ષના નસીબમાં ફેરફાર સાથે કાયદા, કાનૂન અને બંધારણ બદલાતા નથી.

અને, જો "હિન્દુ પક્ષ" ૧૯૯૧ના કાયદાને હટાવવાની તેની માંગની નિષ્પક્ષતા અને સચોટતા માટે આટલો સહમત છે, તો તેના માટે ખુલ્લો સૌથી આદર્શ માર્ગ એ છે કે શાસક પક્ષની ટ્રેઝરી બેન્ચની બહુમતીનો ઉપયોગ કરવાની માંગ કરવી જોઈએ. સંસદ ૧૯૯૧ના કાયદાને રદ કરી શકે છે. આપણા બિનસાંપ્રદાયિક રાષ્ટ્રવાદના અર્થ અને વિષયવસ્તુ અંગે રાજકારણીઓના ઝઘડામાં ન્યાયતંત્રને સામેલ કરવું ગેરવાજબી છે. કેટલાક રાજકીય કાર્યકરોને મધ્યયુગીન સ્મારકો અંગેનો આ ધાર્મિક મતભેદ ચૂંટણીલક્ષી લાભદાયી પણ લાગી શકે છે, પરંતુ એ માનવું ગેરવાજબી નથી કે અત્યાર સુધીમાં જેઓ સર્વોચ્ચ અદાલતમાં ઉચ્ચ બેન્ચો પર બિરાજમાન છે તેઓ રાજકારણીઓની યુક્તિઓ અને ઘમંડોથી અજાણ્યા નથી.

જ્યારે ચીફ જસ્ટિસ ખન્નાની આગેવાની હેઠળની સ્પેશિયલ બેન્ચ ૧૨મી ડિસેમ્બરે તેનું કામ શરૂ કરશે, ત્યારે તે આપણા પ્રજાસત્તાક માટે ગંભીર પરિણામો સાથેની ક્ષણ હશે. જસ્ટિસ શેખરકુમાર યાદવ જેવા ધાર્મિક સમકક્ષો દ્વારા કરવામાં આવેલી માંગણીઓનો લાભ સત્તાપક્ષને દેશના ઘણા મોટા ભાગોમાં મળી રહ્યો છે. આપણે માત્ર એવી આશા રાખી શકીએ કે મુખ્ય ન્યાયાધીશ ખન્ના અને તેમના સાથી ન્યાયાધીશો રાજકીય અને સામાજિક નિયંત્રણની શરતોને બંધારણમાં નિર્ધારિત કરતાં અલગ રીતે રજૂ કરવા માંગતા દળોને ઠપકો આપશે અને પોતાનું શાણપણ દર્શાવશે. એક જૂની મધ્યયુગીન કહેવત છે કે: "શાણો માણસ એ નથી કે જે ખરાબને સારું કહી શકે, પરંતુ બુદ્ધિશાળી તે છે જે બે સારી વસ્તુમાંથી શ્રેષ્ઠ વસ્તુ અને બે અનિષ્ટમાંથી ઓછી અનિષ્ટ વસ્તુ શોધી શકે છે."

**- (સૌ.: ધ વાયર.)**

# જો આપણું ન્યાયતંત્ર મજબૂત હોત તો મોદી-યોગી જેલમાં બેઠા હોત : પુરીના શંકરાચાર્યનું વિસ્ફોટક નિવેદન

## એક 'આતંકવાદી'ને શંકરાચાર્ય બનાવી દીધાનો મોદી અને યોગી પર આક્ષેપ મૂકતા પુરી મઠના સ્વામી જગદગુરૂ નિશ્ચલાનંદ સરસ્વતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

હિન્દુ સમાજના સન્માનનીય ધાર્મિક વડા પુરીના શંકરાચાર્ય સ્વામિ શિશ્ચલાનંદ સરસ્વતીએ આજે એવો વિસ્ફોટક દાવો કર્યો હતો કે, જો આપણા દેશમાં મજબૂત અને તટસ્થ ન્યાયતંત્ર પદ્ધિત હોત તો સંભવ છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને કાનુની પડકારોનો સામનો કરીને જેલમાં જવું પડ્યું હોત. શંકરાચાર્યએ એવો પણ ગંભીર આક્ષેપ કર્યો હતો કે, આ બંને એ એક આતંકીને શંકરાચાર્ય બનાવ્યા, આનાથી મોટો બીજો અપરાધ કયો હોઈ શકે. દેશની નેતાગીરી પર સવાલ ઉઠાવતા તેમણે આગળ કહ્યું કે, એક આતંકવાદીને શંકરાચાર્ય બનાવીને આગળ કરવામાં આવ્યા, શું વડાપ્રધાન અને મુખ્યમંત્રીની આ ફરજ છે ? ભારતમાં આવ કૃત્યો માટે આ બંનેને સજા કરે એવી કોઈ અદાલતની વ્યવસ્થા આપણી પાસે નથી. તેમ મીડિયાનો અહેવાલ જણાવે છે. ઉજ્જૈનમાં મહાકાલેશ્વર મંદિર સમિતિએ યોજેલી ધર્મસભામાં બોલતા પુરીના શંકરાચાર્યએ ખૂબ મજબૂત અને નિષ્પક્ષ ન્યાય તંત્રની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો જે રાજકીય કે આર્થિકસત્તાના કેન્દ્રોના વશમાં ન આવે એવું ન્યાય તંત્ર હોવું જોઈએ કેમ કે, શક્તિશાળી રાજકીય માથાઓ સામે આપણું ન્યાયતંત્ર કોઈ પગલા લઈ શકતું નથી એટલે લોકોનો વિશ્વાસ ઘટી રહ્યો છે. તેમણે વર્તમાન રાજકીય નેતાગીરીની સખત ટીકા કરી હતી કે, અત્યારની નેતાગીરી નીતિ શાસ્ત્ર અને ન્યાયતંત્રના નિયમોને બાજુંએ ધકેલી રહી છે અને ન્યાય તંત્રની નબળાઈઓને કારણે એમના કૃત્યો પર લગામ મૂકી શકાતી નથી. દેશના બે શક્તિશાળી નેતાઓ મોદી અને યોગી તરફ આંગળી ચિંધતા શંકરાચાર્યજીએ શાસન વ્યવસ્થા અંગે ચિંતા દર્શાવી હતી અને બંધારણીય સિદ્ધાંતોના ભંગ પ્રતિ લાલ બત્તી ધરી હતી. જો કે, તેમણે કોઈ ચોક્કસ ઉદહારણ આપ્યું ન હતું. દરમિયાન પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ભાજપના નેતા સુભ્રમણ્યમ સ્વામીએ પુરીના જગદગુરૂના વિધાનોથી પૂરે પૂરી સંમતિ દર્શાવી હતી અને કહ્યું હતું કે, તેઓ નિર્ભય જગદગુરૂ છે.

# કેનેડામાં ૩ ભારતીય વિદ્યાર્થીઓની હત્યા : ભારતે તેને એક ભયાનક દુર્ઘટના ગણાવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

ભારતે શુક્રવારે કેનેડામાં ત્રણ ભારતીય વિદ્યાર્થીઓની તાજેતરની હત્યાને 'ભયંકર દુર્ઘટના' તરીકે વર્ણવી હતી અને કેનેડિયન સત્તાવાળાઓને દ્વિપક્ષીય સંબંધોની પૃષ્ઠભૂમિ સામે ગુનાઓની સંપૂર્ણ તપાસ કરવા વિનંતી કરી હતી. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, કેનેડામાં ભારતીય મિશન ભારતીય નાગરિકોની હત્યાના સંબંધમાં સ્થાનિક અધિકારીઓ સાથે નિયમિત સંપર્કમાં છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ઘટનાઓની વિગતો આપ્યા વિના નિયમિત મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, છેલ્લા એક અથવા તેથી વધુ અઠવાડિયામાં અમે કેનેડામાં દુર્ભાગ્યપૂર્ણ દુર્ઘટના બની છે અને ત્રણ ભારતીય વિદ્યાર્થીઓની હિંસક ગુનાઓમાં હત્યા કરવામાં આવી છે. અમે કેનેડામાં અમારા નાગરિકો સાથે આવી ભયંકર દુર્ઘટનાઓથી દુ:ખી છીએ, ઓટ્ટાવામાં ભારતીય હાઈ કમિશન અને ટોરોન્ટો અને વાનકુવરમાં વાણિજય દૂતાવાસ આ મામલાની સંપૂર્ણ તપાસ માટે કેનેડિયન સત્તાવાળાઓ સાથે ફોલોઅપ કરી રહ્યા છે. ભારતીય મિશન પણ વિદ્યાર્થીઓના પરિવારના સંપર્કમાં છે. અમે શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે અમારી ઊંડી સંવેદના વ્યક્ત કરીએ છીએ. કેનેડામાં ભારતીય નાગરિકો, ખાસ કરીને વિદ્યાર્થીઓની સુરક્ષા, સુરક્ષા

**નવી દિલ્હીએ કહ્યું કે, કેનેડામાં ભારતીય નાગરિકો ખાસ કરીને વિદ્યાર્થીઓની સલામતી, સુરક્ષા અને કલ્યાણ એ સર્વોત્તમ મહત્ત્વનો વિષય છે**

અને કલ્યાણ એ 'સર્વોત્તમ મહત્ત્વ'નો વિષય છે અને તે દેશના ભારતીય મિશન આ સંદર્ભે સ્થાનિક સત્તાવાળાઓ સાથે નિયમિત સંપર્કમાં છે. જયસ્વાલે કહ્યું કે, અમે અમારા નાગરિકો અને વિદ્યાર્થીઓ માટે અત્યંત સાવધાની રાખવા અને કેનેડામાં ધિક્કારના ગુનાઓ અને ગુનાહિત હિંસાની વધતી જતી ઘટનાઓના પરિણામે સુરક્ષા વાતાવરણને ધ્યાનમાં રાખીને જાગ્રત રહેવાની સલાહ પણ જારી કરી છે. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ભારત સરકારના એજન્ટો અને સરેમાં ખાલિસ્તાની અલગતાવાદી હરદીપસિંહ નિજ્જરની હત્યા વચ્ચેના સંબંધો હોવાના આક્ષેપ કર્યા ત્યારથી ભારત-કેનેડા સંબંધોમાં તિરાડ પડી છે. કેનેડિયન સત્તાવાળાઓએ નિજ્જરની હત્યાની તપાસમાં રૂચિ ધરાવતા વ્યક્તિઓ તરીકે તેમની અને અન્ય પાંચ અધિકારીઓની પૂછપરછ કરવાનું કહ્યા પછી ભારતે આ વર્ષે ઓટ્ટાવામાં તેના હાઈ કમિશનરને પાછા બોલાવી લીધા હતા. જયસ્વાલે કેનેડાની ગ્લોબલ ન્યુઝ વેબસાઈટમાં ખાલિસ્તાન તરફી વ્યક્તિઓને ભારતીય વિઝા નકારવા અંગેના એક અહેવાલ પરના પ્રશ્નના જવાબમાં કહ્યું કે, તે ભારતને બદનામ કરવા માટે કેનેડિયન મીડિયાની ખોટી માહિતીનું ઉદાહરણ છે. ભારતીય વિઝા આપવો એ અમારૂં સાર્વભૌમ કાર્ય છે અને અમારી પ્રાદેશિક અખંડિતતાને નુકસાન પહોંચાડનારાઓને વિઝા નકારવાનો અમારી પાસે કાયદેસરનો અધિકાર છે. આ બાબતે કેનેડિયન મીડિયાની ભૂમિકા ભારતની સાર્વભૌમ બાબતોમાં વિદેશી હસ્તક્ષેપ સમાન છે.

# હિન્દુત્વની વિચારધારા અને સનાતનીઓને સિંગર દલજીત દોસાંજે રાહત ઈન્દોરીની વિખ્યાત ગઝલની ઉમદા પંક્તિઓની ભાષામાં જવાબ આપ્યો

## તેમણે રાહત ઈન્દોરીની અત્યંત જાણીતી અને લોકપ્રિય ગઝલના એક શેર ટાંકીને સનાતનીને જવાબ આપ્યો કે 'કિસી કે બાપ કા હિન્દુસ્તાન થોડી હૈ'

(એજન્સી) ઈન્દોર, તા.૧૩

ખૂબ જ લોકપ્રિય બનતા જતા પંજાબી સિંગર દલજીત દોસાંજે ઈન્દોર ખાતેના એમના સંગીત કાર્યક્રમને મહાન અને લોકપ્રિય શાયર અને મૂળ ઈન્દોરના રાહત ઈન્દોરીને સમર્પિત કર્યો હતો અને આ રીતે નફરત ફેલાવી રહેલા તત્ત્વોને દલજીતે એક શક્તિશાળી અને જોરદાર સંદેશો આપ્યો હતો અને સ્ટેજ ઉપર પણ દલજીતે હિન્દુત્વ અને સનાતનીઓને જવાબ આપવા માટે રાહત ઈન્દોરી સાહેબના એક શેરને ટાંક્યો હતો અને કહ્યું હતું કે 'કિસી કે બાપ કા હિન્દુસ્તાન થોડી હૈ'.

દલજીતના ઈન્દોરના બહુચર્ચિત સંગીત સમારોહ અને પોપ સંગીત કાર્યક્રમનો બજરંગ દળ જેવા જમણેરી હિન્દુવાદી જૂથોએ ભારે વિરોધ કર્યો હતો અને કાર્યક્રમ રદ કરવાની માગણી કરી હતી અને આ જમણેરી કટ્ટરવાદી જૂથોએ એવો આક્ષેપ કર્યો હતો કે દલજીત રાષ્ટ્ર વિરોધી છે. તેમણે એવા પણ આક્ષેપો ચલાવ્યા વગર દલજીત ખાલિસ્તાનનો સમર્થક છે અને મટન તથા દારૂનો પ્રચાર કરે છે. બજરંગ દળ એ પોલીસની દરમિયાનગીરી માંગી હતી પણ એ તમામ જમણેરી જૂથોના પ્રયાસો નિષ્ફળ ગયા હતા અને કાર્યક્રમ શાનદાર રીતે સફળ રહ્યો હતો. સ્ટેજ પર આવીને દલજીતે આ સમગ્ર કાર્યક્રમ ખૂબ જ નામાંકિત અને મહાન શહેર અને ઈન્દોરનું ગૌરવ રાહત ઈન્દોરીને અર્પણ કર્યો હતો. આ કાર્યક્રમને અદભૂત સફળતા મળી હતી જે જમણેરી જૂથોના ગાલ પર થપ્પડ સમાન હતી અને લોકોએ પણ કાર્યક્રમમાં ઉમટી પડીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો અને તમામ ટિકિટો આખા કાર્યક્રમની વેચાઈ ગઈ હતી. બીજા દિવસે દલજીતે સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકી હતી અને આભાર વ્યક્ત કરતા લખ્યું હતું કે ઈન્દોર તને હું ખૂબ ખૂબ પ્રેમ કરૂં છું, કલ કા કોન્સર્ટ રાહત ઈન્દોરી સાહબ કે નામ રહા.

કાર્યક્રમમાં દલજીતે રાહત સાહેબના બીજા પણ કેટલાક મશહૂર શેરનું પઠન કર્યું હતું જે નીચે મુજબ છે

**મેરે હુજરે મેં નહીં ઔર કહી પર રખ દો**
**આસમાન લાએ હો જમીન પર રખ દો**
**અબ કહા ઢુંઢને જાઓગે હમારે કાતિલ**
**આપ તો કતલ કા ઈલ્ઝામ હમી પર રખ દો**

# ટ્રમ્પે ઈમિગ્રન્ટ્સ વિરુદ્ધ પગલાં લેવાની જાહેરાત કરતાં ૧૮,૦૦૦ ભારતીયો પ્રથમ દેશનિકાલની સૂચિમાં સામેલ છે

## અમેરિકી ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE)એ અમેરિકાના ઈતિહાસમાં સૌથી મોટી દેશનિકાલ હાથ ધરવાની અમેરિકી પ્રમુખ-ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પની યોજનાના ભાગરૂપે, લગભગ ૧૮,૦૦૦ બિનદસ્તાવેજીકૃત ભારતીય નાગરિકો સહિત દેશનિકાલ માટે ચિહ્નિત અંદાજે ૧૫ લાખ વ્યક્તિઓની યાદી તૈયાર કરી છે

(એજન્સી) તા.૧૩

યુએસ પ્રમુખ તરીકે ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પે ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સત્તા સંભાળ્યા પછી અમેરિકન ઈતિહાસમાં ગેરકાદેસર લોકોને દેશનિકાલ કરવાનું વચન આપ્યું છે. યુએસ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE)એ આશરે ૧૫ લાખ વ્યક્તિઓની યાદી તૈયાર કરી છે. દેશનિકાલમાં લગભગ ૧૮,૦૦૦ બિનદસ્તાવેજીકૃત ભારતીય નાગરિકો યુએસ સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલી સૂચિમાં છે અને તેઓને ભારત પાછા મોકલવાનું નિકટવર્તી જોખમ છે. નવેમ્બર ૨૦૨૪માં જારી કરાયેલા ICE ડેટા અનુસાર યુનાઈટેડ સ્ટેટ્સમાં બિન-અટકાયત ડોકેટ પરના ૧૫ લાખ વ્યક્તિઓમાં ૧૭,૯૪૦ ભારતીયોનો સમાવેશ થાય છે.

યુ.એસ.માં ભારતમાંથી આશરે ૭,૨૫,૦૦૦ ગેરકાયદેસર વસાહતીઓ છે, જે તે મેક્સિકો અને અલ સાલ્વાડોર પછી અનધિકૃત ઈમિગ્રન્ટ્સની ત્રીજા નંબરની સૌથી મોટી વસ્તી છે. ઓક્ટોબરમાં આ ડેટા જાહેર થયા પહેલા અમેરિકાએ દેશમાં ગેરકાયદેસર રીતે રહેતા ભારતીય નાગરિકોને દેશનિકાલ કરવા માટે ચાર્ટર્ડ ફ્લાઈટનો ઉપયોગ કર્યો હતો. હોમલેન્ડ સિક્યુરિટી વિભાગના જણાવ્યા અનુસાર ૨૨ ઓક્ટોબરે ભારત મોકલવામાં આવેલી ફ્લાઈટનું આયોજન ભારત સરકારના સહયોગથી કરવામાં આવ્યું હતું. યુ.એસ.માં હજારો બિનદસ્તાવેજીકૃત ભારતીયો તેમની



સ્થિતિને કાયદેસર કરવા માટે સંઘર્ષ કરી રહ્યા છે, જેમાં ઘણા વર્ષો ICE તરફથી મંજૂરી માટે રાહ જોઈ રહ્યા છે. નોંધનીય છે કે, છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં સરેરાશ ૯૦,૦૦૦ ભારતીયો ગેરકાયદેસર રીતે યુએસ સરહદો પાર કરવાનો પ્રયાસ કરતા પકડાયા છે. ICE દસ્તાવેજ અનુસાર ૨,૬૧,૬૫૧ બિનદસ્તાવેજીકૃત ઈમિગ્રન્ટ્સ સાથે હોન્ડુરાસ દેશનિકાલની યાદીમાં ટોચ પર છે, ત્યારબાદ ગ્વાટેમાલા, મેક્સિકો અને અલ સાલ્વાડોર છે. યુએસ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE)એ સત્તાવાળાઓ દ્વારા સંકલનમાં વિલંબને ટાંકીને ભારતને 'અસહકારી' તરીકે વર્ગીકૃત કર્યું છે. દસ્તાવેજમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે, યુએસ સરકાર વિદેશી સરકાર દ્વારા તેમના નાગરિકો હોવાનું માનવામાં આવતા બિન-નાગરિકોની નાગરિકતાની પુષ્ટિ કરવા માટે યોગ્ય પગલાંની અપેક્ષા રાખે છે. તેમના નાગરિકોને પરત સ્વીકારવામાં દેશો તરફથી સહકારનો અભાવ ICE તે દેશોને બિન-સહકારી અથવા બિન-પાલનનું જોખમ ધરાવતા તરીકે વર્ગીકૃત કરવા તરફ દોરી શકે છે. હાલમાં ICE ૧૫ દેશોને બિનસહકારી માને છે જેમાં ભારત, ભૂટાન, બર્મા, ક્યુબા, ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ ધ કોંગો, એરિટ્રિયા, ઈથોપિયા, હોંગકોંગ, ઈરાન, લાઓસ, પાકિસ્તાન, પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈના, રશિયા, સોમાલિયા અને વેનેઝુએલા સામેલ છે.

**હદીસ બોધ**

માત્ર અનુમાન ઉપર વિશ્વાસ રાખી કોઈ બાબતનો ચોક્કસ ચુકાદો કરવો એ ન્યાય નથી.

(હદીસ બોધ)

**બોધ વચન**

કંઈ પણ સારૂં કરવા જેવું હોય તો તે સારી રીતે કરવું.

- ચેસ્ટર ફિલ્ડ

**આજની આરસી**

૧૪ ડિસેમ્બર શનિવાર ૨૦૨૪
૧૧ જમાદિલ આખર હિજરી ૧૪૪૬
માગશર સુદ ચૌદસ સંવત ૨૦૮૧

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૪૭ |
| ખત્મે ઝવાલ | ૧૨-૩૪ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૭-૧૨ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૫-૫૬ |

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર **'અલ્લામા ઈકબાલ'** કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

**અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ**

**નિગાહ બુલંદ, સુખન દિલનવાઝ, જાન પુર સોઝ,**
**યહ હૈ રખ્ત-એ-સફર મીર-એ-કારવાં કે લીએ**

કાફલા(કારવાં)નું નેતૃત્વ કરનારની સફરનું ભાથું (રખ્ત એ સફર)- દીર્ઘ વીઝન-દુરંદેશીપણું, માયાળુ દિલ, જુસ્સાદાર વાણી અને દૃઢ મનોબળ છે. આ લીડરશીપના ગુણો છે. હાલ દુરાચારી, વાણીમાં ઝેર ઓકતા, ભ્રષ્ટ, કાયર નેતાઓથી અલ્લાહ દેશને બચાવે.

**-(ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)**

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. **- વ્યવસ્થાપક**

## ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ત્રીજી ટેસ્ટનો આજથી પ્રારંભ

# ગાબા ટેસ્ટ જીતવા બંને ટીમો મરણિયો પ્રયાસ કરશે




**ઓસ્ટ્રેલિયાની ટીમમાં બોલેન્ડના સ્થાને હેઝલવૂડનો સમાવેશ, ટીમ ઇન્ડિયાની પ્લેઇંગ ઇલેવનમાં બે ફેરફાર જોવા મળી શકે છે**

બ્રિસ્બેન, તા.૧૩

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ મેચોની બોર્ડર-ગાવસ્કર ટેસ્ટ સિરીઝની ત્રીજી મેચ બ્રિસ્બેનમાં રમાશે. આ સિરીઝ હાલ ૧-૧થી બરાબર છે. બંને ટીમોની નજર ગાબા ટેસ્ટ જીતી સિરીઝમાં લીડ પ્રાપ્ત કરવા પર હશે. ઓસ્ટ્રેલિયાએ તો ત્રીજી ટેસ્ટ માટે પોતાની પ્લેઈંગ ઈલેવનની જાહેરાત કરી દીધી છે. યજમાન ટીમમાં એકમાત્ર ફેરફાર જોશ હેઝલવૂડના રૂપમાં થયો છે જે સ્કોટ બોલેન્ડનું સ્થાન લેશે. હવે ભારતીય પ્રશંસકોની નજર ટીમ ઈન્ડિયાની પ્લેઈંગ ઈલેવન પર છે. કે.એલ. રાહુલે પર્થ ટેસ્ટમાં રોહિત શર્માની ગેરહાજરીમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું, જે રીતે ભારતીય કપ્તાને એડિલેડ ટેસ્ટમાં પુનરાગમન કરતા પોતાના ઓપનિંગ સ્પોટનો ત્યાગ કર્યો હતો. જો કે, તે નં.૬ પર કંઈ કમાલ કરી શક્યો નહીં અને બંને ઈનિંગોમાં મળીને માત્ર નવ રન જ બનાવી શક્યો. આવામાં હવે ક્યાસ લગાવાઈ રહ્યા છે કે, હિટમેન ગાબા ટેસ્ટમાં પોતાની નિયમિત ઓપનિંગ પોઝિશન પર જ રમતો દેખાશે. જ્યારે છેલ્લા કેટલાક સમયથી જરૂર પડે તે સ્થાને રમનાર કે.એલ. રાહુલ મિડલ ઓર્ડરમાં બેટિંગ કરતો જોવા મળશે. કે.એલ. રાહુલના મિડલ ઓર્ડરમાં બેટિંગ કરવાથી ટીમને વધારે ફાયદો થશે. રાહુલના ફક્ત વિકેટ પર વધારે સમય ટકી ઓસ્ટ્રેલિયન બોલરોને થકવી શકે છે, સાથે જ ટેલનો એક્સપોઝ થવાથી બચાવી શકે છે. આ ઉપરાંત ગાબા ટેસ્ટમાં ભારત પોતાના બોટિંગ યુનિટને મજબૂત કરવા માટે રવિન્દ્ર જાડેજાને તક આપી શકે છે. પ્રથમ ટેસ્ટમાં વોશિંગ્ટન સુંદર અને બીજીમાં અશ્વિનને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મળ્યું હતું પણ બંને સ્પિનર કંઈ કમાલ કરી શક્યા નથી. જાડેજા એક છેડે સતત બોલિંગ કરી બીજા છેડે કપ્તાનને પોતાના બોલર રોટેટ કરવાનો પણ સારો વિકલ્પ આપે છે. બોલિંગ યુનિટમાં ફેરફાર જોવા મળી શકે છે. હર્ષિત રાણા માટે એડિલેડ ટેસ્ટ નિરાશાજનક રહી હતી. આવામાં રોહિત શર્મા આકાશ દીપને તક આપી પોતાની પેસ બેટરીને વધારે મજબૂત કરવા માંગશે.

# દલિત, મહિલાઓ અને માનવ અધિકારોની હિમાયત

## આંતરરાષ્ટ્રીય માનવાધિકાર દિવસના ભાગરૂપે, આઈઝા મંડલ સેન્ટરની બુડાગાજંગલા કોલોનીમાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૨૫ મજૂરોએ ભાગ લીધો હતો



(એજન્સી) ગડવાલ, તા.૧૩


આંતરરાષ્ટ્રીય માનવાધિકાર દિવસના ભાગ રૂપે, આઈઝા મંડલ સેન્ટરની બુડાગાજંગલા કોલોનીમાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૨૫ મજૂરોએ ભાગ લીધો હતો. સભાને સંબોધતા, જી નરસિમ્હુલુએ ડિસેમ્બર ૧૦, ૧૯૪૮ના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો, જ્યારે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણા અપનાવી હતી. 'આ અધિકારો હોવા છતાં,' તેમણે નિર્દેશ કર્યો, 'દલિતો, મહિલાઓ અને આદિવાસી સમુદાયો પર અત્યાચાર ચાલુ છે. તેમણે કહ્યું,જ્ઞાતિ ભેદભાવ, મહિલાઓનું અત્યાચાર, છોકરીઓ અને મહિલાઓનું અપહરણ, દલિતો પર હુમલા, જાતીય હિંસા અને હત્યા જેવા મુદ્દાઓ પ્રચલિત છે,'. સહભાગીઓએ જિલ્લા કલેક્ટર અને તહસીલદાર સહિત સરકારી અધિકારીઓને માગણીઓની યાદી મુખ્યમંત્રી સુધી પહોંચાડવાની રજૂઆત કરી હતી. આમાં પુરૂષો અને સ્ત્રીઓ બંને માટે ૮૫૦ રૂપિયાના લઘુત્તમ વેતન ; ભૂમિહીન ગરીબ પરિવારોને જમીનની જોગવાઈ; વિસ્થાપન માટે વળતર; એકલ મહિલાઓ સહિત ૫૫ અને તેથી વધુ વયની ગ્રામીણ મહિલાઓ માટે દર મહિને રૂા. ૫,૦૦૦ પેન્શન; સહાયિત આવશ્યક વસ્તુઓ; પ્રસૂતિ લાભો; અને SC/ST અત્યાચાર નિવારણ અધિનિયમોનો કડક અમલનો સમાવેશ થાય છે.

# ઈતિહાસ રચનાર ડી. ગુકેશને ૧૧.૪૫ કરોડની કમાણી થઈ

નવી દિલ્હી, તા.૧૩ : ભારતના ડી. ગુકેશે સિંગાપુરમાં ૧૪મા રાઉન્ડની મેચમાં ચીનના ડિંગ લિરેનને હરાવીને ચેસમાં સૌથી નાની ઉંમરનો વર્લ્ડ ચેમ્પિયન બનીને ઈતિહાસ રચી દીધો. ચેન્નાઈના ૧૮ વર્ષના આ ખેલાડીને વર્લ્ડ ચેસ ચેમ્પિયન બનનાર બીજો ભારતીય બની ગયો. તે ૨૧ વર્ષની ઉંમરમાં ખિતાબ જીતવાના ગૈરી કાસ્પારોવના રેકોર્ડને તોડનાર સૌથી નાની ઉંમરનો ખેલાડી બની ગયો. વર્લ્ડ ચેસ ચેમ્પિયનશીપ ૨૦૨૪ની કુલ પ્રાઈઝ મની ૨૫ લાખ ડૉલર છે, જે ભારતીય કરન્સીમાં લગભગ ૨૦.૭૫ કરોડ રૂપિયા છે. FIDEના નિયમો અનુસાર ખેલાડીઓને દરેક જીત માટે ૨,૦૦,૦૦૦ ડૉલર (લગભગ ૧.૬૮ કરોડ રૂપિયા) આપવામાં આવે છે જ્યારે બાકીની પ્રાઈઝ મની ફાઈનલિસ્ટ્સની વચ્ચે સમાન રીતે વહેંચવામાં આવે છે. ગુકેશે ત્રણ ગેમ જીતી. ગેમ ૩, ગેમ ૧૧ અને ગેમ ૧૪. આ હિસાબે તેમને ૬,૦૦,૦૦૦ ડૉલર (લગભગ ૫.૦૪ કરોડ રૂપિયા) મળ્યા. લિરેને ગેમ ૧ અને ૨ જીતી જેનાથી તેને ૪,૦૦,૦૦૦ ડૉલર (લગભગ ૩.૩૬ કરોડ રૂપિયા) મળ્યા. બાકીના ૧૫ લાખ ડૉલર ગુકેશ અને ડિંગની વચ્ચે સમાન રીતે વહેંચવામાં આવ્યા એટલે કે કુલ મળીને ગુકેશે ૧૩.૫ લાખ ડૉલર (લગભગ ૧૧.૪૫ કરોડ રૂપિયા) કમાયા છે.

## પ્રવિણ તામ્બે અને ડેનિયલ માર્શને સામેલ કર્યા

# ગુજરાત જાયન્ટ્સે WPL ૨૦૨૫ની હરાજી પહેલાં પોતાના કોચિંગ સ્ટાફમાં ફેરફાર કર્યા




નવી દિલ્હી, તા.૧૩

ગુજરાત જાયન્ટસે મહિલા પ્રીમિયર લીગ (ડબ્લ્યુપીએલ)ની અગામી સિઝન માટે પ્રવિણ તામ્બેને પોતાના બોલિંગ કોચ જ્યારે ડેનિયલ માર્શને બેટિંગ કોચ નિયુક્ત કર્યા છે. આ પહેલા ટીમના બોલિંગ કોચ નૂશિન અલ-ખાદીર હતા. જેમનો બે વર્ષનો કોન્ટ્રાક્ટ સમાપ્ત થઈ ચૂક્યો છે. તામ્બેએ ઈન્ડિયન્સ પ્રિમીયર લીગ (૨૦૨૪)માં કોલકાતા નાઈટ રાઈડર્સ વિરૂદ્ધ રાજસ્થાન રોયલ્સ માટે હેટ્રીક ઝડપી હતી. તેમણે મનીષ પાન્ડે, યુસુફ પઠાણ અને રયાન ટેન ડોશેટને આઉટ કર્યા હતા. અને રોયલ્સે આ મેચ ૧૦ રને જીતી હતી. મહિલા પ્રિમીયર લીગ ૨૦૨૫ માટે ૧૫ ડિસેમ્બરે મિની હરાજી થશે અને તે પહેલા તામ્બેને ગુજરાતે બોલિંગ કોચ બનાવી દીધો છે. આ દરમ્યાન ગુજરાત જાયન્ટસે માઈકલ કિલંગરને પોતાના મુખ્ય કોચ બનાવ્યા છે. કિલંગરે જાયન્ટસમાં ઓસ્ટ્રેલિયાની પૂર્વ મહિલા રાચેલ હેન્સનું સ્થાન લીધું હતું. ડેનિયલ માર્શે ગુજરાત દ્વારા બેટિંગ કોચ બનાવાયા બાદ કહ્યું કે હું ગુજરાત જાયન્ટસમાં સામેલ થવા માટે ઉત્સાહિત છું. આ ઉપરાંત ગુજરાતે મિતાલી રાજ સાથેનો સંબંધ પણ તોડી નાંખ્યો જે પ્રથમ બે સિઝનમાં આ ટીમની મેન્ટર અને સલાહકાર હતી. ગુજરાતનો સાથ છોડ્યા બાદ મિતાલી રાજ આન્ધ્ર ક્રિકેટ એસોસિએશનમાં સામેલ થઈ ગઈ છે.

# દલિત વરને રથ આપવા બદલ ત્રણની મારપીટ; ઠંડીની લહેર વચ્ચે ભોપાલમાં શાળાનો નવો સમય

## પોલીસે જણાવ્યું કે, ત્રણ પીડિત રાહુલ રજક, કૃષ્ણા રજક અને જગદીશ અહિરવારને રત્નેશ અને અન્ય એક વ્યક્તિએ માર માર્યો હતો



(એજન્સી) ભોપાલ, તા.૧૩

પોલીસે જણાવ્યું હતું કે, દમોહ જિલ્લામાં એક દલિત વરને રથ ભાડે આપવા બાબતે ઉચ્ચ જાતિના બે વ્યક્તિઓએ ત્રણ રથ ખેંચનારાઓને કથિત રીતે માર માર્યો હતો. આ ઘટના જબલપુર નાકા પોલીસ ચોકી વિસ્તારના ચોરાઈ ગામમાં બની હતી. એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે સાંજે રાહુલ રજકના રથમાં અહિરવર વરરાજાનું લગ્ન સરઘસ કાઢવામાં આવ્યું હતું. સરઘસ કાઢીને જ્યારે તેઓ પાછા ફરી રહ્યા હતા ત્યારે આરોપી રત્નેશ ઠાકુરે તેમને રોક્યા અને માર માર્યો. ત્રણેય પીડિતોએ પોલીસનો સંપર્ક કર્યો ન હતો અને સારવાર લીધી હતી અને ચૂપકીદી જાળવી હતી. પોલીસ ચોકીના ઈન્ચાર્જ આનંદ અહિરવારે મીડિયાને જણાવ્યું કે આરોપી રત્નેશ ઠાકુર ઢાબાનો માલિક છે અને તેના કહેવા પ્રમાણે ત્રણેયએ દારૂ પીને હંગામો મચાવ્યો તે પછી વિવાદ થયો હતો. પોલીસે જણાવ્યું કે, ત્રણ પીડિત રાહુલ રજક, કૃષ્ણા રજક અને જગદીશ અહિરવારને રત્નેશ અને અન્ય એક વ્યક્તિએ માર માર્યો હતો. ઘટના બાદ પીડિતોએ હોસ્પિટલમાં જઈને સારવાર લીધી હતી. બનાવ અંગે પોલીસને જાણ થતાં પોલીસ ચોકીમાં બોલાવી ફરિયાદ નોંધવામાં આવી હતી. કેસ નોંધવામાં આવ્યો હતો અને તપાસ શરૂ કરવામાં આવી હતી. ભોપાલ જિલ્લામાં તીવ્ર ઠંડીની લહેર વચ્ચે, શાળાઓને સવારે ૯ વાગ્યા પછી જ ખોલવાની મંજૂરી આપવામાં આવશે. જોકે, સ્પષ્ટતા કરવામાં આવી છે કે પરીક્ષાઓ પૂર્વ નિર્ધારિત સમયપત્રક મુજબ જ લેવાશે. આ નિર્દેશ બુધવારે જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) NK અહિરવાર દ્વારા જારી કરવામાં આવ્યો હતો અને તે CBSE, ICSE અને અન્ય બોર્ડ સાથે સંલગ્ન શાળાઓ સહિત તમામ સરકારી અને ખાનગી શાળાઓને લાગુ પડે છે. કલેક્ટર કૌશલેન્દ્ર વિક્રમ સિંહના આદેશ મુજબ નવા સમયનો અમલ થશે.

## સચિને સતત ૧૮૫ વન-ડે ભારત માટે રમી

# સતત સૌથી વધારે વન-ડે મેચ રમવાનો સચિન તેન્ડુલકરનો રેકોર્ડ

નવી દિલ્હી, તા.૧૩

સતત સૌથી વધારે વન-ડે મેચ રમવાનો રેકોર્ડ ભારતના માસ્ટર બ્લાસ્ટર સચિન તેન્ડુલકરના નામે છે. સચિને ૧૯૯૦થી ૧૯૯૮ સુધી રેકોર્ડ સતત ૧૮૫ વન-ડે ભારત માટે રમી છે. ઝિમ્બાબ્વેનો એન્ડી ફ્લાવર આ લિસ્ટમાં બીજા સ્થાને છે. તેણે ૧૯૯૨થી ૨૦૦૧ સુધી ૧૭૨ વન-ડે સતત રમી હતી. હેન્સી ક્રોન્યેએ દ.આફ્રિકા માટે ૧૯૯૩થી ૨૦૦૦ સુધી સતત ૧૬૨ વન-ડે મેચ રમી હતી. દ.આફ્રિકાનો જ શોન પોલોકે ૨૦૦૦થી ૨૦૦૫ સુધી સતત ૧૩૩ વન-ડે મેચ રમી છે. વેસ્ટઈન્ડિઝના રિચી રિચર્ડ્સને ૧૩૨ વન-ડે મેચ સતત ૧૯૮૭થી ૧૯૯૩ વચ્ચે રમી છે. ભારતના મોહમ્મદ અઝહરૂદ્દીને ૧૯૯૧થી ૧૯૯૭ દરમ્યાન ૧૨૬ વન-ડે મેચ સતત રમી છે. શ્રીલંકાના મહેલા જયવર્ધનેએ ૧૨૨ વન-ડે મેચ ૨૦૦૫થી ૨૦૦૯ દરમ્યાન સતત રમી છે.

# ટેસ્ટમાં ૧૦ હજાર રન બનાવનાર પાંચ દિગ્ગજો જેમના નામે સૌથી ઓછી સિક્સર

નવી દિલ્હી, તા.૧૩

ટેસ્ટમાં ૧૦ હજાર રન બનાવનાર પાંચ એવા દિગ્ગજો જેમના નામે સૌથી ઓછી સિક્સર નોંધાયેલી છે. ઈંગ્લેન્ડના એલિસ્ટર કૂકે ૧૬૧ મેચની ૨૯૧ ઈનિંગોમાં ૧૨,૪૭૨ રન બનાવ્યા જેમાં ૩૩ સદી, ૫૭ અર્ધસદી સામેલ છે, તેણે ફક્ત ૧૧ સિક્સર ફટકારી છે. ઓસ્ટ્રેલિયાના સફળ કપ્તાન સ્ટીવ વો ૧૬૮ મેચ રમી જેમાં ૨૬૦ ઈનિંગોમાં ૧૦,૯૨૭ રન બનાવ્યા, જેમાં ૩૨ સદી અને ૫૦ અર્ધસદી સામેલ છે તે ફક્ત ૨૦ સિક્સર ફટકારી શક્યા. ભારતના મિ. વોલના નામથી પ્રખ્યાત રાહુલ દ્રવિડે ૧૬૪ મેચની ૨૮૬ ઈનિંગોમાં ૧૩,૨૮૮ રન બનાવ્યા, જેમાં ૩૬ સદી, ૬૩ અર્ધસદી સામેલ છે. દ્રવિડે પણ ફક્ત ૨૧ સિક્સર ફટકારી છે. ભારતના સુનિલ ગાવસ્કરના નામે ૧૨૫ મેચમાં ૨૬ સિક્સર નોંધાયેલી છે. તેમણે ૨૧૪ ઈનિંગોમાં ૧૦,૧૨૨ રન બનાવ્યા, જેમાં ૩૪ સદી, ૪૫ અર્ધસદી સામેલ છે. ઓસ્ટ્રેલિયાના પૂર્વ કપ્તાન એલન બોર્ડરે ૧૫૬ મેચની ૨૬૫ ઈનિંગોમાં ૧૧,૧૭૪ રન બનાવ્યા છે, જેમાં ૨૭ સદી, ૬૩ અર્ધસદી સામેલ છે. તેમણે ફક્ત ૨૮ સિક્સર ફટકારી છે.

## સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં રહાણે બે રન માટે સદી ચૂક્યો

# રહાણેના તોફાનમાં ઊડી હાર્દિક પંડ્યાની ટીમ, વિસ્ફોટક બેટિંગથી મુંબઈ ફાઈનલમાં

બેંગ્લોર, તા.૧૩

અજિંક્ય રહાણે અને કપ્તાન શ્રેયસ અય્યરની વિસ્ફોટક બેટિંગની મદદથી સૈયદ મુશ્તાક અલી ટ્રોફીની સેમિફાઈનલમાં વડોદરાને ૭ વિકેટે હરાવી મુંબઈએ ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. વડોદરાનું છઠ્ઠી વખત ટુર્નામિન્ટની ફાઈનલ રમવાનું સ્વપ્ન મુંબઈએ ચકનાચૂર કરી દીધું છે. સેમિફાઈનલ મેચમાં મુંબઈની વડોદરા સામેની જીતમાં રહાણેની શાનદાર ઈનિંગ જોવા મળી હતી. પહેલા તેણે અય્યર સાથે ૮૮ રનની ભાગીદારી કરીને ટીમનો સ્કોર ૧૧૮ રન સુધી પહોંચાડ્યો હતો. તેણે ૫૬ બોલમાં ૯૮ રનની મોટી ઈનિંગ રમી હતી, જેમાં ૧૧ ચોગ્ગા અને પાંચ છગ્ગાનો સમાવેશ થાય છે. મુંબઈ તરફથી શ્રેયસ અય્યરે ૩૦ બોલમાં ૪૬ રન બનાવ્યા હતા. તેણે ૪ ચોગ્ગા અને ૩ છગ્ગા ફટકાર્યા હતા. સૂર્યકુમાર યાદવ નિષ્ફળ રહ્યો હતો. તે માત્ર ૧ રન બનાવી શક્યો. સુયાંશ શેડગે ક્રિઝ પર આવતાની સાથે જ પહેલા બોલ પર છગ્ગો ફટકારીને ટીમને જીત અપાવી હતી. મુંબઈએ ૧૭.૨ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને ૧૬૪ રન બનાવ્યા હતા. આ પહેલા વડોદરાએ પહેલા બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૧૫૮ રન બનાવ્યા. વડોદરા તરફથી કૃણાલ પંડ્યાએ ૩૦ રન બનાવ્યા હતા. પરંતુ હાર્દિક પંડ્યા આ મેચમાં ડબલ ફિગર સુધી પણ પહોંચી શક્યો ન હતો. તે માત્ર પાંચ રન બનાવી શક્યો હતો. વડોદરા તરફથી શિવાલિક શર્માએ સૌથી વધુ ૩૬ રન બનાવ્યા હતા.

**શુદ્ધિપત્ર**


ગુજરાત ટુડે (સુરત) ગુજરાતી અને બિઝનેસ સ્ટાન્ડર્ડમાં પ્રકાશિત અધિકૃત અધિકારી, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક દ્વારા **૨૮/૧૧/૨૦૨૪**ના રોજ પ્રકાશિત કરાયેલ સાંકેતિક કબજાની નોટિસના સંદર્ભમાં આ શુદ્ધિપત્ર જારી કરવામાં આવ્યો છે.

સાંકેતિક કબજો મેળવવાની તારીખ **૨૬/૧૧/૨૦૨૪** તરીકે વાંચવી.

તારીખઃ ૧૪/૧૨/૨૦૨૪
સ્થળઃ સુરત, ગુજરાત

**એસડી/-**
**અધિકૃત અધિકારી**
**સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક**

# રાજસ્થાનના બાલોત્રામાં દલિત યુવકની છરીના ઘા મારીને હત્યા




**પોલીસે જણાવ્યું હતું કે, રાજસ્થાનના બાલોત્રા જિલ્લામાં વિવાદને પગલે એક દલિત વ્યક્તિની છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી**

(એજન્સી) તા.૧૩

સર્કલ ઓફિસર સુશીલ માને જણાવ્યું હતું કે મૃતકના પરિવારજનો અને સમુદાયના લોકોએ આરોપીઓની ધરપકડની માંગ સાથે શબઘરની બહાર દેખાવો કર્યા હતા. તેણે કહ્યું કે વિષ્ણા રામ મેઘવાલ (૨૨)નો હર્ષદાન ચરણ સાથે વાહન હટાવવાને લઈને વિવાદ થયો હતો. તકરાર દરમિયાન હર્ષદને મેઘવાલ પર છરી વડે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. સર્કલ ઓફિસરે જણાવ્યું હતું કે, મેઘવાલનું હોસ્પિટલ લઈ જતા રસ્તામાં મોત થયું હતું. બાલોત્રાના એસપી કુંદન કવરિયાએ જણાવ્યું હતું કે ચારણને પકડવા માટે આઠ ટીમો બનાવવામાં આવી હતી. કેસની તપાસ નાયબ પોલીસ અધિક્ષકને સોંપવામાં આવી છે. આ દરમિયાન પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતે આ ઘટના પર ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે X પર પોસ્ટ કર્યું કે, 'બાલોત્રામાં દલિત યુવકની હત્યા એ રાજ્યમાં નબળી પડી રહેલી કાયદો અને વ્યવસ્થાનું ઉદાહરણ છે,'. ગેહલોતે તેની પોસ્ટમાં કહ્યું કે, 'તે અત્યંત નિંદનીય છે કે ધોળે દિવસે હત્યાના કેસમાં પણ, પીડિતાના પક્ષે આરોપીની ધરપકડ માટે ધરણા કરવા પડ્યા,'. તેમણે કહ્યું કે છેલ્લા વર્ષમાં દલિતો, આદિવાસીઓ અને પછાત વર્ગો સામેના ગુનાઓમાં સતત વધારો થયો છે. તેમણે ઉમેર્યું, 'રાજ્ય સરકારે આ કેસમાં તાત્કાલિક પગલાં લેવા જોઈએ અને પીડિત પરિવારને ન્યાય મળે તે સુનિશ્ચિત કરવું જોઈએ,'.

**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**

**(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792**

**રજિ.ઓફિસ** : કેઆરએમ ટાવર્સ, ૭મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧. ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ /ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

**પરિશિષ્ટ-૪-એ [જુઓ નિયમ -૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ] સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટિસ**

ધી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ને ધી સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ સાથે વેચાણ લેતાં હેઠળ સ્થાવર મિલકતોના વેચાણની ઈ-હરાજી વેચાણ નોટિસ

અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે દેણદાર(રો) અને સહ-દેણદાર(રો)ને વિશેષ રૂપે નોટિસ આપવામાં આવે છે કે કોલમ (૩) મુજબની નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકતો કોલમ (૪) મુજબ સિક્યોર્ડ લેણદારને ગિરવે/ચાર્જ કરેલ છે, કબજો અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતીના અધિકૃત અધિકારી દ્વારા લીધેલ છે જેનું **'જેમ છે તે છે', અને 'જે કાંઈ છે તે છે'** આધારે નીચે જણાવ્યા મુજબ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) (૧) કોલમ મુજબના દેણદાર(રો)ને અને સહ-દેણદાર(રો)ની પાસેથી લેવાની થતી રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે.

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે આઈડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઈટ એટલે કે : **www.idfcfirstbank.com** પર આપેલી લિંકનો સંદર્ભ લો.

| ક્ર નં. | (i) ડિમાન્ડ નોટિસની રકમ | (ii) એગ્રીમેન્ટ આઈડી | (iii) દેણદાર(રો), સહ દેણદાર(રો) અને ગેરેન્ટરોના નામ | (v) અનામત કિંમત રકમ | (vi) ઈએમડી રકમ | (vii) હરાજીની તારીખ અને સમય | (viii) ઈએમડી હરાજીની તારીખ અને સમય | (ix) નિરીક્ષણની તારીખ અને સમય | (x) અધિકૃત અધિકારીના નામ અને સંપર્ક નં. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ભા.રૂા. ૬૫૩૦૧૮૫૯.૭૫/- ડિમાન્ડ નોટિસ તારીખ: ૦૮-ઓક્ટો-૨૦૨૨ | ૨૦૩૫૧૨૨ | હાર્દિક મનહરલાલ કોટેચા, મીતા મનહરલાલ કોટેચા, હાર્દિક મનહરલાલ કોટેચા (સ્વ. શ્રી મનહરલાલ અમરીશભાઈ કોટેચાના કાયદાકીય વારસદાર તરીકે) અને મીતા મનહરલાલ કોટેચા (સ્વ. શ્રી મનહરલાલ અમરીશભાઈ કોટેચાના કાયદાકીય વારસદાર તરીકે) | ભા. રૂા. ૨૮૦૦૦૦૦૦.૦૦/- | ભા. રૂા. ૨૮૦૦૦૦૦.૦૦/- | ૩૧-ડિસેમ્બર-૨૦૨૪ સવારે ૧૧:૦૦થી બપોરે ૧:૦૦ | ૩૦-ડિસેમ્બર-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ | ૨૬-ડિસેમ્બર-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૪:૦૦ સુધી | નામ : દિવ્યરાજસિંહ ઝાલા સંપર્ક નં. ૯૨૭૪૨૦૭૯૦૯ નામ : ચિન્મય આચાર્ય સંપર્ક નં. ૯૫૭૪૪૪૮૮૪૪ |

**(iv) મોર્ગેજ મિલકતનું સરનામું** : તે તમામ ભાગ અને હિસ્સાઓ એન્ટરટેઈનમેન્ટ ગેમ દુકાન નં.૩૦૧, ત્રીજો માળ, ક્ષેત્રફળ ૭૬૭૧ ચો.ફૂટ (કાર્પેટ એરિયા), 'ક્રિસ્ટલ મોલ', સ્થિત અત્રે રેવન્યુ સર્વે નં.૧૦૮પી, ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૨, ફાઈનલ પ્લોટ નં.૮૫૩પી, ગામ નાના મહુવા, કાલાવાડ રોડ, રાજકોટ, ગુજરાત-૩૬૦૦૦૫ અને આ મુજબ ખૂંટ : કહેવાતી દુકાન/મિલકતની ખૂંટો : પૂર્વ : માર્જિનની જગ્યા, પશ્ચિમ : પ્રવેશ જગ્યા, ઉત્તર : નિસરણીની જગ્યા અને લિફ્ટ અને દક્ષિણ : ખુલ્લો માર્જિન/મોલ/જમીનની ખૂંટો : પૂર્વ : જ્યોતીનગર મેઈન રોડ, પશ્ચિમ : મહાત્મા ગાંધી છાત્રાલય, ઉત્તર : આઈઓસી બિલ્ડિંગ એફપી નં.૮૫૨ અને દક્ષિણ : કાલાવાડ રોડ

ડિસ્કલેમર : મહેરબાની કરીને નોંધ લેવી કે સદર નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે આપેલ છે અને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને સ્થાવર મિલકત ખાતે જો કોઈ જંગમ મિલકત હોય તો તે વેચવાનો હક્ક નથી.

**સહી/- અધિકૃત અધિકારી**
**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
**(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી)**

**તારીખ : ૧૪.૧૨.૨૦૨૪**

**GUJARAT STATE WAQF BOARD**
**ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ**
Established under the Wakf Act, 1995
Constituted by the Government of Gujarat
Under Wakf Act, 1995 (Central Act - 43 )

ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નંબર ૮, ભોયતળિયે, જૂના સચિવાલય, સેક્ટર-૧૦, ગાંધીનગર
Dr.jivraj bhai Mehta Bhavan, Block No.8, Ground Floor, Old Secretariat, Sector- 10, Gandhinagar.

વકફઅધિનિયમ-૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ-૩૬
વિષય :- **"નિગાળ મુસ્લિમ જમાત-અંજાર"**
ઉપરોક્ત જણાવેલ વકફના મુતવલ્લી **કેવર કારાભાઈ રમજુભાઈ મુ.પો.નિગાળ,** જિ.કચ્છનાઓએ મજકુર વકફના ઉદ્દેશો પૂર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલકત/જંગમ મિલકત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ ૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમુનામાં દરખાસ્ત કરેલ છે.

| ગામ/મું. પો./ઠે | જિલ્લો અને તાલુકો | મિલકતનો પ્રકાર | સર્વે નં./ મિલ્કત નં. | હે.આરે-ચો.મી. |
|---|---|---|---|---|
| મુ.પો. નીંગાળ, | તા.અંજાર, જિ.કચ્છ | દરગાહ | બિ.અ.નં.૭૦૬ | *************** *************** |
| મુ.પો. નીંગાળ, | તા.અંજાર, જિ.કચ્છ | મદ્રેસા | ઘર નં.૪/૯૮ | *************** *************** |
| મુ.પો. નીંગાળ, | તા.અંજાર, જિ.કચ્છ | મસ્જિદ | ઘર નં.૪/૯૭ | *************** *************** |
| મુ.પો. નીંગાળ, | તા.અંજાર, જિ.કચ્છ | સરકારીપડતર કબ્રસ્તાન | સર્વ નં.૫૫૯/ બિન નંબરી ૩૩. | ૧-૨૧-૦૪ |

ઉક્ત જણાવેલ સ્થાવર મિલકતમાં માલિકી સરકારશ્રીની રહેશે. સદર મિલકતને વકફ અધિનિયમ ૧૯૯૫ની કલમ- (R) મુજબ ફક્ત "વકફ બાય યુઝર્સ" તરીકે વાપરવા અન્વયે વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઈ આ સંબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધાસૂચનો હોય તો તે દિન-૭માં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરીને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમય મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહીં મળે તો ઉક્ત જણાવેલ વકફના વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ -૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(એમ.એ.શેખ)
કચેરી અધિક્ષક,
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ,
ગાંધીનગર.

# JNUમાં વિક્રાંત મેસીની “ધ સાબરમતી રિપોર્ટ”ના સ્ક્રિનિંગ વખતે હોબાળો, પોસ્ટર ફાડી નાખવામાં આવ્યા

(એજન્સી) તા.૧૩

જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી (JNU)માં ‘ધ સાબરમતી રિપોર્ટ’ ફિલ્મના સ્ક્રિનિંગને લઈને મોટો હોબાળો થયો છે. આ ફિલ્મના સ્ક્રિનિંગ ના વિરોધ વ્યક્ત કરવા માટે કેમ્પસમાં લગાવેલા પોસ્ટર ફાડવામાં આવ્યા. મળતી માહિતી અનુસાર, સાબરમતી ફિલ્મનું પોસ્ટર ફાડ્યા બાદ પથ્થરમારાની ઘટના પણ બની હતી. હાલમાં જ રિલીઝ થયેલી વિક્રાંત મૈસીની ફિલ્મ ‘ધ સાબરમતી રિપોર્ટ’નું ભાજપની વિદ્યાર્થી પાંખ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીમાં સ્ક્રિનિંગ કરાયું હતું. આ દરમિયાન કેટલાક તત્ત્વોએ તેનો વિરોધ કર્યો, પોસ્ટરો ફાડ્યા અને પથ્થરમારો પણ કર્યો. આ ઘટનાનો વિરોધ કરતા એબીવીપીએ કહ્યું કે, ‘આ અભિવ્યક્તિની આઝાદી પર હુમલો છે, જેને અમે વખોડી કાઢીએ છીએ. આ કાયરતાપૂર્ણ હુમલો છે. અજાણ્યા ઉપદ્રવીઓ દ્વારા શાંતિથી ફિલ્મ જોતા દર્શકો પર પથ્થરમારો કરાયો હતો, જેના કારણે હજારો વિદ્યાર્થીઓ અને ત્યાં



હાજર લોકોના જીવ જોખમમાં મૂકાયા હતા.’ ‘ધ સાબરમતી રિપોર્ટ’ ગોધરા કાંડ પર આધારિત ફિલ્મ છે, જેની હાલ દેશભરમાં ચર્ચા છે. આ ફિલ્મમાં ૨૦૦૨ના ગુજરાત રમખાણોની સાથે મહત્ત્વપૂર્ણ સામાજિક મુદ્દા પણ ઉઠાવાયા છે. આ ફિલ્મ રિલીઝ પહેલેથી જ વિવાદમાં છે. કેટલાક લોકોએ ફિલ્મને એકતરફી પણ ગણાવી છે, જ્યારે કેટલાક લોકોએ તેના વખાણ કર્યા છે. બીજી તરફ, ભાજપ શાસિત કેટલાક રાજ્યોમાં આ ફિલ્મને ટેક્સ ફ્રી પણ કરી દેવાઈ છે. આ ફિલ્મમાં વર્ષ ૨૦૦૨માં સાબરમતી એક્સપ્રેસ ટ્રેનમાં ગોધરા સ્ટેશને આગ લાગવાની ઘટના અને ત્યારબાદ થયેલા રમખાણોની તપાસની વાત કરાઈ છે. આ ફિલ્મ એક પત્રકારની કહાની છે, જે આ ઘટનાના સત્યનો ઉજાગર કરવાના પ્રયાસ કરે છે.

# આપ યુનિવર્સલ બિંગ હો, ઈસકો હટાઓ : મહિલાએ બાઈકરને કહ્યું - હિન્દુ સ્ટીકર હટાવો તમારા ટુ વ્હિલર પરથી, વીડિયો વાયરલ

(એજન્સી) તા.૧૩

સોશિયલ મીડિયા પર દરરોજ એકથી એક ચઢિયાતા વીડિયો સામે આવે છે. કેટલાક એવા વીડિયો હોય છે જે જોયા પછી આશ્ચર્ય થાય છે. ઘણી વખત આવા વીડિયો આપણા હાથમાં આવે છે, જેને જોયા પછી વ્યક્તિ વિચારવા પર મજબૂર થઈ જાય છે. અમે તમારી સાથે આવો જ એક વીડિયો શેર કરવા જઈ રહ્યા છીએ, જેને જોયા પછી તમે એક ક્ષણ માટે ચોંકી જશો અને વિચારશો કે આ મહિલા કેમ આવુ બોલી રહી છે ? વાસ્તવમાં, એક વીડિયો સામે આવ્યો છે જેમાં એક મહિલા બાઈક પર હિંદુ સ્ટીકર જોતા વાંધો ઉઠાવે છે. આ મહિલાનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. વાયરલ વીડિયોમાં જોઈ શકાય છે કે એક યુવક ટ્રાફિકમાં બાઈક પર ઉભો છે. ત્યારે બાજુમાં ઉભેલી એક મહિલા આવીને યુવકને પૂછે છે કે બાઈક પર હિન્દુ કેમ લખ્યું છે ? આના પર યુવક કહે છે, મેડમ, તમે ક્યાંના છો ? સ્ત્રી આનો જવાબ નથી આપતી અને કહે છે મને કહો ? તેના પર યુવક કહે છે કે કારણ કે અમે હિંદુ છીએ. મહિલા આગળ કહે છે કે, પોતાની જાતમાં આટલો સંકોચ





શા માટે ? મહિલા કહે છે કે તમે હિન્દુ નથી ? તમે યુનિવર્સલ બિંગ છો. શા માટે તમે તમારી જાતથી આટલી સંકોચાઈ રહ્યા છો ? સ્ત્રી કહે છે આ બધું કાઢી નાખો, હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી, આ બધી રાજનીતિએ બનાવેલી વસ્તુઓ છે. જો તમે આટલા મહાન હિંદુ હોત, તો તમે મને તમારા કપાળ પર ભગવાને ઓમ લખીને મોકલ્યા હોત. આગળ વીડિયોમાં મહિલા અને યુવક વચ્ચે વાતચીત થઈ રહી છે અને તે દરમિયાન યુવક બોલવા લાગ્યો, ઓકે મેડમ, તમે આગલી વખતે મળો ત્યારે તમે આ જોશો નહીં. આ વીડિયો X યુઝરે શેર કર્યો છે. વીડિયો પર લોકોની પ્રતિક્રિયાઓ પણ જોવા મળી રહી છે. એક યુઝરે લખ્યું કે આજના સમયમાં દરેકને ફ્રી નોલેજ આપવું પડશે. એક પૂર્વ યુઝરે લખ્યું કે, યુવકે સીધું બોલવું જોઈતું હતું, જેથી તમને ખબર પડે કે કોણ બોલ્યું. એક યુઝરે લખ્યું કે તેમની સમસ્યા શું છે ? તે ક્યા સમાજ સુધારક છે ? વાયરલ વીડિયો પર ઘણા લોકોએ પોતાનો અભિપ્રાય આપ્યો છે.

# ABVPનો દાવો-JNUમાં ધ સાબરમતી રિપોર્ટના સ્ક્રિનિંગ વખતે પથ્થરમારો થતાં વિદ્યાર્થીઓ ઈજાગ્રસ્ત થયા

(એજન્સી) તા.૧૩

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે (ABVP) ગુરૂવારે દાવો કર્યો હતો કે જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી કેમ્પસમાં ફિલ્મ ‘સાબરમતી રિપોર્ટ’ના સ્ક્રિનિંગ દરમિયાન બહારથી પથ્થરમારો કરવામાં આવ્યો હતો જેમાં કેટલાક વિદ્યાર્થીઓ ઘાયલ થયા હતા. JNU AVBP વિંગના પ્રમુખ રાજેશ્વર કાંત દુબેએ જણાવ્યું હતું કે, “કેટલાક વિદ્યાર્થીઓને સામાન્ય ઈજાઓ થઈ છે. થોડા સમય માટે સ્ક્રિનિંગ બંધ કરવામાં આવ્યું હતું, પરંતુ થોડા સમય પછી ફરી શરૂ કરવામાં આવ્યું હતું. દુબેએ જણાવ્યું કે ગુરૂવારે સાંજે સેંકડો વિદ્યાર્થીઓ ફિલ્મ જોઈ રહ્યા હતા ત્યારે કેટલાક લોકોએ તેમના પર પથ્થરમારો શરૂ કર્યો. યુનિવર્સિટી વહીવટીતંત્ર અથવા વિદ્યાર્થી સંઘ તરફથી તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આવી નથી. એબીવીપીએ દાવો કર્યો હતો કે ડાબેરી સંગઠનોના કેટલાક વિદ્યાર્થીઓ પથ્થરબાજીમાં સામેલ હતા. દુબેએ કહ્યું, ‘અમે યુનિવર્સિટી પ્રશાસનને ઔપચારિક ફરિયાદ કરી છે અને દિલ્હી પોલીસને પણ ફરિયાદ કરીશું.’ એક નિવેદનમાં એબીવીપીએ આ ઘટનાની નિંદા કરી અને તેને ‘ભારત વિરોધી’ અને ‘હિંદુ વિરોધી’ ગણાવી. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ‘સાબરમતી રિપોર્ટનું સ્ક્રિનિંગ સત્ય બહાર લાવવા અને આવા



વિષયો પર ચર્ચાને પ્રોત્સાહન આપવા તરફનું એક પગલું હતું.’ જો કે, આ ઘટના આપણા કેમ્પસમાં કેટલીક ભારત વિરોધી, હિંદુ વિરોધી શક્તિઓની અસહિષ્ણુતા અને અસુરક્ષાને પ્રતિબિંબિત કરે છે, જેઓ ધર્મ, સચ્ચાઈ અને સત્યના આગળ આવવાથી ડરે છે.

# ન્યાયાધીશે સંન્યાસીની જેમ જીવવું જોઈએ, ઘોડાની જેમ કામ કરવું જોઈએ; દેખાડા માટે કોઈ સ્થાન નથી : સુપ્રીમ કોર્ટ

(એજન્સી) તા.૧૩

જસ્ટિસ બીવી નાગરત્ના અને એન કોટીશ્વરસિંહની બેંચ મધ્યપ્રદેશ હાઈકોર્ટ દ્વારા બે મહિલા ન્યાયિક અધિકારીઓને બરતરફ કરવા સંબંધિત કેસની સુનાવણી કરી રહી હતી. સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરી હતી કે ન્યાયતંત્રમાં દેખાડા માટે કોઈ સ્થાન નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે ન્યાયાધીશોએ સંત જેવું જીવન જીવવું જોઈએ અને પુરી મહેનતથી કામ કરવું જોઈએ. સુપ્રીમ કોર્ટે ગુરૂવારે કહ્યું કે ન્યાયાધીશોએ સંત જેવું જીવન જીવવું જોઈએ અને પુરી મહેનતથી કામ કરવું જોઈએ. તેમજ તેઓએ ઈન્ટરનેટ મીડિયાનો ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ. એટલું જ નહીં સુપ્રીમ કોર્ટે કહ્યું કે ન્યાયાધીશોએ નિર્ણયો અંગે કોઈ અભિપ્રાય વ્યક્ત ન કરવો જોઈએ. જસ્ટિસ બીવી નાગરત્ના અને જસ્ટિસ એન કોટીશ્વર સિંહની બેન્ચે આ મૌખિક ટિપ્પણી કરી હતી. બેંચ મધ્યપ્રદેશ હાઈકોર્ટ દ્વારા બે મહિલા ન્યાયિક અધિકારીઓને બરતરફ કરવા સંબંધિત કેસની સુનાવણી કરી રહી હતી. સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરી હતી કે ન્યાયતંત્રમાં દેખાડા માટે કોઈ સ્થાન નથી. બરતરફ કરાયેલી એક મહિલા ન્યાયાધીશ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ આર બસંતે બેન્ચના મંતવ્યોને દોહરાવતા કહ્યુ કે કોઈ પણ ન્યાયિક અધિકારી અથવા ન્યાયાધીશે ફેસબુક પર ન્યાયિક કાર્ય સંબંધિત કોઈ પોસ્ટ પોસ્ટ કરવી જોઈએ નહીં. વરિષ્ઠ વકીલ ગૌરવ અગ્રવાલે બરતરફ કરાયેલ મહિલા



ન્યાયાધીશ સામેની વિવિધ ફરિયાદો બેન્ચ સમક્ષ રજૂ કર્યા બાદ આ ટિપ્પણી કરવામાં આવી છે. અગ્રવાલે બેંચને જણાવ્યું કે મહિલા જજે ફેસબુક પર એક પોસ્ટ પણ કરી હતી. ૧૧ નવેમ્બર, ૨૦૨૩ના સર્વોચ્ચ અદાલતે રાજ્ય સરકાર દ્વારા છ મહિલા સિવિલ ન્યાયાધીશોને બરતરફ કરવા અંગે સુઓ મોટુ સંજ્ઞાન લીધું હતું. જો કે મધ્યપ્રદેશ હાઈકોર્ટની પૂર્ણ બેન્ચે ૧ ઓગસ્ટના તેની અગાઉના પ્રસ્તાવો પર પુનર્વિચાર કર્યો અને ચાર અધિકારીઓ જ્યોતિ વરકડે, શ્રીમતી સોનાક્ષી જોશી, શ્રીમતી પ્રિયા શર્મા અને રચના અતુલકર જોશીને કેટલીક શરતો સાથે પુનઃસ્થાપિત કરવાનો નિર્ણય કર્યો જ્યારે અન્ય બે અદિતિ કુમાર શર્મા અને સરિતા ચૌધરીને પ્રક્રિયામાંથી બહાર રાખવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટ આ બે જજના કેસ પર જ વિચાર કરી રહી છે. ધાર્મિક સ્થાનો પરના દાવા અંગેનો મુકદ્દમો હાલ પૂરતો અટકી ગયો છે. સર્વોચ્ચ અદાલતે દેશભરની અદાલતોને નિર્દેશ આપ્યો છે કે જ્યાં સુધી પૂજા સ્થળ અધિનિયમને લગતો કેસ સર્વોચ્ચ અદાલતમાં પેન્ડિંગ છે, ત્યાં સુધી અદાલતો ધાર્મિક સ્થળો પરના દાવાના નવા કેસ નોંધશે નહીં અને ન તો કોઈ અસરકારક વચગાળા કે અંતિમ પડતર કેસોમાં કાર્યવાહી કરવાનો આદેશ આપશે. સર્વેનો પણ આદેશ આપવામાં આવશે નહીં. આ વચગાળાના આદેશો ગુરૂવારે મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના, ન્યાયમૂર્તિ સંજય કુમાર અને ન્યાયાધીશ કે.વી. વિશ્વનાથનની ખંડપીઠે પ્લેસ ઑફ વર્શિપ (વિશેષ જોગવાઈઓ) અધિનિયમ ૧૯૯૧ સંબંધિત અરજીઓની સુનાવણી દરમિયાન જારી કર્યા હતા. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે, પૂજા સ્થળ કાયદાની કાયદેસરતા અને કાયદાના અમલીકરણ અંગેની માંગણીઓ તેની સમક્ષ પેન્ડિંગ છે. આ એક મહત્વપૂર્ણ મામલો છે અને કોર્ટ તેની સુનાવણી કરશે. પરંતુ કેસની સુનાવણી થાય ત્યાં સુધી કોર્ટ કોઈ અસરકારક આદેશ ન આપે તો તે યોગ્ય રહેશે. ધ્યાનમાં રાખો કે આ કેસ વર્ષ ૨૦૨૦થી સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે. સર્વોચ્ચ અદાલત મુખ્યત્વે પૂજા સ્થળોની સ્થિતિને સ્થિર કરવા માટે ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ પીવી નરસિમ્હા રાવની આગેવાની હેઠળની સરકારે લાવી હતી તે પ્લેસિસ ઓફ વર્શીપ (સ્પેશિયલ પ્રોવિઝન્સ) એક્ટ, ૧૯૯૧ની બે જોગવાઈઓની બંધારણીય માન્યતાનું પરીક્ષણ કરશે. અધિનિયમની કલમ ૩ અને ૪ની માન્યતાને સુપ્રીમ કોર્ટમાં અનેક અરજીઓમાં પડકારવામાં આવી છે. કોર્ટ હવે આ કેસની આગામી સુનાવણી ૧૭ ફેબ્રુઆરીએ કરશે.

# મહારાષ્ટ્રના જજ રૂપિયા ૫ લાખની લાંચ લેતાં ઝડપાયા એસીબીની ભ્રષ્ટાચાર સંબંધે શ્રેણીબદ્ધ ધરપકડ

## જજે કથિત રીતે ફરિયાદીના પિતાને જામીન આપવાના બદલામાં મોટી રકમની માગણી કરી હતી

(એજન્સી) તા.૧૩

આઘાતજનક ઘટનાક્રમમાં, મહારાષ્ટ્રમાં એક જિલ્લા ન્યાયાધીશ રૂા. ૫ લાખની લાંચ લેતા રંગે હાથે ઝડપાઈ ગયા હતા. જિલ્લા અને સત્ર ન્યાયાધીશ ધનંજય નિકમની ત્રણ સાથીદારો સાથે લાંચના કેસના સંબંધમાં એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી) દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. જજે કથિત રીતે ફરિયાદીના પિતાને જામીન આપવાના બદલામાં મોટી રકમની માંગણી કરી હતી. આ ઘટના કોર્ટના પરિસરમાં બની હતી, જ્યાં આરોપીઓએ કથિત રીતે લાંચ મેળવવા માટે સોદો કર્યો હતો. ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરોએ સતારા ખાતેની એક હોટલમાં ઝડપથી છટકું ગોઠવ્યું, જ્યાં ન્યાયાધીશ લાંચ લેતા ઝડપાયા. એક કેસ નોંધવામાં આવ્યો છે, અને તપાસ ચાલુ છે કારણ કે પોલીસ ભ્રષ્ટાચારની વધુ વિગતો બહાર લાવવા માટે કામ કરી રહી છે. આ ધરપકડ ન્યાયિક પ્રણાલીમાં ભ્રષ્ટાચારને ડામવાના વધતા પ્રયાસનો એક ભાગ છે.



દરમિયાન, એક અલગ ઘટનામાં, રાજસ્થાન એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી)એ ઝુનઝુનુમાં નોંધપાત્ર ધરપકડ કરી હતી. એક સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ (SDM) એક મોંઘા ડિનર સેટ સાથે રૂા. ૨ લાખની લાંચ લેતા ઝડપાયા હતા. ભ્રષ્ટાચારની અન્ય એક ઘટનામાં, રાજસ્થાનમાં એક વહીવટી અધિકારીએ જમીન વિવાદના કેસમાં કથિત રીતે જમીનની લાંચ માંગી હતી. રાજસ્થાન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (RAS)ના અધિકારી બંશીધર યોગી પર આરોપ છે કે તેણે ફરિયાદી પર કોર્ટના અનુકૂળ ચુકાદાના બદલામાં લાંચ તરીકે ૨૦ વીઘા જમીન આપવા દબાણ કર્યું હતું. જ્યારે ફરિયાદી આટલી મોટી માંગ પૂરી કરવામાં અસમર્થ હતો, ત્યારે બંશીધરે તેના બદલે ૫ લાખ રૂપિયાની માગણી કરીને પરિસ્થિતિને વધુ કપરી બનાવી દીધી. વેરિફિકેશન પ્રક્રિયા દરમિયાન, એવું પણ બહાર આવ્યું હતું કે બંશીધરે અગાઉ ગેરકાયદેસર વ્યવહારના ભાગરૂપે રૂા. ૧ લાખ સ્વીકાર્યા હતા. મહારાષ્ટ્રમાં અન્ય એક કેસમાં, રાજ્યના ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (ACB)એ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ના સહાયક ઈજનેર રંજન બાગવેની કોન્ટ્રાક્ટર પાસેથી ૩ લાખ રૂપિયાની લાંચ માંગવા અને સ્વીકારવા બદલ ધરપકડ કરી હતી. બાગવેએ કથિત રીતે BMCની ‘પે એન્ડ યુઝ’ યોજના હેઠળ જાહેર શૌચાલયોના બાંધકામને મંજૂરી આપવા બદલ લાંચ માંગી હતી. કોન્ટ્રાક્ટરે બાબા સાહેબ આંબેડકર રોડ અને રે રોડ રેલવે સ્ટેશન નજીક શૌચાલય બનાવવાની પરવાનગી માટે અરજી કરી હતી. જ્યારે તે કોન્ટ્રાક્ટર પાસેથી લાંચ સ્વીકારી રહ્યો હતો ત્યારે એસીબીએ બાગવેને રંગે હાથ પકડી લીધો.

# હેલ્થકેર CEOની હત્યા અને તેણે અમેરિકામાં ઓનલાઈન ભડકાવેલ ‘વર્ગ સંઘર્ષ’

## તેની ધરપકડ પહેલાં શંકાસ્પદ હત્યારો લુઈગી મંગિઓન વર્ચ્યુઅલ રીતે અજાણ્યો હતો, પોલીસે માત્ર એક અસ્પષ્ટ સુરક્ષા કેમેરા ફોટો બહાર પાડ્યો હતો, પરંતુ હવે તે અલગ વાર્તા છે

(એજન્સી) તા.૧૩

ન્યુયોર્કમાં એક હોટલની બહાર યુનાઈટેડ હેલ્થકેરના સીઈઓ બ્રાયન થોમ્પસનની હત્યામાં ધરપકડ કરાયેલ શંકાસ્પદ લુઇગી મંગિઓન માટેના ઓનલાઈન સમર્થનથી ખળભળાટ મચી ગયો છે. થોમ્પસનને ફૂટપાથ પર ગોળી મારી દેવામાં આવી હતી, શંકાસ્પદ વ્યક્તિ નજીકના રાજ્યોમાં સેવાઓ ઓફર કરતા બસ ડેપો પર ટેક્સી લેતા પહેલા બાઈક પર ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો. જ્યાં હત્યા થઈ હતી તે સ્થાનથી લગભગ ૩૭૫ કિલોમીટર દૂર અલ્ટુના, પેન્સિલવેનિયામાં મેકડોનાલ્ડ્સની એક બાતમીના આધારે સત્તાવાળાઓએ ૨૬ વર્ષીય લુઇગી મંગિઓનની ધરપકડ કરી. પોલીસનું કહેવું છે કે મંગિઓન થોમ્પસનને મારવા માટે વપરાએલ હોવાનું માનવામાં આવતું શસ્ત્ર બંદૂક લઈને આવ્યો હતો. એક નિવેદનમાં થોમ્પસનના પરિવારે કહ્યું કે તે બે પુત્રો માટે ‘અતુલ્ય પ્રેમાળ પિતા’ છે અને ‘તે તેમને ખૂબ જ યાદ કરશે.’ નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ‘અમારા પ્રિય બ્રાયનની મૂર્ખ હત્યા વિશે સાંભળીને અમે ભાંગી પડ્યા છીએ.’ ‘બ્રાયન એક અતિ પ્રેમાળ, ઉદાર, પ્રતિભાશાળી માણસ હતો જેણે ખરેખર જીવનને સંપૂર્ણ રીતે જીવ્યું અને ઘણા જીવનને સ્પર્શ્યું.’ જો કે, સોશિયલ મીડિયા પર ઘણા લોકોએ થોમ્પસનના પરિવાર સાથે નહીં પરંતુ તેના બદલે હત્યારા પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી હતી. મૅગિઓનનાં સંદર્ભો દર્શાવતી ટી-શર્ટ અને હૂડીથી લઈને કૉફી મગ અને શૉટ ગ્લાસ સુધીની વસ્તુઓ ઝડપથી ઑનલાઇન ઉભરી આવી છે. જો કે એમેઝોને આવા અનેક માલસામાનને પરત ખેંચી લીધા છે.

### કિલર જે ઓનલાઈન લોક હીરો બની ગયો

તેની ધરપકડ પહેલાં મેંગીઓન વર્ચ્યુઅલ રીતે અજાણ્યો હતો, પોલીસે માત્ર એક અસ્પષ્ટ સુરક્ષા કેમેરા ફોટો બહાર પાડ્યો હતો જે શંકાસ્પદનો અડધો ચહેરો દર્શાવે છે. જો કે, એકવાર તે તપાસનું કેન્દ્ર બન્યા પછી મેંગીઓન ઝડપથી ઓનલાઈન લોક હીરોમાં પરિવર્તિત થઈ ગયો. વાયર્ડ દ્વારા અહેવાલ મુજબ, TikTok પર વપરાશકર્તાઓએ શૂટરને શ્રદ્ધાંજલિમાં લોકગીતો શેર કરી હતી, જ્યારે બ્લુસ્કી પર લોકોએ તેની ઈબાઈક ગેટવે અને મોનોપોલી મનીથી ભરેલા બેકપેક વિશે અનુમાન લગાવ્યું હતું, જે તેની સાથે સંકળાયેલું છે, જે ન્યૂયોર્કના પ્રખ્યાત સેન્ટ્રલ પાર્કમાં જોવા મળે છે. ન્યુયોર્કમાં એક લુકલાઈક હરીફાઈ પણ યોજાઈ હતી, જ્યારે Spotifyએ સમર્પિત પ્લેલિસ્ટ્સનું સર્જન જોયું હતું. આર્કાઈવ ઓફ અવર ઓન પર ચાહક સાહિત્ય દેખાવાનું શરૂ થયું કારણ કે શંકાસ્પદની વાર્તાએ અનપેક્ષિત ઓનલાઈન ધ્યાન મેળવ્યું. મેંગિઓનને નિષ્ફળ આરોગ્યસંભાળ પ્રણાલી સામે વેરના પ્રતીક તરીકે ઓનલાઈન ચિત્રિત કરવામાં આવ્યું છે. વાયર્ડ કહે છે કે કેટલાકે તેને ‘ધ એડજસ્ટર’ તરીકે પણ ઓળખાવ્યો હતો. જેમ જેમ કેસ ખેંચતો ગયો તેમ મૅગિઓનની છબી એવી સ્ક્રીન બની ગઈ કે જેના પર વિશ્વના મંતવ્યો અને પૂર્વધારણાઓ પ્રક્ષેપિત કરવામાં આવી, તેને ‘મુખ્ય પાત્ર’ના દરજ્જા તરીકે વર્ણવવામાં આવે છે.જ ઓનલાઈન, ચાહકો ઘણીવાર લગભગ કોઈ પણ વસ્તુની આસપાસ સમુદાયો બનાવે છે અને ગોળીબાર પછી થોમ્પસનના શંકાસ્પદ હત્યારાની આસપાસ એક ચાહકવર્ગ ઉભરી આવ્યો છે જે પહેલા ભાગ્યે જ જોવા મળે છે. હોસ્પિટલના બિલ સાથે સંઘર્ષ કરનાર કોઈપણ માટે મંગિઓન હીરો બની ગયો. રૂટગર્સ યુનિવર્સિટીમાં નેટવર્ક કોન્ટેજીયન રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (NCRI)ના અહેવાલ મુજબ, ગોળીબાર પછી થોમ્પસન અથવા યુનાઈટેડ હેલ્થકેરનો ઉલ્લેખ કરતી X પરની ઘણી બધી વ્યસ્ત પોસ્ટ્સમાં હત્યા માટે સ્પષ્ટ અથવા ગર્ભિત સમર્થન વ્યક્ત કરવામાં આવ્યું હતું અથવા પીડિતની ટીકા કરવામાં આવી હતી. રેટરિક એક સમયે 4chan અથવા 8chan જેવા વિશિષ્ટ ઓનલાઈન ઉપસંસ્કૃતિઓ સુધી સીમિત રહેતું હતું જે મુખ્ય પ્રવાહના પ્લેટફોર્મ પર ફેલાય છે. અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે, ‘આ ઘટના એક સમયે મોટાભાગે વિશિષ્ટ ઓનલાઈન ઉપસંસ્કૃતિઓ સુધી મર્યાદિત હતી; અમે હવે મુખ્ય પ્રવાહના પ્લેટફોર્મ પર સમાન ગતિશીલતાના સાક્ષી છીએ.’ ધ ન્યૂયોર્ક ટાઈમ્સના જણાવ્યા મુજબ, ઘણા સોશિયલ મીડિયા યુઝર્સે થોમ્પસનના મૃત્યુને વધાવ્યું, ખાસ કરીને જેઓ ઈન્સ્યોરન્સ ક્લેઈમ્સની અંગત વાતો શેર કરે છે. TikTok પર, મહિલાઓએ મજાકમાં તેને અધિકારીઓથી છુપાવવાની ઓફર કરતા વીડિયો પોસ્ટ કર્યા છે. ‘આ માણસ અભયારણ્યને પાત્ર છે’ કેપ્શન સાથે વ્યાપક રીતે જોવાયેલ એક વિડિયોને લાખો વ્યૂઝ મળ્યા છે.

### મૅગિઓન માટે સમર્થનની મુશ્કેલીકારક મુખ્ય પ્રવાહ

ઓનલાઈન પ્રતિસાદમાં ઉમેરો કરીને ‘સાક્ષીઓ’ની હાસ્યલેખક સ્કીટ્સ છે જે પોલીસને કહે છે કે તેઓ એક આંખે અંધ છે અને બીજી આંખે લગભગ અંધ છે, રમૂજી રીતે આગ્રહ કરે છે કે તેઓએ ઘટનાસ્થળે કશું જોયું નથી. કેટલાક સૌથી પ્રખ્યાત ઈન્ટરનેટ સ્લીથ્સ તપાસથી દૂર રહ્યા છે.

NBCએ અહેવાલ આપ્યો છે કે Savannah Sparks, su TikTok પર ૧૩ લાખ ફોલોઅર્સ ધરાવે છે અને વાયરલ વીડિયોમાં જાતિવાદી અથવા ગુનાહિત કૃત્યોમાં સંડોવાયેલા લોકોની ઓળખને ટ્રેક કરવા અને જાહેર કરવા માટે જાણીતી છે, તેણે શૂટરને ઓળખવા અંગે ઉદાસીનતા વ્યક્ત કરી હતી. ‘અમે તેના પ્રત્યે ખૂબ ઉદાસીન છીએ,’ સ્પાર્ક્સે કહ્યું. જોકે, Sparks, ૩૪, અગાઉ કાયદા અમલીકરણ દ્વારા અધિકારીઓને શંકાસ્પદ લોકોને ઑનલાઇન કેવી રીતે શોધી શકાય તે અંગે તાલીમ આપવા માટે ભરતી કરવામાં આવી હતી, NBC ન્યૂઝ દ્વારા જોવામાં આવેલી ઈમેઈલ્સ અનુસાર, તેણે સ્પષ્ટ કર્યું કે તે આ કેસમાં પોલીસને મદદ કરવામાં રસ ધરાવતી નથી. સામૂહિક શૂટર્સ અને અન્ય



હિંસક અપરાધીઓ ઘણીવાર મેમ્સનો વિષય બની જાય છે, પરંતુ આ કિસ્સામાં અસ્વસ્થતા એ છે કે આ ઘટના કેટલી વ્યાપક બની ગઈ છે, NCRIના વરિષ્ઠ સલાહકાર એલેક્સ ગોલ્ડનબર્ગે મીડિયાને જણાવ્યું હતું કે, ‘આમાં ચિંતાજનક બાબત એ છે કે તે મુખ્ય પ્રવાહમાં છે.’ થોમ્પસનના મૃત્યુ અંગેની ઘણી ઓનલાઈન પ્રતિક્રિયાઓએ તેને વ્યાપક ‘વર્ગ સંઘર્ષ’ માટે સ્પાર્ક તરીકે નિમિત બનાવ્યો. યુ.એસ.માં આરોગ્ય ઈન્સ્યુરેન્સ કંપનીઓ ઘણીવાર મજબૂત મંતવ્યો રજૂ કરે છે અને જ્યારે અહેવાલો બહાર આવ્યા કે કથિત શૂટરે શાસ્ત્રના ખોંખા પર ‘નકાર’, ‘બચાવ કરો’ અને ‘મજબૂત’ જેવા શબ્દો લખ્યા હતા, ત્યારે જાહેર પ્રતિક્રિયાઓ તીવ્ર બની હતી. આ શબ્દસમૂહોમાં વિલંબ, બચાવ, નામંજૂરઃ શા માટે વીમા કંપનીઓ દાવાઓ ચૂકવતી નથી અને તમે તેના વિશે શું કરી શકો છો, વીમા ઉદ્યોગમાં કથિત અનૈતિક પ્રથાઓ જેમ કે માન્ય દાવાઓમાં વિલંબ અથવા નકારવા અંગે ચર્ચા કરતું કાનૂની નિષ્ણાત જય ફેનમેનનું પુસ્તક સંદર્ભિત કરે છે. પેન્સિલવેનિયાના અલ્ટુનામાં મેકડોનાલ્ડ્સમાં મેંગિઓન જોવા મળ્યા પછી રેસ્ટોરન્ટ ઓનલાઈન પ્રતિક્રિયાનું લક્ષ્ય બની ગયું. બ્લુસ્કી પર વપરાશકર્તાઓએ તેને ‘SnitchDonald's’ તરીકે ઓળખાવ્યું, અને સ્થાનને થોડા સમય માટે Google પર નકારાત્મક સમીક્ષાઓના પૂરનો સામનો કરવો પડ્યો. ઘણી ટિપ્પણીઓમાં આરોગ્યસંભાળ ઉદ્યોગનો સંદર્ભ આપવામાં આવ્યો હતો, જેમાં રસોડામાં ‘ઉંદરો’ અને ‘નાર્કોટિક્સ’ કર્મચારીઓના દાવાઓ, પોલીસ જાણકારો માટે અપશબ્દો હતા. ‘આ સ્થાનમાં રસોડામાં ઉંદરો છે જે તમને બીમાર કરશે અને તમારો વીમો તેને આવરી લેશે નહીં,’ એક સમીક્ષા વાંચે છે. ‘NarcDonald’sની જેમ વધુ ... હું આશા રાખું છું કે મેદસ્વીતા અને હૃદય રોગ PAમાં નેટવર્કમાં છે. CBS ન્યૂઝ દ્વારા અહેવાલ મુજબ, @ McDonald’s ...” નામંજૂર કરો, બચાવ કરો, ડિપોઝ કરો, ઝાડા કરો. ગૂગલે પાછળથી તેની ઉપયોગની શરતોનું ઉલ્લંઘન કરવા બદલ સમીક્ષાઓ દૂર કરી અને પ્લેટફોર્મની અખંડિતતા જાળવવા વધારાની સલામતીનો અમલ કર્યો હોવાની કંપનીના પ્રવક્તાએ પુષ્ટિ કરી.

### યુનાઈટેડહેલ્થકેરના સીઈઓનું શૂટિંગ ઘણા લોકો માટે વીમા અંગેની હતાશાને બહાર કાઢવાના દરવાજા ખોલે છે

જટિલ અને સંભવિત વિરોધાભાસી માન્યતાઓ સાથેનો ખૂની વાયર્ડના જણાવ્યા મુજબ, લોકોએ જૂના X એકાઉન્ટ્સ અને ગિટહબ પેજમાં તપાસ કરી હતી જે શંકાસ્પદ વ્યક્તિના હોવાનું માનવામાં આવે છે. તેના ગુડરેડ્સ એકાઉન્ટ ફંફોસવાથી જાણવા મળ્યું કે તેણે માઈકલ પોલાન અને એલ્ડસ હક્સલી જેવા લેખકોને વાંચ્યા હતા. તે આઈવી લીગ-શિક્ષિત હતો અને કદાચ જો રોગન અને ટકર કાર્લસનનો ચાહક હતો, જેઓ રૂઢિચુસ્ત ટીકાકારો છે. ઘણા લોકોએ શરૂઆતમાં ડાબેરી વલણ ધરાવતા મૂડીવાદ વિરોધી ક્રાંતિકારી તરીકે જેની કલ્પના કરી હતી તે જટિલ અને સંભવિત રીતે વિરોધાભાસી માન્યતાઓ ધરાવનાર વ્યક્તિ હોવાનું બહાર આવ્યું છે, જેમ કે અન્ય ઘણા ઑનલાઇન લોકોની જેમ. મીમ્સ, જેમ કે વાયર્ડે નોંધ્યું છે તેમ, ફરી એકવાર વ્યક્તિને અતિસરળ બનાવી દીધી હતી, જે તેને ઈન્ટરનેટની સામૂહિક નિરાશાને પ્રતિબિંબિત કરતી આકૃતિમાં પરિવર્તિત કરી દે છે-પછી ભલે તે યુએસ હેલ્થકેર સિસ્ટમ સાથે હોય કે કોર્પોરેશનોની અપાર શક્તિ. વાયર્ડના જણાવ્યા મુજબ, જે કોઈ હેલ્થકેર સીઈઓને મારી નાખવાનો આશરો લે છે તે કદાચ સિસ્ટમ વિશે હતાશા શેર કરી શકે છે પરંતુ તેના પર ઓનલાઈન વળગેલા લોકો સાથે અન્ય કોઈ સમાનતા નથી. વેબસાઈટે નોંધ્યું છે કે શંકાસ્પદ વ્યક્તિ પ્રત્યે ઈન્ટરનેટનું આકર્ષણ તેમની માન્યતાઓમાં જટિલતાઓ અથવા વિરોધાભાસને ધ્યાનમાં લીધા વગર વ્યક્તિ પર વ્યાપક સામાજિક ફરિયાદો રજૂ કરવાની તેની વૃત્તિને પ્રતિબિંબિત કરે છે. વાયર્ડે વધુમાં અહેવાલ આપ્યો કે આ ઘટના અંગેની જાહેર પ્રતિક્રિયાઓ સામાજિક વિભાજન અને હતાશાનું ઊંડું પ્રતિબિંબ દર્શાવે છે. ડેઈલી વાયર હોસ્ટ બેન શાપિરોની યુટ્યુબ ચેનલ પર, ‘ધ એવિલ રિવોલ્યુશનરી લેફ્ટ ચીયર્સ મર્ડર !’ શીર્ષકનો વીડિયોએ લાક્ષણિક પક્ષપાતી કથાઓને અવગણનારી ટિપ્પણીઓને વેગ આપ્યો. પ્રતિભાવોમાં નિવેદનોનો સમાવેશ થાય છે જેમ કે, ‘હકીકત : ડાબે અને જમણે બંને ઉત્સાહિત છે ! અમને તમારી લાગણીઓની કોઈ પરવા નથી’ અને ‘હું હવે આ ડાબે વિરૂદ્ધ જમણે’થી પ્રભાવિત થતો નથી બેન, મને મારા પરિવાર માટે આરોગ્ય સંભાળ જોઈએ છે ’. અન્ય એક ટિપ્પણીકર્તાએ ઉમેર્યું, “માત્ર એક કારણ કે ‘ડાબેરી’ કંઈક પસંદ કરે છે તેનો અર્થ એ નથી કે તમારે તેને સહજપણે નફરત કરવી પડશે. જાગો અને જગ્યા ચકાસો ભાઈ.” સ્વાભાવિક રીતે, આ ટિપ્પણીઓ સામાન્ય રીતે સખત વૈચારિક ઝઘડા સાથે સંકળાયેલી જગ્યામાં અલગ તરી આવી હતી.

રાજ્યમાં ઝડપાયેલ નકલી ED મામલામાં રાજકીય યુદ્ધ શરૂ

# નકલી ED મામલે મંત્રી સંઘવી અને આપના ઈટાલિયા વચ્ચે વોર : સામે છાતીએ ચર્ચા માટે આપ્યો પડકાર

## ટ્વિટ-ટ્વિટની રમત કરવાને બદલે જાહેરમાં ડિબેટ કરવા સંઘવીને ઈટાલિયાની ચેલેન્જ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૩

રાજ્યમાં નકલી-નકલીની ભરમાર વચ્ચે સેન્ટ્રલ એજન્સી એવી નકલી આખી ED ટીમના બહાર આવેલ મામલામાં હવે રાજકીય આક્ષેપ બાજી પણ શરૂ થઈ જવા પામી છે. ૨ ડિસેમ્બરના રોજ કચ્છમાં એન્ફોર્સમેન્ટ ડિરોક્ટોરેટ (ED)ની નકલી ટીમે જ્વેલર્સ પેઢીને ત્યાં દરોડો પાડી ૨૫ લાખથી વધુની ઉઠાંતરી કરી હતી. જોકે, ૪ ડિસેમ્બરે આ સમગ્ર મામલો સામે આવ્યો હતો. જેમાં પોલીસ દ્વારા ૧૨ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે એક આરોપી હજુ પણ ફરાર છે, ત્યારે EDની આ નકલી ટીમમાં ભુજના એક પત્રકાર, અમદાવાદની એક મહિલા સહિત ૧૩ આરોપીઓ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા.

દરમિયાન આજે ૧૩ ડિસેમ્બરે આ મામલે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા એક્સ (X) પોસ્ટ પર ટ્વીટ કરવામાં આવ્યું છે. જેમાં તેમણે નકલી ED ટીમના મુખ્ય આરોપી અબ્દુલસતારને આમ આદમી પાર્ટીનો નેતા ગણાવ્યો હતો. જેની સામે AAP નેતા ગોપાલ ઈટાલિયાએ ટ્વીટ કરી કહ્યું હતું કે, ટ્વીટ-ટ્વીટની રમત કરવાને બદલે સામી છાતીએ ચર્ચા કરવા હાલ્યા આવો. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ એક્સ પોસ્ટ પર ટ્વીટ કર્યું હતું. જેમાં તેમણે લખ્યું કે, અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીનું વધુ એક પરાક્રમ સામે આવ્યું છે. ગુજરાતમાં પાર્ટીના નેતાએ EDની નકલી ટીમ બનાવી અને તેનો કેપ્ટન બની લોકોને લૂંટ્યાં. કચ્છમાં ઝડપાયેલી EDની નકલી ટીમનો કમાન્ડર ગુજરાત આમ આદમી પાર્ટીનો નેતા નીકળ્યો. આ છે કેજરીવાલના ચેલાની કરતૂતનો ખરો પુરાવો.

ત્યારબાદ આમ આદમી પાર્ટીના નેતા અને પાટીદાર આંદોલનમાં સક્રિય ભૂમિકા ભજવનાર ગોપાલ ઈટાલિયાએ એક્સ પોસ્ટ પર ટ્વીટ કરી જણાવ્યું હતું કે, હર્ષ સંઘવી ભાગે નહીં, ભાગતા નહીં... ટીવી પાછળ છુપાઈને ટ્રોલ સેનાની જેમ ટ્વીટ ટ્વીટની રમત કરવાને બદલે ગૃહમંત્રીને છાજે એમ સામી છાતીએ ચર્ચા કરવા હાલ્યા આવો. કચ્છની નકલી ED મુદ્દે આમ આદમી પાર્ટીને Expose કરવા હર્ષ સંઘવી જાહેરમાં ડિબેટ કરવાના સમય સ્થળની જાણ કરે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ અગાઉ જ્યારે ગુજરાતમાંથી નકલી EDની ટીમ પકડાઈ હતી ત્યારે આપ નેતા ગોપાલ ઈટાલિયાએ X પોસ્ટ પર ટ્વીટ કરી જણાવ્યું હતું કે, ગુજરાતમાંથી નકલી ઈડીની ટીમ પકડાઈ. મને તો આ ટીમ ઓરિજનલ લાગે છે, કેમ કે આ લોકોએ ગુજરાતમાં દોરોડા પાડવાની હિંમત તો કરી.

અત્રે ઉલ્લેખનીય છે કે નકલી ઈડી મામલે અમદાવાદની રેલવે ડીઆરએમ ઓફિસમાં ટ્રાન્સલેટરની ફરજ નિભાવતા એક શખસે પોતાનું ખોટું ઈડીનું આઈડીકાર્ડ બનાવીને ૧૩ લોકોની ટીમ બનાવી અલગ અલગ કામ સોંપીને ગાંધીધામના એક જવેલર્સને ત્યાં દરોડો પાડવાનું તરકટ રચ્યું હતું. ત્યાર બાદ એક મહિલા આરોપીએ જવેલર્સ પેઢીના માલિકોનું ધ્યાન ચૂકવીને ૧ સોનાનું બિસ્કિટ, ૬ સોનાના લેડીઝ બ્રેસ્લેટ પોતાના બેગમાં સરકાવી દીધાં હતાં. ત્યારબાદ આ લોકો ત્યાંથી ફરાર થઈ ગયા હતા, બે દિવસની મહેનત બાદ પૂર્વ કચ્છની એલસીબી અને એ ડિવિઝન પોલીસે નકલી ઈડી ટીમના ૧૩માંથી ૧૨ આરોપીને ઝડપી પાડયા હતા. ઝડપાયેલા આરોપીઓને અધિક ચીફ જ્યુ. મેજિ. કોર્ટ ગાંધીધામ ખાતે આજરોજ ૧૪ દિવસના રિમાન્ડની માગણી સાથે રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાં કોર્ટે સરકારી વકીલની રજૂઆતોને ધ્યાનમાં રાખીને આરોપીઓના ૧૧ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

રાવત સહિત બે વ્યક્તિઓને ભાગેડું જાહેર કરી તેમની મિલકતો ટાંચમાં લઈ ઠરે-ઠેર નોટિસના પોસ્ટરો લગાવાયા હતા

# દાહોદનો ચર્ચાસ્પદ નકલી NA પ્રકરણ પહોંચ્યો સુપ્રીમ કોર્ટમાં : આરોપી રાવતની ધરપકડ પર સ્ટે

## સુપ્રીમ કોર્ટે સરકાર-પોલીસની કરી ઝાટકણી : દુબઈથી પરત આવી તપાસમાં સહયોગ આપવા નિર્દેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૩

દાહોદના ચર્ચાસ્પદ નકલી એન.એ પ્રકરણના માસ્ટર માઈન્ડ તરીકે કુત્બુદ્દીન રાવતનો આરોપી તરીકે સમાવેશ કરાયા બાદ કુત્બુદ્દીન રાવત સહિત બે વ્યક્તિઓને ભાગેડુ જાહેર કરી તેઓની મિલકતો ટાંચમાં લઈ દાહોદમાં ઠેરઠેર તેઓની શોકોઝ નોટિસના પોસ્ટરો ચોંટાડવામાં આવ્યાં હતાં, દરમિયાન સુપ્રીમ કોર્ટમાં આ મામલો પહોંચતાં એડવોકેટની દલીલોને ધ્યાનમાં લઈ સુપ્રીમ કોર્ટે કુત્બુદ્દીન રાવતની ધરપકડ પર સ્ટે આપ્યો છે. સાથેસાથે તે દેશમાં આવી તપાસમાં સહયોગ કરે તેમ કોર્ટ દ્વારા કહેવામાં આવ્યું છે. સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકાર અને ગુજરાત પોલીસને આ મામલે આડે હાથ લીધી હતી.

દાહોદમાં નકલી બિન ખેતી પ્રકરણે સમગ્ર ગુજરાત રાજ્યમાં ચકચાર મચાવી મૂકી છે. જેમાં દાહોદ પોલીસે એક પછી એક ફરિયાદોનો દૌર આરંભ કરી આ કૌભાંડમાં સામેલ માસ્ટર માઈન્ડ શૈષવ પરીખ સહિત અનેક લોકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આરોપીઓને જેલના સળીયા પાછળ ધકેલવાની પોલીસ દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે, ત્યારે આ સમગ્ર મામલે થોડા દિવસો પહેલા દાહોદ પોલીસે કોર્ટની મંજુરી લઈ કુત્બુદ્દીન રાવત અને રામુ પંજાબી સામે શોકોઝ નોટિસ જારી કરી હતી. જેને પગલે આ બંનેની મિલકતો ટાંચમાં લઈ દાહોદમાં ઠેરઠેર તેઓની શોકોઝ નોટીસ ચોંટાડવામાં આવી હતી.

આ કેસ મામલે એડવોકેટે આ મામલો સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો, જેમાં ઉત્કર્ષ દવેએ સુપ્રીમ કોર્ટમાં જરૂરી આધાર, પુરાવાઓ રજુ કરતાં સુપ્રીમ કોર્ટ પણ ચોંકી ઉઠી હતી. જેમાં કુત્બુદ્દીન રાવત સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ તે પહેલાં કુત્બુદ્દીન રાવત અને તેમનો પરિવાર વેકેશન માણવા થાઈલેન્ડ ગયાં હતાં અને ત્યાં તેઓને ખબર પડી કે, પોતાની સામે નકલી બિન ખેતી પ્રકરણમાં ફરિયાદ તેમજ શોકોઝ નોટિસ જાહેર થઈ છે. ત્યારે કુત્બુદ્દીન રાવત પોતાના બચાવમાં દેશમાં પરત આવતાં ન હતાં. કુત્બુદ્દીન રાવત દ્વારા આ નકલી બિનખેતી પ્રકરણમાં સામેલ ન હોવાનું, તેઓ કોઈ ગંભીર ગુન્હાના આરોપી ન હોવાનું તેમજ અન્ય કોઈ ગુન્હો પણ ન હોવાનું કોર્ટ સમક્ષ જણાવી પુરાવાઓ પણ રજૂ કરવામાં આવ્યાં હતાં. આ તમામ પુરાવાને ધ્યાનમાં લઈ સુપ્રીમ કોર્ટ દ્વારા કુત્બુદ્દીન રાવતના ધરપકડ ઉપર સ્ટે આપી તેને ભારત આવી પોલીસની કામગીરીમાં સહયોગ કરે તેવો હુકમ કરવામાં આવ્યો હતો.

દાહોદમાં નકલી બિનખેતી પ્રકરણમાં આરોપીઓનો કેસ લડતા એડવોકેટે જણાવ્યું હતું કે, દાહોદમાં સામે આવેલા કરોડો રૂપિયાના નકલી બિનખેતી કૌભાંડ કોઈ મોટા અધિકારીઓની સંડોવણી અને સાંઠગાંઠ વગર શક્ય જ નથી. પોલીસ કેટલાંક સરકારી અધિકારીઓ અને નિવૃત અધિકારીઓની ધરપકડ કરી સંતોષ માની રહી છે, આ કૌભાંડ કોઈ મોટા અધિકારીઓની સંડોવણી વગર શક્ય નથી, આ કૌભાંડકારી અધિકારીની તપાસ કરવામાં આવે તે જરૂરી છે તેમ રજૂઆતમાં જણાવ્યું હતું.

# રણોલી જીઆઈડીસીમાંથી ગેસ રિફિલિંગ કૌભાંડ ઝડપાયું ; સુપરવાઈઝર, ડ્રાઈવર સહિત ૧૦ની ધરપકડ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૩

રણોલી જીઆઈડીસીમાં આવેલા રાઘવ ઈન્ડસ્ટ્રીયલમાં ભારત ગેસ એજન્સીના ગોડાઉનમાં એસઓજી પોલીસે રેડ કરીને ગેસ રિફિલિંગ કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. જેમાં સ્થળ પરથી ઘરેલુ ગેસના બોટલમાંથી કોમર્શિયલમાં પાઈપ વડે ગેસની ચોરી કરતા સુપરવાઈઝર અને ડ્રાઈવર સહિતના મળતિયાંઓ મળી ૧૦ લોકોની ધરપકડ કરાઈ હતી. વડોદરા શહેરમાં વિવિધ ગેસ એજન્સીઓ દ્વારા ઘરેલુ ગેસ ડિલિવરી કરવાની કામગીરી કરવામાં આવતી હોય છે. પરંતુ કેટલાક લાલચી સુપરવાઈઝરો અને ડ્રાઈવરો સહિતના મળતીયાઓ દ્વારા બોટલોમાંથી ગેસની ચોરી કરીને આ બોટલો વેચી દેવાનું રીતસરનું કૌભાંડ આચરવામાં આવતું હોય છે. જેના પર એસઓજીની ટીમ સતત વોચ રાખતી રહે છે. ૧૨ ડિસેમ્બરના રોજ રાત્રિના સમયે એસઓજી પી આઈ એસડી રાત્રાની સૂચના મુજબ ટીમના માણસો વિસ્તારમાં પેટ્રોલિંગમાં ફરી રહ્યા હતા તે દરમિયાન બાતમી મળી હતી કે જવાહર નગર રણોલી જીઆઈડીસીમાં રાઘવ ઈન્ડસ્ટ્રીયલમાં આવેલા પ્લોટ નંબર ૪માં ભારત શ્રીનાથજી ગેસ એજન્સીના ગોડાઉનની દિવાલોની આડમાં એજન્સીના સુપરવાઈઝર મયુદ્દીન બેલીમ ટેમ્પોને ડ્રાઈવરો તથા હેલ્પરો તેમજ મળતીયા ભેગા મળીને ભારત ગેસના ઘરેલુ બોટલના સીલપેક ખોલી પાઈપ વડે ઈન્ડિયન ગેસ એજન્સીના કોમર્શિયલ ખાલી બોટલમાં ભરી ત્યારબાદ આ બોટલોને રીપેકિંગ કરીને ગ્રાહકોને સપ્લાય કરવાનું કૌભાંડ આચરવામાં આવે છે. હાલમાં પણ આ ગેસ ચોરીની ગેરકાયદે પ્રવૃત્તિ ચાલી રહી છે. જેના આધારે જેના આધારે એસઓજીની ટીમે રાઘવ ઈન્ડસ્ટ્રીયલમાં ગોડાઉનમાં રેડ કરી હતી. ત્યારે સ્થળ પર ભારત ગેસના ઘરેલુ બોટલમાંથી પાઈપ દ્વારા ઈન્ડિયનના કોમર્શિયલ બોટલમાં ગેસની ચોરી કરતા ૧૦ જેટલા શખ્સો ઝડપાઈ ગયા હતા. એસઓજી પોલીસે સ્થળ પરથી ભારત ગેસના બોટલ ૧૮૬, ઈન્ડિયન ગેસના કોમર્શિયલ બોટલ આઠ, રિફિલિંગ કરવાના સાધનો, વજન કાંટા પાંચ, અંગજડતીમાંથી મળી આવેલા રોકડા રૂપિયા, મોબાઈલ ૯, થ્રી વ્હીલર ટેમ્પો પાંચ ડિલિવરી ચલણ ૧૮૪ મળી રૂા.૭.૨૬ લાખનો મુદ્દામાલ કબજે કરી જવાહર નગર પોલીસને સોંપવામાં આવ્યો છે.

કાલુપુર રેલવે સ્ટેશન રી- ડેવલોપમેન્ટની સાથે

# સારંગપુર અને કાલુપુર બ્રિજને રી-ડેવલોપ કરવા સૂચન કરાયું

અમદાવાદ,તા.૧૩

તા.૭/૧૨/૨૪ના રોજ અમદાવાદ રેલવે સ્ટેશનને રી-ડેવલોપમેન્ટ મામલે રેલ એન્ડ ડેવલોપમેન્ટ ઓથોરિટી દ્વારા થયેલ કામ અને થનાર કામ અંગે રેલવેના વરિષ્ઠ અધિકારીઓ, સેન્ટ્રલ રેલવેથી ડેવલોપમેન્ટ સમીક્ષા કરવા આવેલા વરિષ્ઠ અધિકારીઓ સાથે સાંસદ દિનેશ મકવાણા, ધારાસભ્ય દિનેશ કુશવાહ, કૌશિક જૈન અને ખાડિયા, ગોમતીપુર અને સરસપુરના મ્યુ. કાઉન્સિલરો સાથે સંયુક્ત મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડિવિઝનલ રેલવે મેનેજર સુધીર શર્મા, પ્રોજેક્ટ મેનેજર ચીફ સંજીવકુમાર, આસી. મેને. રામચંદ્રા તેમજ રેલવેના વિવિધ વિભાગના અધિકારીઓના સાંનિધ્યમાં મીટીંગ મળી હતી. આશરે રૂા.૨૫૦૦૦/- કરોડના ખર્ચે રેલવે સ્ટેશનને રી-ડેવલોપમેન્ટ કરવાની અવધી ૦૩ વર્ષની છે. સદરહું કામગીરી નિર્ધારીત સમયમાં સમયસર થાય અને નાગરિકોને હાડમારી ભોગવવી ન પડે તે માટે ગોમતીપુરના મ્યુ. કાઉન્સિલર ઈકબાલ શેખ દ્વારા સુચન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કાલુપુર રેલવે સ્ટેશન રી-ડેવલોપમેન્ટની સાથોસાથ સારંગપુર અને કાલુપુર બ્રિજની કામગીરી સંલગ્ન હોવાથી પહેલા અનુક્રમે સારંગપુર બ્રિજની કામગીરી કરવા અને ત્યાર બાદ કાલુપુર બ્રિજની કામગીરી કરવામાં આવે તેમજ બંને બ્રિજના ડેવલોપમેન્ટમાં જે પણ મિલકતોને નુકસાન થાય અને તે દૂર કરવી પડે તેવા સંજોગોમાં પ્રભાવિત થયેલ મિલકતોને રીહેબીલેશન અથવા ચાલુ બજાર ભાવે યોગ્ય વળતર સમયસર તેમજ ભૌગોલિક વિસ્તારના જમીનના ભાવ પ્રમાણે યોગ્ય વળતર મળી રહે તેવું સૂચન ઈકબાલ શેખ દ્વારા કરવામાં આવ્યું હતું.

# અમદાવાદ સિવિલની જૂની બિલ્ડિંગને તોડી પાડી નવી ૧૪૦૦ બેડની હોસ્પિટલ તૈયાર કરાશે



(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૩

અમદાવાદ સિવિલ હોસ્પિટલની કાયાપલટ થશે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં અનેક પ્રકારના ફેરફારો થઈ રહ્યા છે. હાલ સરકાર દ્વારા સિવિલ હોસ્પિટલની જૂની બિલ્ડિંગને તોડી પાડીને નવી ૧૪૦૦ બેડની અત્યાધુનિક બિલ્ડિંગ તૈયાર કરવાનો નિર્ણય લેવાયો છે. આ બિલ્ડિંગમાં ગાઈડલાઈન અનુસાર અત્યાધુનિક મશીનો અને OPD વોર્ડની સેવાઓ પણ ઉમેરાશે, જેથી સિવિલની સંપૂર્ણપણે કાયાપલટ થઈ જશે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડોક્ટર રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, હાલમાં ૧૨૦૦ બેડની હોસ્પિટલ સિવિલના દર્દીઓની સારવાર માટે ખૂબ જ ઉપયોગી સાબિત થઈ રહી છે ત્યારે સિવિલ હોસ્પિટલની કાયાપલટની શરૂઆત થઈ ચૂકી છે. અહીં એક તરફ ગર્લ્સ હોસ્ટેલ અને રેનબસેરાનું કાર્ય પૂર્ણ થવાને આરે છે તો બીજી તરફ સિવિલ હોસ્પિટલના ડી બ્લોક થી લઈને ઝીરો બ્લોક સુધીની બિલ્ડીંગ ને તોડી પાડીને ત્યાં ૧૪૦૦ બેડની નવી બિલ્ડીંગ બનાવવાની કામગીરી હાથ ધરાશે. દર્દીને કોઈપણ પ્રકારની અસુવિધા વેઠવાનો વારો ન આવે તે માટે સરકાર દ્વારા અદ્યતન સુવિધાઓથી સજ્જ આ ૧૪૦૦ બેડની નવી બિલ્ડીંગ તૈયાર કરવા માટેનો નિર્ણય લેવાયો છે. આ બિલ્ડીંગમાં તમામ અત્યાધુનિક ટેકનોલોજીના મશીનો અને OPD વોર્ડનો સમાવેશ કરવામાં આવશે. આ ઉપરાંત સરકારની ગાઈડલાઈન અનુસાર ડૉક્ટરોને પણ પોતાની અલગથી જગ્યા મળી રહે અને ચોક્કસ કાર્ય થઈ શકે તે માટે અલગથી જગ્યા ફાળવવામાં આવશે.

# અમદાવાદમાં ગેસ રિફિલિંગ કરતા ૩ આરોપીઓની ધરપકડ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૩

અમદાવાદમાં ગેસ રિફિલિંગ કરતા ૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. શહેરમાં ગુનાહિત પ્રવૃતિઓમાં વધારો થઈ રહ્યો છે. સૈજપુર વિસ્તારમાંથી ગેસ રિફિલિંગ કરનારા ૩ આરોપીનીઓને પોલીસે અટકાયત કરી. આ સાથે જ ૫૩ ગેસ સિલીન્ડર જપ્ત કર્યા છે. આરોપી સૈજપુરમાં ખુલ્લી જગ્યામાં ગેસ રિફિલિંગ કરતા હતા. નારોલ પોલીસે રંગેહાથ આરોપીઓને પકડી ગેરરિતીનો ગુનો નોંધ્યો છે.

શહેરમાં હાલમાં કૌભાંડોના પર્દાફાશ થઈ રહ્યા છે. BZ સ્કેમ અને ખ્યાતિ કાંડે શહેરમાં ચકચાર જગાવી છે. BZ સ્કેમમાં કહેવાતા સજ્જનો એવા શિક્ષકોએ લોકોને લાલચ આપી જાળમાં ફસાવ્યા. અને આ સ્કેમમાં પોલીસ અધિકારીઓની પણ સંડોવણી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જ્યારે ખ્યાતિ કાંડમાં સરકારી યોજનાનો ખોટી રીતે લાભ લઈ હોસ્પિટલ દ્વારા જ ગેરરિતી આચરવામાં આવી હતી. રાજ્યમાં ચાલતા કૌભાંડને લઈને વહીવટીતંત્ર પણ સતર્ક થયું છે. ગત રાતે શહેરમાં સંદિગ્ધ સ્થાનો પર કોમ્બિંગ કરાયું હતું. પોલીસ શહેરમાં અનેક સ્થાનો પર સઘન ચેકિંગ કરી રહી છે. ત્યારે સૈજપુર પાસે ખુલ્લી જગ્યામાં ગેસ રિફિલિંગની ગેરરિતી થતી હોવાની માહિતી મળી હતી. આ સાથે જ પોલીસ બનાવ સ્થળ પર પહોંચી હતી ખુલ્લી જગ્યામાં ૩ લોકો રિફિલિંગ કરતા હતા. પોલીસે આ ૩ લોકોને રંગેહાથ પકડી અટકાયત કરી નારોલ પોલીસે ૫૩ જેટલા ગેસ સિલિન્ડ પણ જપ્ત કર્યા. નારોલ પોલીસે અટકાયત કરેલા ૩ લોકો સામે ગેરરિતીની ફરિયાદ નોંધી આ મામલે વધુ તપાસ હાથ ધરી.

દાણાપીઠમાં બિલ્ડિંગના બે ગેરકાયદેસર માળનો મામલો

# બિલ્ડિંગના બે ગેરકાયદે માળને તોડવાની કામગીરી AMCએ વચ્ચે જ અટકાવવી પડી : હાઈકોર્ટે બાંધકામને તોડવા પર મનાઈ ફરમાવ્યો

## અમદાવાદ શહેરમાં અનેક જગ્યાએ ગેરકાયદે બાંધકામો થયેલા છે ત્યારે એક જ જગ્યાને ટાર્ગેટ કરાઈ રહ્યો છે : ધારાસભ્ય ખેડાવાલા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૩

અમદાવાદના દાણાપીઠ વિસ્તારમાં આવેલ મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય ઓફિસની સામે જ છ માળના બાંધકામમાં ગેરકાયદેસર બનાવેલ બે માળને આજે મધ્ય ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા તોડવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જોકે, બાંધકામ તોડવાની કામગીરી વચ્ચે બિલ્ડર દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં બાંધકામ તોડવાની કામગીરીને રોકવા અંગે તાત્કાલિક સુનાવણી કરવા અંગેની માંગ સાથે અરજી કરવામાં આવી હતી. હાઈકોર્ટ દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને સલમાન એવન્યુના પાંચમા અને છઠ્ઠા માળનો કબજો મેળવી તેને સીલ કરવા તેમજ કોઈપણ વ્યક્તિને પ્રવેશ ન કરવા દેવા જણાવ્યું છે. આગામી કોર્ટના નિર્ણય સુધી કોઈપણ કાર્યવાહી ન કરવા જણાવવામાં આવ્યું છે. હાલ બાંધકામને તોડવા પર મનાઈ ફરવામાં આવી છે. સલમાન એવન્યુ બિલ્ડિંગમાં બે માળ ગેરકાયદેસર હોવાને લઈને આજે મધ્ય ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા સવારથી બાંધકામ તોડવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જેની વચ્ચે ગુજરાત હાઈકોર્ટમાં સ્ટેટસ કો માટેની અરજી કરવામાં આવી હતી, જે અંતર્ગત હાઈકોર્ટ દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનને ગેરકાયદે બે માળને સીલ કરી તેનો કબજો મેળવી લેવા જણાવ્યું છે. કોર્ટમાં આગામી સુનાવણીના નિર્ણય ન આવે ત્યાં સુધી કોઈ બાંધકામ તોડવા કરવા અથવા રીપેરીંગ જેવી કોઈ કામગીરી ન કરવા પણ જણાવ્યું છે. બિલ્ડીંગની હાલમાં જે સ્થિતિ છે તે સ્થિતિ યથાવત રાખવા જણાવવામાં આવ્યું છે.

આ અંગે લીગલ કમિટીના ચેરમેને જણાવ્યું હતું કે, સલમાન એવન્યુ બિલ્ડિંગના ચાર માળમાં લોકો રહે છે, જ્યારે એક માળ હાલ ખાલી છે. ત્યારે AIMIMના બે કોર્પોરેટર દ્વારા આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર મિલન શાહને ઘેરીને આ બાંધકામને રોકવા માટેનું દબાણ કરવામાં આવ્યું હતું. જોકે, SP, 2 PI અને ૧૦૦થી વધુ પોલીસ જવાનોના ચુસ્ત પોલીસ-બંદોબસ્ત વચ્ચે કોર્ટના નિર્ણય પૂર્વે ડિમોલિશન કાર્ય ચાલી રહ્યું હતું.

પુરાતત્ત્વ વિભાગની ખોટી NOC મેળવીને છ વર્ષ પહેલાં સલમાન એવન્યુ બિલ્ડિંગના બે માળ ઊભા કરી દેવામાં આવ્યા હતા. એ બાદ ગુજરાત હાઈકોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. છ વખત બિલ્ડિંગને ગેરકાયદે બાંધકામ બાબતે સીલ કર્યું હોવા છતાં પણ એનો વપરાશ ચાલુ રાખવામાં આવતાં આજે સવારે મધ્ય ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા ૧૦૦થી વધારે પોલીસકર્મચારીઓ અને ફાયરબ્રિગેડના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે મકાન ખાલી કરાવી પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. દરમિયાન એક મહિલાની તબિયત ખરાબ થતાં ૧૦૮ મારફત સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી છે.



સવારથી જ સલમાન એવન્યુ નામના બિલ્ડિંગમાં ગેરકાયદે બનાવેલા પાંચમા અને છઠ્ઠા માળને તોડવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. ગેરકાયદે બાંધકામ તોડવાની કામગીરી શરૂ કરવાની સાથે જ જમાલપુર વોર્ડના AIMIMના કોર્પોરેટર મુસ્તાક ખાદીવાલા અને જમાલપુર વિધાનસભાના કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા પણ સ્થળ ઉપર પહોંચ્યા હતા. ગેરકાયદે બાંધકામને આજે સવારથી ડિમોલેશનની શરૂઆત કરતાંની સાથે જ ગુજરાત હાઈકોર્ટમાં ડિમોલિશનની પ્રક્રિયા રોકવા માટે અરજી કરવામાં આવી હતી અને તાત્કાલિક હિયરિંગની માગ કરી છે. આ બિલ્ડિંગના પહેલા ત્રણ માળમાં સ્થાનિક લોકો રહે છે. બિલ્ડર મોઈન ખાન દ્વારા ૧૮ માળના બિલ્ડિંગ બનાવવાની પરમિશન લેવામાં આવી હતી. એ બાદ ૨૨ માળની રિવાઈઝ પરમિશન લેવામાં ખોટી NOC હોવાનું સામે આવ્યું હતું. ગુજરાત હાઈકોર્ટમાં આ મામલે કેસ દાખલ થયો હતો.

કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ જણાવ્યું હતું કે જમાલપુર વિસ્તારમાં સલમાન એવન્યુ નામના બિલ્ડિંગના બે માળ જે ગેરકાયદે છે એને સવારથી તોડવા માટે એસ્ટેટ વિભાગની ટીમ આવી હતી, અમદાવાદ શહેરમાં અનેક જગ્યાએ ગેરકાયદે બાંધકામો થયેલાં છે. ત્યારે એક જ જગ્યાને ટાર્ગેટ કરવામાં આવી રહ્યો છે. ગુજરાત હાઈકોર્ટમાં આ મામલે અરજી કરવામાં આવી અને એક કલાકનો સમય મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે માગવામાં આવ્યો. સ્થાનિક રહીશો અને અમારી માગ છે કે એક કલાક સુધી કોર્ટમાં હીયરિંગ થઈ અને નિર્ણય ન આવે ત્યાં સુધી બાંધકામને રોકવામાં આવે. એક જગ્યાએ કાયદેસર બાંધકામો થયાં છે, પરંતુ કેટલીક જગ્યાને ટાર્ગેટ કરીને બાંધકામ કરવામાં આવતું હોય છે, જેના કારણે તંગદિલી પણ ઊભી થઈ શકે છે. કોર્ટનો નિર્ણય ન આવે ત્યાં સુધી હાલપૂરતું બાંધકામને રોકવા માટે માગ કરવામાં આવી છે.

## ઓપન સ્ટેન્ડિંગ MRI સાથે ડાયગ્નોસ્ટિક્સમાં પરિવર્તન

અમદાવાદ,તા.૧૩

સ્તવ્ય સ્પાઈન હોસ્પિટલ, બે દાયકાથી વધુ સમયથી સ્પાઈન કેરમાં અગ્રણી છે, જે તેના અદ્યતન ડાયગ્નોસ્ટિક સાધનોમાં ઓપન સ્ટેન્ડિંગ વેઈટ બેરિંગ MRI (Esaote SpA ઈટાલી દ્વારા ઉત્પાદિત) લઈને આવ્યું છે. સ્પાઈન ડાયગ્નોસ્ટિકસની જરૂરિયાતોને પહોંચી વળવા માટે ખાસ તૈયાર કરાયેલ આ નવીન તકનીક, સિટિંગ, સ્ટેન્ડિંગ અને સ્પાઈનમાં ઈમેજિંગને સક્ષમ કરે છે. સ્પાઈનની સ્થિતિનું નિરીક્ષણ કરવામાં સારા પરિણામો પ્રદાન કરે છે. આ સાધનનો ઉમેરો નૈતિક સંભાળ, પારદર્શિતા અને દર્દીને સારા પરિણામ પ્રદાન કરવાની સ્તવ્યની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.


**રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ**

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

**તારીખ અને સ્થળ:**

રવિવાર, 15 ડિસેમ્બર 2024; સવારે 10:30 વાગ્યાથી.
સુરભી હોટેલ, ઝીરો પોઈન્ટની નજીક, શ્રદ્ધા કોમ્પ્લેક્સ, નાના કપાયા, મુન્દ્રા – 370421, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: કુશલ ભગદે, મોબાઈલ : 98988 46478.

રવિવાર, 15 ડિસેમ્બર 2024; સવારે 11:00 વાગ્યાથી.
ગ્રીન રિયો રેસ્ટોરન્ટ એન્ડ બેન્કવેટ, પહેલો માળ, ગજાનંદ આર્કેડ, જીઆઈડીસી ગેટ નં. 5 સામે, ગજાનંદ આર્કેડ, નરોડા, અમદાવાદ – 382 330, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: દિવ્યેશ જોષી, મોબાઈલ : 98793 61437.

સોમવાર, 16 ડિસેમ્બર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
કેસન્ટ રેસ્ટોરન્ટ, ઝાયડસ હોસ્પિટલ રોડ, આણંદ, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: નિરલ જોષી, મોબાઈલ : 70166 95863.

સોમવાર, 16 ડિસેમ્બર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ સ્પાઈસ નેશન, ભવન્સ સ્કૂલની સામે, માંજલપુર, વડોદરા, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: વિવેક મગનાની, મોબાઈલ : 74055 07713.

સોમવાર, 16 ડિસેમ્બર 2024; સાંજે 7:00 વાગ્યાથી, (આ IAP ફક્ત મહિલાઓ માટે).
હોટેલ લક્ઝુરા, મારુતિ સુઝુકી શો રૂમ આરબી પાસે, ગોધરા દાહોદ રોડ, ગોધરા – 389 001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: મયુર ગંગવાણી, મોબાઈલ : 98984 70672.

મંગળવાર, 17 ડિસેમ્બર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
**મિશન માર્સ - આ સેશન 12 થી 20 વર્ષની વયના બાળકો માટે છે.**
હોટેલ બ્લ્યુઆઈવી, ગણેશ મંદિર પાસે, 80 ફૂટ રોડ, આણંદ, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: નિરલ જોષી, મોબાઈલ : 70166 95863.

મંગળવાર, 17 ડિસેમ્બર 2024; સાંજે 6:45 વાગ્યાથી.
મયુર રેસ્ટોરન્ટ એન્ડ બેન્કવેટ, પહેલો માળ, સેફ્રોન બિઝનેસ પાર્ક, જશોદાનગર ક્રોસ રોડ, અમદાવાદ, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: દેવાંશ ભાવસાર, મોબાઈલ : 63539 44351.

મંગળવાર, 17 ડિસેમ્બર 2024; સાંજે 7:00 વાગ્યાથી.
હોટેલ લક્ઝુરા, મારુતિ સુઝુકી શો રૂમ આરબી પાસે, ગોધરા દાહોદ રોડ, ગોધરા – 389 001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: મયુર ગંગવાણી, મોબાઈલ : 98984 70672.

મંગળવાર, 17 ડિસેમ્બર 2024; સાંજે 7:00 વાગ્યાથી.
બેન્કેટોરિયા, 301–303, જુનોમોનેટા ટાવર, પાલ આરટીઓ સામે, અડાજણ, સુરત – 395 009, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: સાગર શાહ, મોબાઈલ : 8866 148121.

મંગળવાર, 17 ડિસેમ્બર 2024; રાત્રે 8:30 વાગ્યાથી.
સ્પોર્ટ્સ ક્લબ, સરદાર પટેલ સ્ટેડિયમ પાસે, નવરંગપુરા, અમદાવાદ – 380 009, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: અમિત ઠાકર, મોબાઈલ : 98790 00070.

બુધવાર, 18 ડિસેમ્બર 2024; સાંજે 5:00 વાગ્યાથી.
શ્રી નામેન માતાજી પાર્ટી પ્લોટ, કામલી રોડ, ઊંઝા – 384 170, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: રોનિત રાવલ, મોબાઈલ : 90168 55774.

બુધવાર, 18 ડિસેમ્બર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
ગ્રીન ચીલી રેસ્ટોરન્ટ, અક્ષર મોલ, આનંદ ક્રોસ રોડ, બોરસદ, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: નિરલ જોષી, મોબાઈલ : 70166 95863.

નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 5:30 સુધીનો જ રહેશે. વોક–ઈન્સને મંજૂરી નથી.

HDFC MUTUAL FUND BHAROSA APNO KA

An Investor Education and Awareness Initiative

મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવા વન–ટાઈમ નો યોર કસ્ટમર (કેવાયસી) પૂર્ણ કરવાની પ્રક્રિયા વિશે વધુ જાણવા માટે વિઝિટ કરો https://www.hdfcfund.com/information/key-know-how. રોકાણકારોએ નોંધાયેલ મ્યુચ્યુઅલ ફંડ્સ સાથે જ લેણદેણ કરવી જોઈએ, જેની વિગતો સેબીની વેબસાઈટ (www.sebi.gov.in/intermediaries.html) પર વેરિફાઈ કરી શકાશે. કોઈ પણ પૂછપરછ, ફરિયાદ અને તકરાર નિવારણ માટે રોકાણકારો એએમસી અને/ અથવા રોકાણકાર સંબંધ અધિકારીનો સંપર્ક કરી શકે છે. ઉપરાંત રોકાણકારોએ એએમસીને પ્રત્યક્ષ ફરિયાદ પણ કરી શકે છે. જો એએમસી દ્વારા આપવામાં આવેલ ઉકેલથી સંતોષ નહીં હોય તો https://scores.gov.in પર સ્કોર્સ પોર્ટલ થકી ફરિયાદ નોંધાવી શકે છે. સ્કોર્સ પોર્ટલ પર રોકાણકારો સેબીને ઓનલાઈન ફરિયાદ કરી શકે છે અને ત્યારબાદ તેની સ્થિતિ જોઈ શકે છે. જો રોકાણકારોને એએમસી પાસે પ્રત્યક્ષ ઉપસ્થિત કરેલી અથવા સ્કોર્સ પોર્ટલ થકી કરેલી ફરિયાદના ઉકેલથી સંતોષ નહીં થાય તો તેઓ https://smartodr.in/login સ્માર્ટ ઓડીઆર પર કોઈ પણ ફરિયાદ કરી શકે છે.

**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને અધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.**

# ઉત્તર પ્રદેશમાં આશરે ૮ લાખ બાળકો શાળામાં જતાં નથી : આ સંખ્યા દેશમાં સૌથી વધુ છે

## આ ડેટા ઘણા રાજ્યોમાં શૈક્ષણિક પ્રવેશનું નિરાશાજનક ચિત્ર દર્શાવે છે. ઝારખંડમાં ૬૫,૦૦૦થી વધુ બાળકો શાળાએ જતાં નથી, જ્યારે આસામમાં ૬૪,૦૦૦ બાળકો શાળાએ જતાં નથી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

તાજેતરમાં સામે આવેલા ડેટાથી ઉત્તર પ્રદેશમાં યોગી આદિત્યનાથની આગેવાનીવાળી સરકારની સ્પષ્ટ નિષ્ફળતા સામે આવી છે. ધાર્મિક પ્રાથમિકતાઓને લઈને વારંવાર ચર્ચામાં રહેતા આ રાજ્યમાં લગભગ ૮ લાખ બાળકો શાળાએ જતાં ન હોવાનું નોંધાયું છે, જે સંખ્યા દેશના તમામ રાજ્યોમાં સૌથી વધુ છે. શિક્ષણ રાજ્યમંત્રી જયંત ચૌધરીએ આંધ્રપ્રદેશના સાંસદ માટુકુમેલી ભરતના પ્રશ્નના જવાબમાં સંસદમાં આ આંકડા જાહેર કર્યા હતા. અધિકૃત માહિતી અનુસાર, ચાલુ શૈક્ષણિક વર્ષમાં સમગ્ર ભારતમાં ૧૧.૭ લાખથી વધુ બાળકો શાળાની બહાર છે, જેમાં ઉત્તર પ્રદેશ ચિંતાજનક રીતે આ આંકડામાં આગળ છે. સાંસદ ભરતે સંસદીય સત્ર દરમિયાન ટિપ્પણી કરી કે, શિક્ષણ એ કોઈપણ પ્રગતિશીલ સમાજનો પાયો છે. આ આંકડાઓ તમામ રાજ્ય સરકારો, ખાસ કરીને ઉત્તર પ્રદેશ માટે જાગૃતિ માટેનો કોલ છે. આ ડેટા ઘણા રાજ્યોમાં શૈક્ષણિક પ્રવેશનું નિરાશાજનક ચિત્ર દર્શાવે છે. ઉત્તર પ્રદેશ પછી, ઝારખંડમાં પણ ૬૫,૦૦૦થી વધુ બાળકો શાળાએ જતા નથી, જ્યારે આસામમાં આવા ૬૪,૦૦૦ બાળકો છે. ગુજરાતને ઘણીવાર આર્થિક પાવરહાઉસ તરીકે ઓળખવામાં આવે છે, ત્યાં પણ ૫૪,૫૦૦થી વધુ બાળકો શાળાની બહાર છે. મધ્યપ્રદેશ અને હરિયાણા જેવા રાજ્યોમાં પણ આ સંખ્યા વધુ છે જેમાં અંદાજે અનુક્રમે ૩૦,૦૦૦થી ૪૦,૦૦૦ બાળકો વર્ગખંડોમાં નથી. બિહારમાં, શિક્ષણ મેટ્રિક્સમાં ઐતિહાસિક રીતે નીચું સ્થાન ધરાવે છે, ત્યાં આ સંખ્યા ૨૫,૦૦૦ છે જે ઉત્તર પ્રદેશના આશ્ચર્યજનક આંકડા કરતાં નોંધપાત્ર રીતે ઓછી છે. નવી દિલ્હીમાં એક શિક્ષણ કાર્યકર્તાએ કહ્યું કે, આ સંખ્યાઓ માત્ર આંકડાઓ નથી; તે વિલંબિત સપનાનું પ્રતિનિધિત્વ કરે છે અને લોકોના ભવિષ્ય સાથે ચેડાં કરવામાં આવે છે અને રાજ્ય સરકારોએ આ મુદ્દાને પ્રાથમિકતા આપવી જોઈએ. એજ્યુકેશન મોડલ માટે અવારનવાર હાઈલાઈટ થતી દિલ્હીની સ્કૂલો પણ બાકાત નથી. અહેવાલ જણાવે છે કે રાષ્ટ્રીય રાજધાનીમાં લગભગ ૧૮,૦૦૦ બાળકો શાળામાં જતા નથી, જે તેની શૈક્ષણિક ક્રાંતિની સર્વસમાવેશકતા પર પ્રશ્નો ઉભા કરે છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે સહયોગી પ્રયાસોની જરૂરિયાત પર ભાર મૂકતા દિલ્હી સ્થિત શિક્ષણ નિષ્ણાતે જણાવ્યું હતું કે, આપણે સુનિશ્ચિત કરવું જોઈએ કે કોઈ પણ બાળક પાછળ રહી ન જાય, પછી ભલે તે ગમે ત્યાં રહેતો હોય. શાળામાં પ્રવેશ ન મેળવતા બાળકોની આશ્ચર્યજનક સંખ્યા તાત્કાલિક હસ્તક્ષેપની જરૂરિયાતને દર્શાવે છે, ખાસ કરીને ઉત્તર પ્રદેશમાં, જે કુલ બાળકોનો લગભગ ૬૭% હિસ્સો ધરાવે છે. નિષ્ણાતો દલીલ કરે છે કે આ મુદ્દાનો સામનો કરવા માટે માળખાકીય, આર્થિક અવરોધો અને સામાજિક પડકારોને સંબોધવા માટે વ્યાપક અભિગમની જરૂર છે. શિક્ષણ નીતિના એક વિશ્લેષકે જણાવ્યું હતું કે, સરકારે વિભાજનકારી કથાઓથી ધ્યાન હટાવીને પછાત લોકોને સશક્ત બનાવતી નીતિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આ અહેવાલ એક સ્પષ્ટ રીમાઈન્ડર છે કે શિક્ષણની ઍક્સેસ ઘણા લોકો માટે ઘણું દૂર છે, અને આ અંતરને દૂર કરવા અને ભારતના બાળકો માટે ઉજ્જ્વળ ભવિષ્ય સુરક્ષિત કરવા માટે તાત્કાલિક પગલાં લેવાની જરૂર છે.

# પશ્ચિમ બંગાળમાં રામ મંદિરના પ્રોજેક્ટની જાહેરાત કરતો ભાજપ

## ભાજપે જાહેર કર્યું છે કે બંગાળમાં ૨૨ જાન્યુઆરી ૨૦૨૫થી મંદિરનું નિર્માણ કાર્ય શરૂ થશે, અયોધ્યામાં રામ મંદિરનું ઉદ્‌ઘાટન થયાના બરાબર એક વર્ષ બાદ આ રીતે કામગીરી બંગાળમાં શરૂ થશે

(એજન્સી) કોલકાતા, તા.૧૩

પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ ઘટક દ્વારા બંગાળના બરહામપુર ખાતે રામમંદિરનું નિર્માણ કરવાની યોજના જાહેર કરવામાં આવી છે. ટીએમસીના ધારાસભ્ય હુમાયુ કબીર દ્વારા બાબરી મસ્જિદ જેવી નવી મસ્જિદ બરહામપુર જિલ્લાના બેલ ડાંગા ખાતે નિર્માણ કરવાની જાહેરાત કર્યાના થોડા દિવસો પછી જ ભાજપે પણ મંદિરના નિર્માણની જાહેરાત કરી છે.



ભાજપે જાહેર કર્યું છે કે, અયોધ્યામાં રામ મંદિરનું ઉદ્‌ઘાટન થયાના બરાબર એક વર્ષ બાદ એટલે કે ૨૨ જાન્યુઆરી ૨૦૨૫થી રામ મંદિરનું નિર્માણ બંગાળમાં શરૂ કરવામાં આવશે. બરહામપુરના સંગઠન જિલ્લા પ્રમુખ શાખારવ સરકારે જણાવ્યું હતું કે, મંદિર નિર્માણ માટેની જગ્યા પણ નક્કી કરી લેવામાં આવી છે અને લગભગ રૂપિયા ૧૦ કરોડના ખર્ચે પ્રોજેક્ટ પૂરો કરવામાં આવશે. જિલ્લા ભાજપના નેતાએ ઉમેર્યું હતું કે, અયોધ્યાના રામ મંદિરની જેમ જ અને એ જ પ્રતિકૃતિથી અહીં પણ મંદિર બનાવવામાં આવશે. મંગળવારે જ ટીએમસીના ધારાસભ્ય હુમાયુ અને કબીરે આ જ જિલ્લામાં બેલ ડાંગા ખાતે બાબરી મસ્જિદ જેવી જ મસ્જિદ બનાવવા માટેની જાહેરાત કરી હતી એ પછી ભાજપની જાહેરાત આવી છે. કબીરજી જાહેરાતને પગલે રાજકીય વિવાદ ઊભો થયો છે.

ભાજપે મસ્જિદની સામે વળતા પગલા લઈને મંદિર બનાવવાની જે જાહેરાત કરી છે એ લઘુમતીઓથી અને એમની વસ્તીના ૭૫ ટકા ધરાવતા લઘુમતી બહુલ મુર્શિદાબાદ જિલ્લામાં હિન્દુ સમાજની વચ્ચે પોતાની વગ વધુ મજબૂત બનાવવાનો વ્યૂરચના અને યોજના માનવામાં આવે છે. હુમાયુ કબીરના વિધાનોથી ટીએમસીએ હાથ ઊંચા લઈ લીધા છે અને કહ્યું છે કે એમના નિવેદનથી પક્ષને કાંઈ લાગતું વળગતું નથી. કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષોએ પણ કબીરજી જાહેરાતને વખોડી કાઢી હતી અને કહ્યું હતું કે પોતાના રાજકીય લાભ ખાતર તેઓ વિભાજક રાજનીતિને અનુસરી રહ્યા છે.

# ગેંગરેપના આરોપસર ભાજપના ધારાસભ્યની વિરૂદ્ધ FIR દાખલ કરવા યુપીની અદાલતનો આદેશ

(એજન્સી) લખનૌ તા.૧૩

ગેંગરેપ અને છેતરપિંડીના આરોપસર ભાજપના એક ધારાસભ્ય હરીશ શક્ય અને તેના ભાઈ તથા ભત્રીજા સહિત અન્ય ૧૫ લોકો સામે એફઆઈઆર દાખલ કરવાનો ઉત્તર પ્રદેશની સ્પેશિયલ એમપી_એમ.એલ.એ કોર્ટે પોલીસને આદેશ આપ્યો છે. એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ લીલુ ચૌધરીએ પીડિતાની વ્યથા કહેતી



## દસ દિવસની અંદર જ કેસ નોંધવા અને સમગ્ર મામલાની મુક્ત અને ન્યાયી તપાસ કરવાનો અદાલતે સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશનને આદેશ આપ્યો

અરજી તેના પતિએ દાખલ કરી હતી એ અરજી પર સુનાવણી બાદ બુધવારે અદાલતે કાર્યવાહીના આદેશ આપ્યો જ છે. જમીનના ઝઘડામાં ન્યાય મળે એવી અરજદારે વિનંતી કરી છે. અદાલતે દસ દિવસની અંદર કેસ દાખલ કરવા અને આ સમગ્ર પ્રકરણની મુક્ત અને ન્યાય તપાસ કરવાનો સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશનને આદેશ આપ્યો હતો. સિનિયર એસ.પી બ્રજેશ કુમાર સિંગે જણાવ્યું હતું કે પોલીસને હજુ કોર્ટના આદેશની નકલ મળી નથી. નકલ મળી ગયા પછી એફઆઈઆર દાખલ કરવામાં આવશે અને યોગ્ય પગલાં લેવામાં આવશે. અરજદારે અદાલતમાં એવી ફરિયાદ કરી છે કે મારા પિતા બુધબાઈ ગામમાં પૂનમ લોન નજીક એક જમીનનો ટુકડો ખરીદવા કર્યો હતો. ભાજપના ધારાસભ્યને પણ એ જમીન ખરીદવી હતી. જમીનની કિંમત રૂપિયા ૧૮ કરોડ થાય છેવટે ભાજપના ધારાસભ્ય સાથે રૂપિયા ૧૬.૫ કરોડમાં જમીન વેચાણનો સોદો થયો હતો. અરજીમાં દર્શાવ્યું હતું કે ધારાસભ્યએ સાટાખત થાય ત્યારે નક્કી થયેલી કિંમતની ૪૦% રકમ ચૂકવવાનું વચન આપ્યું હતું અને દસ્તાવેજ વખતે બાકીની રકમ આપવા માટે તૈયારી બતાવી હતી અને ધારાસભ્ય એ રૂપિયા એક લાખ એડવાન્સ પણ આપ્યા હતા. થોડા દિવસો પછી ૪૦% નક્કી થયા મુજબની રકમ આપવાને બદલે ધારાસભ્ય અને તેમના માણસોએ મને દસ્તાવેજ કરી દેવા માટે દબાણ શરૂ કરી દીધું હતું ત્યારે અમે કહ્યું હતું કે રકમ આપ્યા અવિના દસ્તાવેજ ના થાય તે પછી પોલીસ મારા પિતરાઈ ભાઈને ઉપાડી ગઈ હતી અને તેને ટોર્ચર કર્યો હતો. અરજદારે એવો પણ આક્ષેપ કર્યો હતો કે મેં આ જમીન બીજા એક મિત્રને વેચવાની કોશિશ કરી ત્યારે ધારાસભ્યના સાગરિતોએ સોદો જ થવા દીધો નહોતો. મને ત્રણ દિવસ સુધી પોલીસ કસ્ટડીમાં ગોંધી રાખવામાં આવ્યો હતો અને માર મારવામાં આવ્યો હતો. પોલીસે છોડ્યા પછી ધારાસભ્યના માણસો મને ઉપાડી ગયા હતા અને મારા પર ટોર્ચર કર્યું હતું અને ધારાસભ્ય તથા તેના સાગરીતોએ મારી પત્ની ઉપર પણ ગેંગરેપ કર્યો હતો.

# ૨૦૦૧ના સંસદ પર આતંકી હુમલાનો સામનો કરતા શહીદ થયેલા જવાનોને લોકસભામાં શ્રદ્ધાંજલિ અપાઈ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

૧૩ ડિસેમ્બર ૨૦૦૧ના રોજ સંસદ પર થયેલા આતંકી હુમલાનો સામનો કરવામાં અને તેને નિષ્ફળ બનાવવામાં બલિદાન આપનાર સુરક્ષા જવાનોને આજે લોકસભામાં ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. સ્પીકર ઓમ બિરલાએ આતંકવાદ સામે લડતનો સંસદ ગૃહનો સંકલ્પ દોહરાવ્યો હતો અને રાષ્ટ્રની એકતા તેમજ અખંડિતતા તથા સાર્વભૌમત્વના રક્ષણ માટેની પ્રતિજ્ઞાનો પુનરોચ્ચાર કર્યો હતો. સ્પીકરે જવાનોને



## ગૃહમાં વીરગતિ પામેલા શહીદોના સન્માનમાં મૌન પાળવામાં આવ્યું અને જવાનોને શ્રદ્ધાંજલિ અપાઈ

અંજલિ આપતા લખ્યું હતું કે આજે આ ગૃહ અને સમગ્ર રાષ્ટ્ર એ દિવસની કમનસીબ ઘટનાને યાદ કરે છે એ દિવસે આતંકવાદીઓએ ભારતની સંસદ જે લોકશાહીનું સૌથી મહાન પ્રતીક છે તેના પર હુમલો કર્યો હતો તેની આજે સ્મૃતિ જીવંત થઈ છે. સ્પીકર બિરલાએ કહ્યું કે અભૂતપૂર્વ અને પ્રશંસનીય સાહસ તથા શૌર્ય બતાવીને આપણા જાગૃત સુરક્ષા જવાનોએ આતંકવાદી હુમલાને મારી હટાવ્યા અને સંસદ ભવનનું રક્ષણ કર્યું હતું. આતંકવાદી હુમલા સામેની એમની શૌર્યભરી લડાઈમાં આઠ જવાનોએ જે સંસદમાં તેના થતા એમણે શહીદી વહોરી હતી જેમાં દિલ્હી પોલીસ અને સીઆરપીના જવાનો પણ સામેલ છે એમણે ખૂબ જ બહાદુરીથી આતંકી હુમલાને મારી હટાવ્યો અને બલિદાન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે સંસદ અને દેશ માટે બલિદાન આપનાર એ તમામ મહાન વીરોને આજે ગૃહ વિનમ્રતા સાથે શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. અને એમના સર્વોચ્ચ બલિદાનને અંજલી આપે છે. માતૃભૂમિની એકતા તેમજ અખંડિતતા અને સાર્વભૌમત્વના રક્ષણ માટેની પ્રતિજ્ઞાનો લોકસભા ગૃહ પુનરોચ્ચાર કરે છે અને આતંકવાદ સામેની લડત ચાલુ રાખવાનો અને દેશની એકતાનું રક્ષણ કરવાનું સંકલ્પ પવિત્ર ગૃહ દોહરા આવે છે. લોકસભામાં શહીદ જવાનોના માનમાં સભ્યોએ ઊભા થઈને મૌન પાડ્યું હતું.

# ૯૦ ટકા હવાઈ મુસાફરોએ કહ્યું-એરપોર્ટ અને વિમાનમાં નાસ્તાનો ભાવ આકાશે આંબી રહ્યો છે

(એજન્સી) તા.૧૩

મોટાભાગના હવાઈ મુસાફરો માને છે કે એરપોર્ટ પર વેચાતા ખાદ્યપદાર્થો અને પીણાઓ ખૂબ મોંઘા હોય છે. એક સર્વે મુજબ મોટી સંખ્યામાં હવાઈ મુસાફરો સંગઠિત રિટેલ આઉટલેટ્સ અને રેલવે સ્ટેશનો કરતાં એરપોર્ટ પર ૨૦૦ ટકા વધુ ચૂકવણી કરે છે. ઓનલાઈન સોશિયલ પ્લેટફોર્મ LocalCircles અનુસાર, સર્વેમાં સામેલ ૯૦ ટકા એરલાઈન્સ પેસેન્જર્સનું કહેવું છે કે તેમને રેલ્વે સ્ટેશનની સરખામણીમાં એરપોર્ટ પર ખાવા-પીવા માટે ૧૦૦-૨૦૦ ટકા વધુ ખર્ચ કરવો પડે છે. તાજેતરમાં હાથ ધરાયેલા સર્વેક્ષણને ભારતના ૩૦૯ જિલ્લાઓમાં સ્થિત એરલાઈન મુસાફરો તરફથી ૨૮,૦૦૦ થી વધુ પ્રતિસાદ મળ્યા છે. તેમાંથી ૬૧ ટકા ઉત્તરદાતાઓ પુરૂષો અને ૩૯ ટકા મહિલાઓ હતા. લગભગ ૪૩ ટકા ઉત્તરદાતાઓ દેશના ટાયર-૧ શહેરોના હતા. ૩૦ ટકા બીજા વર્ગના હતા અને બાકીના ૨૭ ટકા નાના શહેરો અને ગ્રામીણ વિસ્તારોના હતા. મુસાફરોએ જણાવ્યું હતું કે એરપોર્ટ પર સમોસા કે પેટીસની કિંમત ૨૦૦ રૂપિયાથી વધી શકે છે. થાળીની કિંમત ૫૦૦ રૂપિયાથી વધી શકે છે. આ સિવાય કોફી અને ઠંડા પીણાની કિંમત ૨૦૦થી ૩૦૦ રૂપિયા છે. આ મોલમાં ફૂડ આઉટલેટ પર ચૂકવવામાં આવતી કિંમત કરતાં બેથી ત્રણ ગણી વધારે છે. તેમણે કહ્યું કે ધુમ્મસ અથવા અન્ય કારણોસર વિલંબ દરમિયાન, મુસાફરોની મુશ્કેલીઓ વધે છે અને તેઓ કોઈ પણ પોસાય તેવા ખોરાક વિના ફ્લાઈટમાં ચઢવા માટે કલાકો સુધી રાહ જોતા હોય છે. તેમણે કહ્યું કે આ દૃશ્ય રેલવે સ્ટેશનો, ખાસ કરીને દિલ્હી અને મુંબઈના મોટા સ્ટેશનોથી વિપરીત છે, જ્યાં મુસાફરો



પાસે નાના ફૂડ સ્ટોલ/વેચાણ કેન્દ્રો, નાના વિક્રેતાઓ અને મોટા ફ્રેન્ચાઇઝ વેચાણ કેન્દ્રો વચ્ચે પસંદગી કરવાનો વિકલ્પ હોય છે. મોટાભાગના એરપોર્ટ પર ઉપલબ્ધ મોંઘી ખાદ્ય ચીજવસ્તુઓને કારણે, ઘણા પ્રવાસીઓ એરપોર્ટ પર ખોરાક પર ખર્ચ કરતા પહેલા બે વાર વિચારે છે અને કેટલાક કિસ્સાઓમાં તેમના પોતાના નાસ્તા અથવા ભોજન પણ લઈ જાય છે. જો કે, તેઓ સલામતી અને વજનની મર્યાદાઓથી પીડાય છે. સરકારની મહત્વાકાંક્ષા હવાઈ મુસાફરીને વધુ સસ્તું બનાવવાની છે અને ઓછી કિંમતની એરલાઈન્સ માટે કુલ ટ્રાફિકનો ૭૦ ટકા હિસ્સો છે. તેથી એરપોર્ટ પર ઓછા ખર્ચે ફૂડ વિકલ્પો પૂરા પાડવા મહત્વપૂર્ણ છે. સ્થાનિક વર્તુળોએ જણાવ્યું હતું કે કિંમત અને જથ્થાના સમીકરણને ફરીથી કામ કરવાની જરૂર છે જેથી કરીને ખાદ્યપદાર્થોના સ્ટોલ ઊંચા ભાવ અને ઓછા જથ્થાને બદલે વધુ અને ઓછા ભાવે ચાલે.

# NIAની ટીમે વિદેશી ફંડિંગ કેસમાં ઝાંસીના શિક્ષક મુફ્તી ખાલિદની ધરપકડ કરી

## આદરણીય ઓનલાઈન શિક્ષક પર દરોડા અને ધરપકડનો સ્થાનિકોએ વિરોધ કરતાં શહેરમાં તણાવ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)ની ટીમે વિદેશી ભંડોળ અંગે ચાલી રહેલી તપાસના સંદર્ભમાં ઉત્તર પ્રદેશના ઝાંસીના આદરણીય શિક્ષક મુફ્તી ખાલિદ નદવીના ઘરે દરોડા પાડ્યા હતા. ગુરુવારની વહેલી સવારે આ દરોડાથી ખાલિદના સમર્થકોએ NIA ટીમને ઘેરી લીધી હતી અને તેમને કસ્ટડીમાં લેતા અટકાવ્યા હતા. ઓનલાઈન ધાર્મિક વર્ગો દ્વારા ભારત અને વિદેશમાં બાળકોને ભણાવતા ખાલિદ પર વિદેશી ભંડોળ મેળવવાનો આરોપ છે. NIAની તપાસ એ વાત પર કેન્દ્રિત છે કે શું શંકાસ્પદ સંજોગોમાં આંતરરાષ્ટ્રીય સ્ત્રોતોમાંથી તેના ખાતામાં નાણાં મોકલવામાં આવ્યા છે. આ દરોડો ધાર્મિક શિક્ષણ સાથે સંકળાયેલા વિદેશી ભંડોળના આરોપોને ઉકેલવા માટે સ્થાનિક સત્તાવાળાઓ અને વિવિધ તપાસ એજન્સીઓના વ્યાપક પ્રયાસનો એક ભાગ છે. આ દરોડો ઝાંસીના કોતવાલી વિસ્તારના મુકર્યાના મોહલ્લામાં સવારે ૨.૩૦ વાગ્યે પાડવામમા આવ્યો હતો. NIAની ટીમે ઉત્તર પ્રદેશ એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) સાથે મળીને ખાલિદના નિવાસસ્થાન, દસ્તાવેજો, ઈલેક્ટ્રોનિક ઉપકરણો અને તેના અંગત ફોન અને બેંક સ્ટેટમેન્ટની પણ તપાસ કરી હતી. એવું કહેવાય છે કે તેમની પૂછપરછ દરમિયાન, ખાલિદને અમુક વિદેશી વ્યક્તિઓ અને સંગઠનો સાથેના તેના કનેક્શન્સ વિશે પૂછવામાં આવ્યું હતું, જેમાં તેના સંપર્કો અને વોટ્સએપ જૂથો વિશે પૂછપરછ કરવામાં આવી હતી. જો કે, NIAની ટીમે ખાલિદને કસ્ટડીમાં લેવાનો પ્રયાસ કરતાની સાથે જ સ્થાનિક મસ્જિદમાંથી એલર્ટ થતાં તેના ઘરની બહાર મોટી ભીડ એકઠી થઈ ગઈ હતી. સ્થાનિક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, જ્યારે NIA ટીમે મુફ્તી ખાલિદને ઝડપી લેવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેના સમર્થકો ઉશ્કેરાયા અને તેઓએ તેને બળજબરીથી ટીમની કસ્ટડીમાંથી છોડાવ્યો હતો. વધતા જતા તણાવને કારણે આ વિસ્તારમાં વધારાના પોલીસ દળો તૈનાત કરવામાં આવ્યા હતા. NIAએ થોડા સમય પછી ખાલિદની કસ્ટડી લીધી હતી. ખાલિદ સ્થાનિક મુસ્લિમ સમુદાયની અગ્રણી વ્યક્તિ શાહર કાઝીના ભત્રીજા છે. તેઓ એક દાયકાથી વધુ સમયથી ઓનલાઈન શિક્ષણ સાથે સંકળાયેલા છે, અને તેમના વર્ગો કથિત રીતે ભારતીય અને બિન-નિવાસી ભારતીય (NRI) વિદ્યાર્થીઓને સેવા પૂરી પાડે છે. આ દરોડા પછી એક નિવેદનમાં ખાલિદે કહ્યું કે, રાત્રે લગભગ ૩ વાગ્યે, NIA દિલ્હીના લોકોએ મારો દરવાજો ખટખટાવ્યો. તેઓએ આખા ઘરની સારી રીતે શોધખોળ કરી અને કંઈપણ મળ્યું નહીં. તેઓને જે પણ પુસ્તકો શંકાસ્પદ જણાયા તે તેઓ લઈ ગયા છે. તેઓએ મારા પાસપોર્ટ અને સઉદી અરેબિયાના જૂના વિઝા જેવા દસ્તાવેજો લઈ લીધા છે. તેઓએ મારો ફોન ચેક કર્યો અને મારા વોટ્સએપ કોન્ટેક્ટ્સ અને ગ્રુપ્સ વિશે પૂછપરછ કરી. તેઓએ મુહમ્મદ ઈલ્યાસ ખુમાણ વિશે પણ પૂછ્યું અને મારા બેંક સ્ટેટમેન્ટ ચેક કર્યા હતા. એનઆઈએની ટીમે તેની ઓનલાઈન કોચિંગ પ્રવૃત્તિઓ અને કથિત વિદેશી ભંડોળ વિશે પૂછપરછ કરી હતી, પરંતુ તેઓએ હજુ સુધી તેને દરોડા માટે કોઈ સત્તાવાર કારણો આપ્યા નથી. સ્થાનિક રહેવાસીઓમાંથી ઘણા ખાલિદના સમર્થક છે, તેઓ સમુદાયના નેતાના જીવનમાં ગેરવાજબી હસ્તક્ષેપ ગણે છે અને તેના પર આક્રોશ વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે, તે ૧૦ વર્ષથી વધુ સમયથી કોઈપણ સમસ્યા વિના ભણાવી રહ્યો છે. આ ક્રિયા ગેરવાજબી છે, અમે માનીએ છીએ કે NIA તેમના ધાર્મિક કાર્ય સિવાય અન્ય કોઈ કારણસર તેમને નિશાન બનાવી રહી છે. આ દરોડા NIA દ્વારા શંકાસ્પદ આતંકવાદી ભંડોળ પ્રવૃત્તિઓમાં હાથ ધરવામાં આવતી શ્રેણીબદ્ધ તપાસનો એક ભાગ છે, જેમાં કથિત રીતે ઉગ્રવાદી પ્રચારને સમર્થન આપતા નાણાકીય નેટવર્કને તોડી પાડવાના પ્રયાસોનો સમાવેશ થાય છે. NIAના પ્રવક્તાએ પુષ્ટિ કરી કે એજન્સી આ દાવાઓની ઝાંસી અને ઉત્તર પ્રદેશના અન્ય વિસ્તારોમાં તપાસ કરી રહી છે. દરમિયાન, એનઆઈએ આંતરરાષ્ટ્રીય કટ્ટરપંથી નેટવર્ક સાથે જોડાયેલા આતંકવાદી ભંડોળની સમાન તપાસના ભાગરૂપે જમ્મુ અને કાશ્મીરમાં પણ દરોડા પાડી રહી છે. સમુદાયના અગ્રણી નેતા અને ખાલિદના કાકા, શહરએ કાઝીએ NIAની કાર્યવાહી પર પોતાની ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું કે, મુફ્તી ખાલિદ નદવી મારો ભત્રીજો છે અને તે વિશ્વભરના બાળકોને કુર્આન અને ઉર્દૂ શીખવે છે. NIA રાત્રે ૩ વાગે આવી હતી. તેઓએ તેની પૂછપરછ કરી પરંતુ કંઈ મળ્યું નહીં. તે પછી, તેઓએ કહ્યું કે તેઓ તેને પૂછપરછ માટે પોલીસ લાઇનમાં લઈ જશે. અહીંના લોકોએ કહ્યું કે જો તેણે કંઈ ખોટું નથી કર્યું તો તેને લઈ જવાની કોઈ જરૂર નથી. અમે ન્યાય અને શક્ય શ્રેષ્ઠ ઉકેલની માંગણી કરીએ છીએ. ખાલિદ ૧૦ વર્ષથી વધુ સમયથી ઓનલાઈન ભણાવી રહ્યો છે. તેઓએ તેનું કોમ્પ્યુટર અને અન્ય શિક્ષણ સામગ્રી છીનવી લીધી છે. આ તેમના કામ પર હુમલો છે. તપાસ ચાલુ હોવાથી, NIA કથિત વિદેશી ભંડોળના સ્ત્રોત અને ખાલિદના ઑનલાઇન શિક્ષણ વ્યવસાય સાથે કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ જોડાયેલ છે કે કેમ તેના પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. જ્યારે ખાલિદ અને તેના સમર્થકોએ પારદર્શિતાના અભાવ પર હતાશા વ્યક્ત કરી છે, અને આ તપાસ ચાલુ છે, અને સત્તાવાળાઓએ જપ્ત કરેલા દસ્તાવેજો અને ઈલેક્ટ્રોનિક ઉપકરણોની તપાસ કરે છે. આ દરોડાએ આ પ્રદેશમાં ભારે ચર્ચા જગાવી છે, કેટલાક તેને ધાર્મિક શિક્ષકને અન્યાયી લક્ષ્યાંક ગણે છે જ્યારે અન્ય લોકો માને છે કે તે વિદેશી ભંડોળવાળી ઉગ્રવાદી પ્રવૃત્તિઓ પર જરૂરી કાર્યવાહીનો એક ભાગ છે. આ દરોડા અને વ્યાપક તપાસ અંગે NIAનું નિવેદન હજુ આવ્યું નથી. પરંતુ સત્તાવાળાઓએ લોકોને ખાતરી આપી છે કે તેઓ વિદેશી ભંડોળના દાવા પાછળના સત્યને ઉજાગર કરવા અને રાષ્ટ્રીય સુરક્ષા સુનિશ્ચિત માટે પ્રતિબદ્ધ છે. હાલમાં, મુફ્તી ખાલિદ વધુ પૂછપરછ માટે પોલીસ કસ્ટડીમાં છે. **(સૌ. : હિન્દુસ્તાન ટાઈમ્સ)**

# મહારાષ્ટ્ર રાજકારણ; કેન્દ્રમાં મંત્રી પદ મેળવવા માટે જ શરદ પવાર NCPમાં ભંગાણ પડાવ્યાનો પ્રફુલ પટેલ પર સંજય રાઉતનો ગંભીર આક્ષેપ

## શિવસેના ઉદ્ધવના નેતા સંજય રાઉતે કહ્યું કે એનસીપીના સાંસદોના વિજય માટે શરદ પવારે ખૂબ જ પરિશ્રમ કર્યો હતો પરંતુ આ સરકાર તો જોડાણો તોડવા માટેના કામ ઉપર જ ધ્યાન આપતી રહે છે એટલે પ્રફુલ પટેલ પવારના એનસીપીને તોડવા માંગતા હતા અને કેન્દ્રમાં મંત્રી પદ મેળવવા માંગતા હતા, શરદ પવારની વિચારધારા એ ભાજપ અને આરએસએસની મૂળભૂત વિચારધારાની વિરૂદ્ધ છે અને અમે સંપૂર્ણપણે શરદ પવારની સાથે છીએ

(એજન્સી) મુંબઈ તા.૧૩

શિવસેના ઉદ્ધવ ઠાકરેના રાજ્યસભાના સભ્ય સંજય રાઉતે એનસીપી અજીત પવાર જૂથના નેતા પ્રફુલ પટેલ પર ગંભીર આક્ષેપો કર્યા હતા અને એવો દાવો કર્યો હતો કે એનસીપીના અજીત પવાર જૂથ પાસે એક જ સંસદસભ્ય હોવાથી જો મંત્રી પદ મેળવવું હોય તો છ સંસદસભ્યો કોઈ પણ જૂથના હોવા જરૂરી છે એટલે પ્રફુલ પટેલ પોતાનું એ લક્ષ્યાંક સિદ્ધ કરવા માટે જ એનસીપીને તોડવા માંગતા હતા અને તેના માટે જ પ્રયત્નો કરી રહ્યા છે. ઉદ્ધવ સેનાના નેતાએ આગળ કહ્યું હતું કે એનસીપીના સંસદસભ્યોને વિજય મળે તે માટે શરદ પવારે સખત પરિશ્રમ કર્યો હતો પરંતુ આ સરકાર તો જોડાણો તોડવા ઉપર જ બધું ધ્યાન આપે છે અને પ્રફુલ પટેલ શરદ પવારના જૂથને તોડી નાખવા માંગતા હતા અને કેન્દ્રમાં મંત્રી પદ મેળવવા માંગતા હતા. શરદ પવારની વિચારધારા આરએસએસ અને ભાજપથી વિરૂદ્ધ છે અને અમે મજબૂત રીતે શરદ પવારની સાથે ઊભા છીએ. વન નેશન હવન ઈલેક્શન દરખાસ્ત અંગે તેમણે મોદી



સરકારની ભારે ટીકા કરી હતી અને કહ્યું હતું કે મોદી સરકાર પોતાના સ્વાર્થની પ્રાપ્તિ માટે આ દિશામાં આગળ વધી રહી છે પણ મને નથી લાગતું કે મોદી ૨૦૨૯ સુધી સત્તામાં રહેશે. મોદી માત્ર પોતે પોતાના માટે જ વાત કરે છે અને બીજા કોઈનું સાંભળતા નથી.

# લઘુમતીઓ અને ખાસ કરીને મુસ્લિમોને બીજા વર્ગના નાગરિક બનાવી દેવાના પ્રયાસો થઈ રહ્યા છે : અખિલેશ યાદવ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ અખિલેશ યાદવે એવો આક્ષેપ કર્યો કે, લઘુમતીઓ અને ખાસ કરીને મુસ્લિમોને બીજા વર્ગના નાગરિક બનાવી દેવાના પ્રયાસો થઈ રહ્યા છે અને એમની મિલકતો તથા અધિકારોને પદ્ધતિસર ખતમ કરવામાં આવી રહ્યા છે. ભારતીય બંધારણની ૭૫ વર્ષની ગૌરવભરી સફર પરની ચર્ચામાં બોલતા અખિલેશ યાદવે આક્ષેપ કર્યો કે, સરકાર અસમાનતાને ઉત્તેજન આપી રહી છે અને વંચિત સમાજોના બંધારણીય અધિકારોનું જતન કરવામાં નિષ્ફળ રહી છે. બંધારણ તો આપણું છત્ર છે, આપણી સલામતી છે અને આપણી સુરક્ષા ઢાળ છે તેને મજબૂત બનાવવાની વધુ જરૂર છે. કચળાયેલા, અવગણના પામેલા અને વંચિત તથા દલિત માટેના અધિકારોનું રક્ષણ કરનાર પ્રહરી બંધારણ છે. લઘુમતિઓ, દલિત અને પછાત વર્ગો માટે બંધારણનું રક્ષણ એ જીવન-મરણનો સવાલ થઈ ગયો છે. એમણે આક્ષેપ કર્યો છે કે, લઘુમતીઓના અધિકારો અને મિલકતોનું પદ્ધતિસર નિર્મૂલન કરવામાં આવી રહ્યું છે. ૨૦ કરોડથી વધુ લોકો અને ખાસ કરીને મુસ્લિમોને બીજા વર્ગના નાગરિક બનાવી દેવાય છે. રોજે રોજ એમના પરના અત્યાચારો બનાવો વધી રહ્યા છે. એમની મિલકતોની લૂંટફાટ થાય છે. મકાનોનું ડિમોલિશન થાય છે અને પ્રશાસનની મદદથી એમના ધર્મસ્થાનોને કબજે લઈ લેવામાં આવે છે. યાદવે જાતિ આધારિત વસ્તી ગણતરીની માગણી દહોરાવી હતી અને કહ્યું હતું કે,

**યાદવે આક્ષેપ કર્યો કે, સરકાર લઘુમતીઓની અવગણના કરી રહી છે અને એમના અધિકારો તથા મિલકતોને ખતમ કરવામાં આવી રહ્યા છે**

આ પ્રકારે ગણતરી કરવાથી સામાજિક ખાઈનું અંતર ઘટશે છે અને બધાને ન્યાય મળશે. અનામત એ સામાજિક ન્યાય માટેનું સાધન છે પણ કામનું આઉટસોર્સિંગ કરીને અને નોકરીઓમાં કોન્ટ્રાક્ટ કથા લાવીને અનામતના લાભ અને ફાયદાને નામશેષ કરવામાં આવ્યા છે. તેમણે આર્થિક અસમાનતાની વાત કરતા નબળા વર્ગની હાલત વિષે ધ્યાન દોર્યું હતું અને કહ્યું હતું કે, દેશના ૧૪૦ કરોડ નાગરિકોમાંથી ૮૨ કરોડ લોકોને જીવન ટકાવવા સરકારી રાશન મેળવવા પર આધાર રાખવો પડે છે. આપણે સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રની શેખી કરીએ છીએ પરંતુ વાસ્તવિકતા અલગ અને ચોંકાવનારી છે. દેશની બે તૃતયાંશ સંપત્તિ મૂઠીભર પરિવારોના હાથમાં છે. અખિલેશ યાદવે યુપીમાં પેટાચૂંટણીમાં થયેલી ભયંકર ગેરરીતિઓને ઉજાગર કરી હતી અને કહ્યું કે, પોલીસવાળા બંદૂકો બતાવીને ડરાવતા હતા પણ આ બહાદુર મહિલાઓએ બંદૂકોની બીક રાખ્યા વિના મત આપ્યો છે.

# વન નેશન, વન ઈલેક્શનની ફરી જોરદાર હિમાયત કરતા પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

વન નેશન, વન ઈલેક્શન અંગે રચાયેલી ઉચ્ચ કક્ષાની સમિતિનું નેતૃત્વ કરનાર પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ફરી એકવાર એકસાથે ચૂંટણીઓ યોજવાના વિચારની હિમાયત કરી છે. તેમણે જણાવ્યું હતું કે, એકસાથે ચૂંટણીઓનું જે ખ્યાલ છે તે દેશના ચૂંટણી ઈતિહાસમાં જ તેના મૂળીયા ધરાવે છે. લોકો શાસન માટે મત આપે છે ચૂંટણીઓ માટે નહીં એવો તેમણે તર્ક રજૂ કર્યો હતો.

રાષ્ટ્રપતિ પદ પરથી નિવૃત્ત થયા પછી આજતક એજન્ડા સાથેની મુલાકાતમાં જે એમની રાષ્ટ્રપતિ ભવન છોડ્યા પછીની પહેલી મુલાકાત હતી તેમાં કોવિંદે દલીલ કરી હતી કે, લોકો જ્યારે મત આપે છે ત્યારે સરકાર અને શાસન એમના મગજમાં હોય છે. આવનારી સરકારો ચૂંટણીઓમાં વ્યસ્ત રહે એવી લોકોની અપેક્ષા હોતી નથી.

રાજસ્થાનનો દાખલો આપતા તેમણે

**લોકો શાસન માટે મત આપે છે ચૂંટણીઓ માટે નહીં, જો એક સાથે ચૂંટણીઓ થાય તો ખર્ચ રૂ.પાંચ લાખ કરોડથી ઘટીને રૂ.૫૦ હજાર કરોડ થઈ જશે : કોવિંદના અભિપ્રાય**

કહ્યું હતું કે, ૨૦૨૩ના અંત સુધીમાં રાજસ્થાનમાં વિધાનસભા ચૂંટણીઓ થઈ, અધિકારીઓની દલીલો થઈ અમલદાર તંત્રમાં ફેરફાર થયા ત્યારે લોકો ચૂંટણી પ્રચારમાં આપેલા વચનો પૂરા કરવાની માગણી કરતા રહ્યા ત્યારે સરકારમાં બેઠેલા લોકોના જવાબ હતા કે લોકસભાની ચૂંટણીઓ સુધી રાહ જુઓ. જુલાઈ ૨૦૨૪માં આ ચક્ર પણ પૂરો થયો અને ૨૦૨૬માં પંચાયતની ચૂંટણીઓ આવશે કે તરત જ ૨૦૨૮ની વિધાનસભા ચૂંટણીઓ પર ધ્યાન કેન્દ્રીત કરાશે આ રીતે વર્ષો વેડફાતા રહે છે.

તેમણે યાદ કરાવ્યું કે, ૧૯૫૨ અને ૧૯૬૭ની વચ્ચે લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ સાથે જ થઈ હતી. અત્યારે આ વિચારને ખોટી રીતે સમજાવવામાં આવી રહ્યો છે. લોકો કહે છે કે, દર પાંચ વર્ષના સમયગાળામાં ચાર વર્ષ ચૂંટણી પ્રક્રિયામાં વપરાઈ જાય છે. અત્યારે ચૂંટણીઓનું ખર્ચ અંદાજે રૂ.પાંચથી સાડા પાંચ લાખ કરોડ જેટલો થાય છે જો સાથે ચૂંટણીઓ થાય તો ખર્ચ ઘટીને રૂ.૫૦ હજાર કરોડ થઈ જશે આટલી બચેલી રકમથી GDP વિકાસને વેગ મળી શકે અને ઉદ્યોગ વિકાસમાં સીધું ફંડ આપી શકાય.

વન નેશન, વન ઈલેક્શનનો વિચાર ભાજપના મગજની પેદાશ હોવાની ટીકા તેમણે ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે, આ ભાજપે મૂકેલો વિચાર નથી પણ આપણા બંધારણના નિર્માતાઓએ જોયેલું સપનું છે એમનો વિચાર છે.

# સહાનુભૂતિ અને પૈસા મેળવવા માટે સિંગલ ફાધરના સંઘર્ષની નકલ કરવા બદલ ચાઈનીઝ ઈન્ફલુએન્સરની ધરપકડ

(એજન્સી) તા.૧૩

સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ડુયિન પર ૪,૦૦,૦૦૦થી વધુ ફોલોવર ધરાવતા એક ચાઈનીઝ સોશિયલ મીડિયા ઈમ્ફલુએન્સર જેને ફક્ત યુ નામે પણ ઓળખવામાં આવે છે તેના પર ઓનલાઈન સહાનુભૂતિ અને નાણાકીય સહાય મેળવવા માટે સિંગલ ફાધર હોવાનું નાટક કરવાનો આરોપ લાગ્યો છે. આ મામલે ધરપકડ કરી લેવામાં આવી છે.

યુ લોકપ્રિય પ્લેટફોર્મ પર હેન્ડલ @qianyibaobeiનો ઉપયોગ કરે છે, તેણે દાવો કર્યો હતો કે, તેની પુત્રીની માતાએ તેને છોડી દીધા છે અને તેણે હવે જાતે જ પોતાનું ધ્યાન રાખવું પડે છે. તેના વીડિયોમાં તેણે સ્પષ્ટપણે સંદેશ આપ્યો કે, તેની કોઈ માતા નથી. તેણે ૧૦૦થી વધુ વીડિયો પણ શેર કર્યા હતા. જેમાં તેણે સંઘર્ષનું વર્ણન કર્યું, દર્શકોને તેની પુત્રીની આજીવિકાને ટેકો આપવા માટે તેના કન્ટેન્ટને લાઈક કરવા માટે અપીલ કરી હતી.

એક વીડિયોમાં યુએ ફૂડ ડિલિવરી સર્વિસ યુનિફોર્મ પહેર્યો હતો અને તેણે એક જ દિવસમાં ૪૩ ઓર્ડર ડિલિવરી કર્યાનો દાવો કર્યો હતો, તેના બાળકને વધુ સારૂં ભોજન પૂરૂં પાડવા માટે તેણે ૩૦૦ યુઆન (અંદાજે રૂા.૩૫૦૦) કમાવ્યા હતા. તેમની પોસ્ટ્સે તેમના ફોલોવર તરફથી વ્યાપક ધ્યાન અને સહાનુભૂતિ પ્રાપ્ત કરી, જેમાંથી ઘણા તેમની વાર્તાને માનીને તેમની સામગ્રી સાથે સંકળાયેલા હતા.

# પુષ્પા-૨ ફિલ્મના પ્રમોશન વખતે થયેલી ભાગદોડમાં મૃત્યુ પામેલી મહિલાના પતિએ કહ્યું અલ્લુ અર્જુન સામે કેસ પાછો ખેંચવા તૈયાર

**અલ્લુ અર્જુનને સ્થાનિક અદાલતે ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો હુકમ કર્યો હતો પણ હાઈકોર્ટે વચગાળાના જામીન આપ્યા**

(એજન્સી) હૈદરાબાદ, તા.૧૩

શુક્રવારે નાટકીય ઘટનાઓમાં સાઉથના સુપરસ્ટાર અલ્લુ અર્જુનની ધરપકડ થઈ અને ગણતરીના કલાકોમાં હાઈકોર્ટ દ્વારા રોજગાળાના જામીન આપવામાં આવ્યા હતા ત્યારબાદ અલ્લુ અર્જુનના ફિલ્મના પુષ્પા-૨ના પ્રમોશન દરમિયાન થયેલી ભાગદોડમાં મૃત્યુ પામેલી મહિલાના પતિએ અલ્લુ અર્જુન સામેનો કેસ પાછો ખેંચી લેવાની તૈયારી બતાવી હતી.

પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે જણાવ્યું હતું કે, મારો દીકરો પુષ્પા-૨ ફિલ્મ જોવા માંગતો હતો એટલે મારી પત્ની તેને સંધ્યા થિયેટર લઈ ગઈ હતી અને ત્યાં અલ્લુ અર્જુન આવ્યા એટલે એમાં એમણે કશું ખોટું કર્યું નથી. હું કેસ પાછો ખેંચવા તૈયાર છું. પોલીસે અમને એમની ધરપકડ થઈ રહ્યાનું કહ્યું નહોતું મેં મોબાઈલમાં સમાચાર જોયા કે પછી મને ખબર પડી. સંધ્યા થિયેટરમાં થયેલી ભાગદોડમાં એમના પુત્રને પણ ઈજા થઈ હતી. સંધ્યા થિયેટરમાં ફિલ્મના પ્રીમિયર દરમિયાન ધમાલ થઈ હતી અને ભાગદોડ મચી હતી કેમ કે અલ્લુ અર્જુનને જોવા માટે મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા.

# IAS અધિકારી અશ્વિની ભીડેની મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના મુખ્ય સચિવ તરીકે નિમણૂક

(એજન્સી) મુંબઈ, તા.૧૩

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના મુખ્ય સચિવ તરીકે IAS અધિકારી અશ્વિની ભીડેની શુક્રવારે નિમણૂક કરવામાં આવી હતી. સામાન્ય વહીવટ વિભાગના આદેશમાં જણાવાયું છે કે, ભીડે આગામી નિર્દેશ સુધી મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશનના એમડી તરીકેનો તેમનો વર્તમાન કાર્યભાર સંભાળશે. ૧૯૯૫ બેચના અધિકારી મુખ્યમંત્રી કાર્યાલયમાં બ્રિજેશસિંહના સ્થાને મુખ્ય સચિવ તરીકે સ્થાન લેશે. પાછલી સરકારમાં ફડણવીસ જ્યારે નાયબ મુખ્યમંત્રી હતા ત્યારે તેમના સચિવ તરીકે સેવા આપતા શ્રીકર પરદેશીને તાજેતરમાં સીએમઓમાં સચિવ તરીકે બદલી કરવામાં આવી હતી. વિધાનસભા ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળના ગઠબંધનની પ્રચંડ જીત બાદ ફડણવીસે પાંચ ડિસેમ્બરે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.

# ‘ભવિષ્યમાં હિન્દુ વિકાસ દર વિશ્વના અર્થતંત્રનું નેતૃત્વ કરશે’ : મુંબઈની કોન્ફરન્સમાં મુખ્યમંત્રી ફડણવીસનો દાવો

(એજન્સી) મુંબઈ, તા.૧૩

આગામી ભવિષ્યમાં હિન્દુ વિકાસ દર વિશ્વના અર્થતંત્રનું નેતૃત્વ કરશે એમ મુંબઈમાં આયોજિત વર્લ્ડ હિન્દુ ઈકોનોમિક ફોરમના નવમા વાર્ષિક વૈશ્વિક પરિષદમાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું. ૨૦૨૮ સુધીમાં પ્રથમ સબ-નેશનલ એક ટ્રિલિયન ડૉલર અર્થતંત્ર બનવાના લક્ષ્ય સાથે ફડણવીસે કહ્યું કે, મહારાષ્ટ્રનું ધ્યાન લોજિસ્ટિક્સ અને ટેક્નોલોજી પર છે સાથે સાથે રાજ્યને દેશની ડેટા કેપિટલ તરીકે સ્થાપિત કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી છે. મુખ્યમંત્રી તરીકે શપથ લીધા પછી તરત જ ફડણવીસે વિકાસ અને હિન્દુત્વ સાથે મહારાષ્ટ્રના વિકાસનું પોતાનું વિઝન શેર કર્યું હતું. શુક્રવારે જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટર ખાતે વર્લ્ડ હિન્દુ ઈકોનોમિક ફોરમના ઉદ્ઘાટન સત્રામાં ફડણવીસે વિશ્વના અર્થતંત્રના માર્ગદર્શક તરીકે હિન્દુ વિકાસ દર પર પ્રતિબિંબ પાડ્યો હતો.

ફડણવીસે કહ્યું કે, સ્વતંત્રતા પછી અપનાવવામાં આવેલા આર્થિક મોડેલોને કારણે હિન્દુ વિકાસ દરનું અપમાનજનક લેબલ આપવામાં આવ્યું હતું પરંતુ ભારત હવે સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર તરીકે ઓળખાય છે અને વૈશ્વિક સ્તરે ત્રીજા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બનવા માટે તૈયાર છે. તેમણે દાવો કર્યો કે તેના મૂળ અટલ બિહારી વાજપેયી દ્વારા શરૂ કરાયેલી નીતિઓમાં છે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને શિખર પર પહોંચાડ્યા છે. આર્થિક વિકાસનું હિન્દુ મોડેલ પારદર્શક અને સમાવેશી છે તેમ કહેતા ફડણવીસે ઉમેર્યું ‘પશ્ચિમની સભ્યતા સૌથી યોગ્ય લોકોના અસ્તિત્વમાં માને છે જ્યારે હિન્દુ સભ્યતામાં જન્મેલા તમામ જીવોના અસ્તિત્વમાં માને છે. વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓના ઈતિહાસમાં શોષણ જોવા મળ્યું છે જ્યારે ૧૫મી સદીમાં વિશ્વના અર્થતંત્રમાં ૩૫%થી ૪૯% હિસ્સો ધરાવતો ભારત હંમેશા સખત મહેનત અને ઉદ્યોગસાહસિકતા દ્વારા આગળ વધ્યો છે. જ્યારે મૂડીવાદના પરિણામે વિશ્વના ઘણા ભાગોમાં સંપત્તિમાં નોંધપાત્ર અસમાનતા જોવા મળી છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ છેલ્લા દસ વર્ષમાં ૨૫ કરોડ લોકોને ગરીબીમાંથી સફળતાપૂર્વક બહાર કાઢ્યા છે.’

# છેલ્લા ૩ વર્ષમાં વિદેશમાં ૧૭૨ ભારતીયો પર હુમલા કે હત્યા, સૌથી વધુ સઉદીમાં, ત્યારબાદ અમેરિકા અને ફિલિપાઈન્સમાં

(એજન્સી) તા.૧૩

વિદેશ મંત્રાલયે શુક્રવારે જણાવ્યું હતું કે, ૨૦૨૧ અને ૨૦૨૩ની વચ્ચે વિદેશમાં કુલ ૧૭૨ ભારતીયો પર હુમલા અથવા હત્યા કરવામાં આવી હતી, જેમાં સૌથી વધુ કેસ સઉદી અરેબિયામાં થયા છે અને ત્યારબાદ અમેરિકામાં. રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે રાજ્યસભામાં જણાવ્યું કે, આવા કેસોની સંખ્યા ૨૦૨૧માં ૨૯ હતી જે વધીને ૨૦૨૩માં ૮૬ થઈ ગઈ છે. એક પ્રશ્નના જવાબમાં સિંઘે જણાવ્યું હતું કે, અમારા મિશન અને પોસ્ટ્સ સતર્ક રહે છે અને કોઈપણ અપ્રિય ઘટના પર નજીકથી નજર રાખે છે.

આવી ઘટનાઓને યજમાન દેશના સંબંધિત અધિકારીઓ સાથે તરત જ લેવામાં આવે છે જેથી તે સુનિશ્ચિત થાય કે કેસોની યોગ્ય તપાસ થવી જોઈએ અને ગુનેગારોને સજા થવી જોઈએ. ૩૭ દેશોમાં ભારતીયો પર હુમલા થયા છે, જેમાંથી ૨૫ ઘટનાઓ સઉદી અરેબિયામાં અને ૨૨ ઘટના અમેરિકામાં બની છે. ૨૦૨૧માં અમેરિકામાં કોઈ હુમલા થયા ન હતા, પરંતુ ૨૦૨૨માં આ સંખ્યા વધીને ૧૦ અને ૨૦૨૩માં ૧૨ થઈ ગઈ.

સઉદી અરેબિયામાં ૨૦૨૧માં નવ કેસ નોંધાયા હતા, ત્યારબાદ ૨૦૨૨માં છ અને ૨૦૨૩માં ૧૦ કેસ નોંધાયા હતા. ફિલિપાઈન્સમાં ભારતીયો પર ત્રીજા નંબરે સૌથી વધુ હુમલાઓ કે હત્યાઓ થઈ છે જેનો આંકડો ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન ૧૬ નોંધાયો હતો.

કેનેડા અને સંયુક્ત અરબ અમીરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં આવા ૧૪ કેસ જોવા મળ્યા છે, જ્યારે ઉત્તર અમેરિકન દેશમાં ૨૦૨૩માં જ ૧૦ કેસ જોવા મળ્યા છે. માલદીવ્સ, ન્યુઝીલેન્ડ, ઓમાન, સુદાન, પોલેન્ડ, ઝામ્બિયા, સ્પેન, માલ્ટા, ફ્રાન્સ, જર્મની, ઈટાલી, કુવૈત અને યુકે એવા કેટલાક અન્ય દેશો છે જ્યાં ભારતીયો પર હુમલા થયા છે. સિંઘે કહ્યું કે, વિદેશ મંત્રાલય પાસે કોઈ માહિતી નથી કે આ કેસોમાં ગુનેગારોની ધરપકડ કરવામાં આવી છે કે સજા કરવામાં આવી છે.

# ભાજપ શાસન હેઠળ ભારતમાં મંદિરો સુરક્ષિત નથી : ઉદ્ધવ ઠાકરે

(એજન્સી) મુંબઈ, તા.૧૩

શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ શુક્રવારે હિન્દુત્વના મુદ્દે ભાજપને ઘેરવાનો પ્રયાસ કર્યો અને કહ્યું કે, પાર્ટીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે સંસદને જણાવવું જોઈએ કે બાંગ્લાદેશમાં હિન્દુઓના રક્ષણ માટે તે શું પગલાં લઈ રહી છે જ્યાં લઘુમતીઓ પર હિંસક હુમલાઓ થયા છે. મુંબઈમાં એક પત્રકાર પરિષદને સંબોધતા ઠાકરેએ ભાજપ પર પ્રહાર કરતા કહ્યું કે, તેનું હિન્દુત્વ ફક્ત મત માટે છે. પૂર્વ મુખ્યમંત્રીએ દાદર સ્ટેશનની બહાર હનુમાન મંદિર તોડી પાડવા માટે રેલવે દ્વારા જારી કરાયેલી નોટિસનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે, લોઢરો દ્વારા બાંધવામાં આવેલા ૮૦ વર્ષ જૂના મંદિરને તોડી પાડવા માટે ‘ફતવો’ જારી કરવામાં આવ્યો છે. ગત મહિને વિધાનસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન વ્યાપકપણે ઉપયોગમાં લેવાતા ‘એક હૈં તો સેફ હૈં’ નારા પર ભાજપ પર કટાક્ષ કરતા તેમણે કહ્યું કે, રાષ્ટ્રીય પક્ષના શાસનમાં મંદિરો પણ સુરક્ષિત નથી. આ અંગે વળતો પ્રહાર કરતાં રાજ્ય ભાજપ પ્રમુખ ચંદ્રશેખર બાવનકુલેએ કહ્યું કે, જે લોકોએ સત્તા માટે હિન્દુત્વનો ત્યાગ કર્યો અને કોંગ્રેસ સાથે જોડાણ કર્યું તેઓ હવે હિન્દુઓની સુરક્ષા વિશે વાત કરી રહ્યા છે. તેમની પત્રકાર પરિષદમાં ઠાકરેએ વધુમાં કહ્યું કે, બાંગ્લાદેશમાં મંદિરોમાં તોડફોડ થઈ રહી છે જ્યાં પાંચ ઓગસ્ટના રોજ તત્કાલીન વડાંપ્રધાન શેખ હસીનાને પદભ્રષ્ટ કર્યા પછી હિન્દુઓ અને અન્ય લઘુમતી જૂથોને હિંસક હુમલાઓનો સામનો કરવો પડ્યો છે. શેખ હસીના ભારતમાં સુરક્ષિત છે જ્યાંથી તેઓ બાંગ્લાદેશમાં હિંસક વિરોધ પ્રદર્શનો વચ્ચે ભાગી ગયા હતા પરંતુ પડોશી દેશમાં હિન્દુઓનું શું ? તેમ ઠાકરેએ પૂછ્યું હતું. શિવસેનાના નેતાએ કહ્યું કે, ‘પીએમ મોદીએ સંસદને બાંગ્લાદેશમાં હિન્દુઓના રક્ષણ માટે ભારત દ્વારા લેવામાં આવતા પગલાં વિશે જાણ કરવી જોઈએ.’

# દરેક જિલ્લામાં દિવ્યાંગ બાળકો માટે તબીબી સારવાર સુવિધા અને શિક્ષણની સવલતો ઊભી કરો; યુપી સરકારને હાઈકોર્ટનો આદેશ

**અલ્હાબાદ હાઈકોર્ટે એ હકીકતની નોંધ લીધી છે કે રાજ્યના અનેક જિલ્લાઓમાં તબીબી સારવાર તથા શિક્ષણ માટેની તક અને અન્ય સામાજિક સહાયક માળખું બિલકુલ આધુનિક નથી**

(એજન્સી) લખનૌઉ, તા.૧૩

રાજ્યના દરેક જિલ્લાઓમાં દિવ્યાંગ બાળકો માટે તબીબી સારવાર અને શિક્ષણની ઉત્તમ સુવિધાઓ ઊભી કરવા માટે અને આવા જે બાળકો શારીરિક રીતે દિવ્યાંગ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે એમના એકંદર સર્વગ્રાહી વિકાસ માટેની આધારભૂત ટેકાવાળી પદ્ધતિ પણ ઉભી કરવા માટે આજે અલ્હાબાદ હાઈકોર્ટે ઉત્તરપ્રદેશ સરકારને આદેશ આપ્યો હતો. એટા શહેરની સરકારી સ્કૂલના એક શિક્ષકે કરેલી એક અરજી પર જસ્ટિસ અજય ભાનોટે ઉપર મુજબનો આદેશ આપ્યો હતો. શિક્ષકે અરજીમાં માનવતાવાદી ધોરણે નોઈડા કે ગાઝિયાબાદ બદલી કરવાની વિનંતી કરી હતી અને જણાવ્યું હતું કે એટામાં મારા દિવ્યાંગ પુત્રને શિક્ષણ મળે એવી કોઈ સવલતો નથી અને તબીબી સગવડો પણ નથી. અરજદારે અદાલતમાં દર્શાવ્યું હતું કે એટા જિલ્લામાં દિવ્યાંગ બાળકો અને જે માનસિક રીતે અસંતુલિત એટલે કે ઓટિસ્ટિક બાળકો હોય છે એમના માટે કોઈ પ્રકારની સવલતો કે આધુનિક સાધનો ઉપલબ્ધ નથી એટલે નોઈડા અને ગાઝિયાબાદમાં આ માટેની ખૂબ જ ઉત્તમ સવલતો હોવાથી માનવતાના ધોરણે મારી બદલી કરવા મારી વિનંતી છે. હાઈકોર્ટે પણ એ વાતની નોંધ લીધી હતી કે યુપીના ઘણા જિલ્લાઓમાં આ પ્રકારના બાળકો માટે તબીબી સારવાર કે શિક્ષણની આધુનિક વ્યવસ્થા નથી અને અન્ય મદદ કરતા સિસ્ટમ પણ ઉપલબ્ધ નથી.

# પોલીસે બેંગ્લુરૂના પતિની આત્મહત્યા માટે પત્ની અને તેના પરિવારને ૩ દિવસમાં હાજર થવા સમન્સ પાઠવ્યું

**બેંગ્લુરૂના અતુલની આત્મહત્યા કેસમાં તેના ભાઈની ફરિયાદના આધારે પોલીસે તેની પત્ની, તેની માતા નિશા સિંઘાનિયા, તેના પરિવારના સભ્યોને ૩ દિવસમાં તપાસ અધિકારી સમક્ષ હાજર થવા માટે નોટિસ જારી કરી છે**

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૧૩

સનસનાટીભર્યા બેંગલુરૂ તકનીકી આત્મહત્યા કેસમાં તપાસમાં આગળ વધતાં કર્ણાટક પોલીસે અતુલ સુભાષની પત્ની અને તેના પરિવારના સભ્યોને સમન્સ જારી કર્યા છે, તેમને બેંગ્લોરના મરાઠાહલ્લી પોલીસ સ્ટેશનમાં હાજર થવા માટે ૩ દિવસનો સમય આપ્યો છે. બેંગલુરૂના અતુલની આત્મહત્યા કેસમાં તેના ભાઈની ફરિયાદના આધારે, પોલીસે તેની પત્ની, તેની માતા નિશા સિંઘાનિયા, તેના પરિવારના સભ્યોને ૩ દિવસમાં તપાસ અધિકારી સમક્ષ હાજર થવા માટે નોટિસ જારી કરી છે. આ નોટિસ તેમની પત્ની નિકિતા સિંઘાનિયા, તેમની માતા નિશા સિંઘાનિયા, તેમના ભાઈ અનુરાગ સિંઘાનિયા અને તેમના કાકા સુશીલ સિંઘાનિયાને આપવામાં આવી છે. આ કેસના તથ્યો અને સંજોગોની ખાતરી કરવા માટે આ લોકોની પૂછપરછ કરવા માટે વાજબી કારણો છે. માટે તેઓને ૩ દિવસની અંદર બેંગલુરૂ ખાતે તપાસ અધિકારી સમક્ષ હાજર થવાનો નિર્દેશ આપવામાં આવે છે. અતુલ સુભાષ, જેઓ બિહારના હતા પરંતુ બેંગલુરુમાં રહેતા હતા અને એક ખાનગી પેઢીમાં કામ કરતા હતા, તેમણે ૨૪ પાનાની એક મૃત્યુ નોંધ મૂકી હતી જેમાં તેણે આરોપ મૂક્યો હતો કે તેની પત્ની અને તેના પરિવાર દ્વારા કરાયેલા અનેક કેસ અને કોર્ટમાં ન્યાયાધીશ દ્વારા કરવામાં આવતી સતામણી અને તેના કારણે વર્ષોથી ભાવનાત્મક તકલીફ થઈ હતી. અતુલ સુભાષની આ નોંધ અને વીડિયોની વિગતો બહાર આવતાં, તેનો પરિવાર આઘાતમાં છે અને તેણે ન્યાય મેળવવાની પ્રતિજ્ઞા લીધી છે.

તેની સુસાઈડ નોટમાં અતુલ સુભાષે લખ્યું કેઃ જો હું સિસ્ટમમાંથી જીતીશ, તો મારા નશ્વર અવશેષોને ગંગામાં અર્પણ કરી દો નહીંતર કોર્ટની બહાર ગટરમાં. આ ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે અતુલ સુભાષે ૨૦૧૯માં નિકિતા સિંઘાનિયા સાથે લગ્ન કર્યા હતા અને તેમને એક બાળક પણ હતું. ફરિયાદમાં આરોપ છે કે તેમના છૂટાછેડા પછી, નિકિતા સિંઘાનિયા અને તેમના પરિવારે અતુલ સુભાષ વિરૂદ્ધ ખોટો કેસ દાખલ કર્યો અને કેસના સમાધાન માટે રૂા.૩ કરોડની માંગણી કરી હતી.

બેંગલુરૂ પોલીસને સોમવારે સવારે ૬:૦૦ વાગ્યે ફ્લેટમાં આત્મહત્યાનો ફોન આવ્યો હતો. પોલીસને ૨૪ પાનાની નોટ પણ મળી જેમાં અતુલ સુભાષે દરેક પેજ પર "જસ્ટિસ ઈઝ ડ્યુ" લખ્યું હતું. તેની પત્ની અને તેના પરિવાર સાથે, સુભાષે ઉત્તર પ્રદેશના જૌનપુરની ફેમિલી કોર્ટના જજ પર તેની સુનાવણી ન કરવાનો અને કોર્ટના એક અધિકારી પર જજની સામે લાંચ લેવાનો આરોપ લગાવ્યો. અતુલે દાવો કર્યો હતો કે તેની પત્નીએ તેની સામે હત્યા, જાતીય ગેરવર્તણૂક, પૈસા માટે ઉત્પીડન, ઘરેલુ હિંસા અને દહેજ સહિતના નવ કેસ દાખલ કર્યા છે.

અતુલ સુભાષે એવા કિસ્સાઓનું વર્ણન કર્યું અને તેણે તેની કથિત સતામણીનું વર્ણન કરતો એક વીડિયો રેકોર્ડ કર્યો અને તેના પરિવારના સભ્યોને જ્યાં સુધી ન્યાય ન મળે ત્યાં સુધી તેની અસ્થીઓને વિસર્જન ન કરવા કહ્યું હતું. તેમણે ચાર વર્ષના પુત્ર માટે પણ એક સંદેશ આપ્યો હતો, અને તેણે દાવો કર્યો હતો કે તેને તેનાથી દૂર રાખવામાં આવ્યો હતો. આ ચિઠ્ઠીમાં તેના માતા-પિતાને તેના બાળકની કસ્ટડી આપવાનું પણ કહેવામાં આવ્યું હતું.

# દિલ્હી, મુંબઈ જતા ઈન્ડિગો ફ્લાઈટ્સના ૪૦૦ મુસાફર ઈસ્તંબુલમાં અટવાયા, વીડિયોમાં તુર્કિશ એરલાઈન્સના ‘અસંસ્કારી’ કર્મચારીઓ પર ગેરવર્તનનો આરોપ લગાવ્યો

(એજન્સી) તા.૧૩

તુર્કીથી મુંબઈની મુસાફરી કરનાર સેંકડો વિમાન મુસાફરોને ગુરૂવારે (૧૨ ડિસેમ્બર) મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આશરે ૪૦૦ ઈન્ડિગો મુસાફરો કથિત રીતે ઈસ્તંબુલ ઍરપૉર્ટ પર ૨૪ કલાક સુધી ફસાયેલા રહ્યા હતા. એક મુસાફરના સવાલના જવાબમાં એરલાઈન્સે કહ્યું કે, સંચાલનના કારણે ઉડાનમાં મોડું થયું હતું. અમુક ઈન્ડિગો મુસાફરોએ સોશિયલ મીડિયા પ્લેટફૉર્મ એક્સ અને લિંક્ડઈન પર દાવો કર્યો કે, પહેલાં ફ્લાઈટમાં મોડું થવાની વાત કહેવામાં આવી અને બાદમાં સૂચના મળી કે, તેને રદ કરી દેવામાં આવી છે. મુસાફરોમાંથી એક અનુશ્રી ભંસાલીએ કહ્યું કે, ઉડાનમાં બે વાર એક-એક કલાકનું મોડું થયું અને બાદમાં તેને રદ કરી દેવામાં આવી, અંતે ૧૨ કલાક બાદ ફરી નવો સમય સુનિશ્ચિત કરવામાં આવ્યો. અમુક મુસાફરોએ કહ્યું કે, ફ્લાઈટ મોડી થયા બાદ ઈન્ડિગો દ્વારા કોઈ આવાસ કે ફૂડ વાઉચર પણ આપવામાં આવ્યું નહતું. ત્યાં સુધી કે, ઍરપૉર્ટ પર ઈન્ડિગોના પ્રતિનિધિએ તેમને સંપર્ક પણ નહતો કર્યો. એક અન્ય મુસાફર રોહન રાજાએ કહ્યું કે, દિલ્હીથી સવારે ૬ વાગ્યે ૪૦ મિનિટ પર ચાલનારી ફ્લાઈટ રદ થયા બાદ, લોકોને ખૂબ જ ઠંડીનો સામનો કરવો પડ્યો. કારણ કે, એરલાઈને જે આવાસ તેમને આપ્યા હતા ત્યાં સુધી જવા માટે કોઈ વાહન ઉપલબ્ધ કરવામાં નહતું આવ્યું. મુંબઈ જવાની રાહ જોઈ રહેલા પાર્શ્વ મહેતાએ લખ્યું કે, રાત્રે ૮ વાગ્યાની ફ્લાઈટને રાત્રે ૧૧ વાગ્યા સુધી ટાળી દીધી હતી અને બાદમાં બીજા દિવસે સવારે ૧૦ વાગ્યા સુધી ટાળી દીધી. આ સિવાય, ઈન્ડિગોની તરફથી કોઈ ઘોષણા ન કરાઈ અને તુર્કી એરલાઈન્સ ક્રૂની સૂચના મળ્યા બાદ લોકોમાં અવ્યવસ્થા ફેલાઈ ગઈ.

# ભારતે અંતરિક્ષ વિઝનની રૂપરેખા આપી : ૨૦૩૫ સુધીમાં પોતાનું સ્ટેશન, ૨૦૪૦ સુધીમાં ચંદ્ર પર, ૨૦૪૭ સુધીમાં ક્ષેત્રમાં વિકસિત રાષ્ટ્ર

(એજન્સી) તા.૧૩

કેન્દ્રીય વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી અને અવકાશ રાજ્ય મંત્રી ડૉ જીતેન્દ્ર સિંહે જાહેરાત કરી હતી કે ભારત ૨૦૩૫ સુધીમાં તેનું સ્પેસ સ્ટેશન સ્થાપશે. તેનું નામ ‘ઈન્ડિયા સ્પેસ સ્ટેશન’ રાખવામાં આવશે. આ સાથે ૨૦૪૦ સુધીમાં ચંદ્ર પર ભારતીય મોકલવાની યોજના છે. દિલ્હીમાં એક પ્રેસ કોન્ફરન્સમાં ડૉ. સિંહે જણાવ્યું કે ૨૦૨૫ના અંત સુધીમાં અથવા ૨૦૨૬ની શરૂઆતમાં ગગનયાન મિશન હેઠળ પ્રથમ ભારતીય અવકાશયાત્રી અવકાશમાં જશે. ઉપરાંત, ભારત તેના ઊંડા સમુદ્રી મિશન હેઠળ ૬,૦૦૦ મીટરની ઊંડાઈ સુધી માનવોને મોકલવાની યોજના બનાવી રહ્યું છે. તેમણે કહ્યું કે, સરકાર સ્પેસ સેક્ટરના સંચાલન માટે નવા કાયદા પર કામ કરી રહી છે. છેલ્લા ચાર વર્ષોમાં, ખાનગી ખેલાડીઓએ આ ક્ષેત્રમાં સેટેલાઈટના નિર્માણ અને પ્રક્ષેપણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, જેના કારણે ઘણો સુધારો થયો છે. ડૉ. સિંહે કહ્યું કે ૨૦૧૪માં સ્પેસ સ્ટાર્ટ-અપની સંખ્યા માત્ર એક હતી, હવે તે વધીને ૨૬૬ થઈ ગઈ છે. તેમણે કહ્યું કે ભારતે શ્રીહરિકોટા પ્રક્ષેપણ સ્થળ પરથી અત્યાર સુધીમાં ૪૩૨ વિદેશી ઉપગ્રહો લોન્ચ કર્યા છે, જેમાંથી ૩૯૭ એકલા છેલ્લા ૧૦ વર્ષમાં લોન્ચ કરવામાં આવ્યા છે. વધુમાં, સરકારે સ્પેસ વિભાગ હેઠળ ઈન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઈઝેશન સેન્ટર (IN-SPACe) જેવી સરકારી એજન્સીઓ બનાવી છે, જે ખાનગી સંસ્થાઓને સ્પેસ સેક્ટરમાં કામ કરવા માટે પ્રોત્સાહિત કરવા, નિયમન કરવા અને મંજૂરી આપવા માટે મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

# જીપીએસ સિસ્ટમની બાઈક કમ્પ્યુટર રાખવા કરવા બદલ ચેક પ્રવાસીની ભારતમાં અટકાયત

(એજન્સી) તા.૧૩

ચેક રિપબ્લિકના વિદેશ મંત્રાલયે મંગળવારે જણાવ્યું હતું કે, માર્ટિન પોલ્સની ભારતમાં પ્રતિબંધિત જીપીએસ-સક્ષમ બાઈક કમ્પ્યુટર સાથે રાખવા બદલ અટકાયતમાં લેવામાં આવ્યો હતો અને દંડ ફટકારવામાં આવ્યો હતો. ગોવાના મનોહર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આ ઘટના ત્યારે બની જ્યારે ૪૪ વર્ષીય પોલ્સની દોહા જવાની તૈયારી હતી. એરપોર્ટ સુરક્ષાને પોલ્સનીના સામાનમાં ગાર્મિન એજ ૫૪૦ બાઈક કમ્પ્યુટર મળ્યું. બિલ્ટ-ઈન સેટેલાઈટ ટ્રાન્સમીટરથી સજ્જ, ઉપકરણ ભારતીય વાયરલેસ ટેલિગ્રાફી એક્ટ ૧૯૩૩નું ઉલ્લંઘન કરે છે, જે યોગ્ય લાઈસન્સ વિના વાયરલેસ ટેલિગ્રાફી સાધનોના કબજાને પ્રતિબંધિત કરે છે ‘‘કમ્પ્યુટરમાં એક ઈન-બિલ્ટ સેટેલાઈટ ટ્રાન્સમીટર હતું. ચેક વિદેશ મંત્રાલયના પ્રવક્તા ડેનિયલ ડ્રેકે જણાવ્યું હતું કે, ભારતમાં સેટેલાઈટ ટ્રાન્સમીટર અથવા ફોન સાથે મુસાફરી કરવા પર પ્રતિબંધ છે. ૧૯૩૩ના કાયદામાં જોગવાઈ છે કે ઉલ્લંઘન કરનારને ત્રણ વર્ષ સુધીની જેલ, ૧,૦૦૦ રૂપિયાનો દંડ અથવા બંને થઈ શકે છે. પોલ્સની, જે અગાઉની કોઈપણ સમસ્યા વિના ૧૧ દિવસથી સમગ્ર ભારતમાં સાયકલ ચલાવી રહી હતી, તેણે કબૂલ્યું અને દંડ ચૂકવ્યો. મુક્ત થતાં પહેલા તેને ૧૨ કલાક સુધી એક સેલમાં નજરકેદ રાખવામાં આવ્યો હતો અને તેને દેશ છોડવાની મંજૂરી આપવામાં આવી હતી. જોકે, ભારતીય સત્તાવાળાઓએ બાઈક કોમ્પ્યુટર જપ્ત કરી લીધું હતું. જાહેરખબર સાઈકલ સવારોમાં લોકપ્રિય ઉપકરણ ગાર્મિન એજ ૫૪૦ છે, જે એક બાઈક કમ્પ્યુટર છે જે ઝડપ, અંતર અને અન્ય મેટ્રિક્સને ટ્રેક કરે છે. તે નેવિગેશન અને કામગીરીની આંતરદષ્ટિ પ્રદાન કરવા માટે GPS તકનીકનો પણ ઉપયોગ કરે છે. જ્યારે આવા ઉપકરણો વૈશ્વિક સ્તરે સામાન્ય છે, ત્યારે તેમના એમ્બેડેડ સેટેલાઈટ ટ્રાન્સમિટર્સ તેમને ભારત સહિત કેટલાક દેશોમાં કડક નિયમોને આધીન બનાવે છે.

### ચંદન ચોરી માટેની મશહુર ફિલ્મ 'પુષ્પા'માં પણ લાલ ચંદનની ચોરીનું મોટું નેટવર્ક બતાવાયું છે

# લ્યો, હવે ગુજરાતમાં પણ ચંદન ચોરી ઝડપાઈ લાલ ચંદનના જથ્થા સાથે ત્રણને ઝડપી લેવાયા

## આંધ્રપ્રદેશની ટાસ્ક ફોર્સે લોકલ પોલીસને સાથે રાખીને પાર પાડ્યું ઓપરેશન

(સંવાદદાતા દ્વારા)

પાટણ, તા.૧૩

લ્યો હવે ગુજરાતમાં પણ ચંદનનો જથ્થો ઝડપાઈ જવાનું સામે આવ્યું છે. ગુજરાતમાં આંધ્રપ્રદેશથી રક્તચંદન પહોંચી ગયું હતું. ગેરકાયદે ચોરી કરીને રક્તચંદનનો જથ્થો પાટણ પાસેના એક ગોડાઉનમાં સંતાડાયો હતો. આંધ્રપ્રદેશની તિરૂપતિ રેડ સેન્ડર્સ ટાસ્ક ફોર્સે બાતમીના આધારે પાટણ પહોંચી હતી. પાટણની એલસીબી અને બાલીસણા પોલીસને સાથે રાખીને હાજીપુરના એક શ્રેય વિલાના ગોડાઉન નંબર ૭૦માં કરોડોના રક્તચંદનના ૧૫૦ ટુકડા પકડી પાડ્યા હતા.






આ બાબતે તિરૂપતિના સ્પેશિયલ ટાસ્ક ફોર્સ રેડ સેન્ડર્સના ડીવાયએસપી એમ.ડી. શરીફે જણાવ્યું હતું કે, એમને ગઈકાલે રાત્રે ઈન્ફર્મેશન મળી હતી. ઉત્તમકુમાર, હંસરાજ અને પરેશ આ ત્રણેય રેડ સેન્ડર્સના ઈલિગલ ટ્રાન્સપોર્ટેશનમાં સામેલ છે. જે ફોરેસ્ટ એક્ટ મુજબ ખૂબ જ ઓફેન્સિવ છે. અમારા લોકલ સોર્સિસથી જાણ થતાં અમે લોકલ પોલીસને જાણ કરી હતી. લોકલ પોલીસની મદદથી અમે ત્રણેયને ડિટેન કર્યા છે. ઈન્ટ્રોગેશન દરમિયાન અંદર ૧૫૪ રક્તચંદનના લાકડા હતા. ૪.૫ ટનના આ લાકડાની કિંમત બે કરોડ આસપાસ છે. આ લોકોને પાટણ કોર્ટમાં રજૂ કરીને વધુ તપાસ માટે તિરૂપતિ લઈ જઈશું. વધુમાં તેમણે કહ્યું હતું. આંધ્રપ્રદેશ પોલીસે, પાટણ એલસીબી અને અને બાલીસણા પોલીસને સાથે રાખી ગોડાઉન નંબર ૭૦માં તપાસ હાથ ધરી હતી. જેમાં વિપુલ પ્રમાણમાં લાલ ચંદન લાકડાંનો જથ્થો હાથ લાગ્યો હતો. આ અંદાજિત સાડા ચાર ટન જેટલો જથ્થો છે અને કિંમત રૂ.અઢી કરોડ જેટલી ગણાઈ રહી છે. પોલીસે તપાસ કરી છે કે, આ જથ્થો ક્યાંથી આવે છે? કોનો છે? અને અત્યારે હાલ પાટણના બે અને ડીસાના એક શખસ એમ ત્રણ જેટલા આરોપીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. તપાસ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં જ રિલીઝ થયેલી પાન ઈન્ડિયા ફિલ્મ પુષ્પા-૨ ધૂમ મચાવી રહી છે. ફિલ્મ લાલચંદનની દાણચોરી પર આધારિત છે, જેમાં ફિલ્મનો હીરા-કમ-વિલન પુષ્પરાજ ઉર્ફે પુષ્પા દેશ જ નહીં, વિદેશમાં પણ લાલચંદનની દાણચોરી કરે છે અને પોલીસને પડકાર ફેંકે છે. ત્યારે જ્યાંથી ચંદન ચોરાઈને ગુજરાતમાં ઘુસાડાયું એ આંધ્રપ્રદેશની પોલીસ જ ગુજરાતમાં આવી હતી અને પાટણ પાસે એક ગોડાઉનમાંથી કરોડોનું રક્તચંદન કબજે કર્યું હતું. કરોડોના રક્ત ચંદનની ચોરીના બનાવમાં આંધ્રપ્રદેશ પોલીસ તપાસ કરી રહી હતી. પકડાયેલા આરોપીઓએ પાટણ સુધી ચોરીના ચંદનનું વેચાણ કર્યું હોવાનું કબૂલ્યુંહતું, જેથી આંધ્રપ્રદેશની પોલીસની ટુકડી સવારે પાટણ પહોંચી હતી અને સ્થાનિક પોલીસની મદદથી હાજીપુરના ગોડાઉનમાંથી ચંદનનાં લાકડાં કબજે કર્યાં હતા.

### નલિયા અને રાજકોટમાં હજુ ભારે ઠંડીની હવામાન વિભાગની ચેતવણી

# સૌરાષ્ટ્ર અને કચ્છમાં કોલ્ડવેવની અસર જારી માઉન્ટ આબુમાં માઈનસ ૪ ડિગ્રીએ બરફની ચાદર

## અમદાવાદમાં ઉત્તર અને ઉત્તર-પૂર્વ દિશાના પવન ફૂંકાતા ઠંડીમાં વધારો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૩

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં કચ્છ અને રાજકોટ શહેર માટે ખાસ ઠંડીનું યલો એલર્ટ જાહેર કરાયું છે. સતત બે દિવસથી સૌરાષ્ટ્ર અને કચ્છમાં કોલ્ડવેવની આગાહીને પગલે નલિયા અને રાજકોટમાં છેલ્લા બે દિવસથી કોલ્ડવેવની અસર વર્તાઈ રહી છે ત્યારે હજુ પણ આગામી ૨૪ કલાક માટે રાજકોટ શહેર માટે હવામાન વિભાગ દ્વારા ભારે ઠંડીની ચેતવણી વ્યક્ત કરવામાં આવી છે.

કાતિલ ઠંડા પવનની અસરથી રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે. બનાસકાંઠા જિલ્લાના અડીને આવેલા માઉન્ટ આબુમાં આજે સતત ચોથા દિવસે તાપમાન માઈનસ ચાર ડિગ્રી નોંધાયું છે, જેને લઈ મેદાની વિસ્તારો અને ખેતરોમાં બરફ જામી ગયો છે. અહીંની સૌથી ઊંચા પહાડની ચોટી ગુરૂશિખર પર પણ બરફ જામી ગયો છે. ફરવા ગયેલ સહેલાણીઓ ઠંડીમાં ઠૂંઠવાયા છે.

ગુજરાતમાં શિયાળાએ અડિંગો જમાવ્યો હોય એમ છેલ્લા કેટલાક દિવસોથી સતત મહત્તમ અને લઘુતમ તાપમાન ઘટતું જઈ રહ્યું છે, જેને કારણે ગુજરાતવાસીઓ માટે શિયાળો બરાબર જામ્યો છે. ઠંડીનું પ્રમાણ વધુ રહેતાં અનેક જિલ્લાઓમાં શાળાના સમયમાં પણ ફેરફાર કરવાની માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત ઠંડીનું પ્રમાણ વધુ રહેતાં શિયાળુ પાકને પણ ફાયદો થવાની શક્યતા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન દિવસે સતત ઝડપી ગતિએ પવન ફૂંકાતાં મહત્તમ તાપમાનમાં ઘટાડો થયો હતો. આ ઉપરાંત લઘુતમ તાપમાન યથાવત્ રહ્યું હતું. સતત ત્રીજા દિવસે નલિયા અને રાજકોટમાં સૌથી ઓછું લઘુતમ તાપમાન નોંધાયું હતું.

અમદાવાદમાં આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ઘટશે, પરંતુ પવનની ગતિ વધુ રહેતાં અમદાવાદ જિલ્લા અને આસપાસના વિસ્તારમાં ઠંડીનું પ્રમાણ વધુ અનુભવાશે. અમદાવાદ શહેરમાં વહેલી સવારથી જ ઉત્તર અને ઉત્તરપૂર્વ દિશા તરફથી પવન ફૂંકાઈ રહ્યા છે, જેની ગતિ ૧૫થી ૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપ છે અને વધુ તેજ પવન ફૂંકાતાં આ ગતિ ૨૫ કિમી પ્રતિ કલાક સુધી પણ પહોંચી શકે છે. વહેલી સવારથી જ ઠંડા પવન ફૂંકાતાં અમદાવાદ શહેરમાં તડકાની સાથે શહેરીજનો પણ ઠંડીનો અનુભવ કરી રહ્યા છે, જોકે આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૨૭થી ૨૮ ડિગ્રી સેલ્સિયસ રહેવાની શક્યતા છે, પરંતુ ઠંડા પવનો ફુકાતાં ઠંડીનું પ્રમાણ વધુ રહેશે.

હવામાન વિભાગની ગતરોજની આગાહી મુજબ સૌરાષ્ટ્ર કચ્છમાં ઉત્તર દિશા તરફથી પવનો આવતાં ઠંડીનું જોર વધ્યું હતું. ત્યારે છેલ્લા ૨૪ કલાક દરમિયાન પણ કચ્છના નલિયામાં અને સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં ઠંડીનું જોર યથાવત્ રહ્યું હતું. આ ઉપરાંત નલિયા અને રાજકોટમાં રાજ્યનું સૌથી ઓછું લઘુતમ તાપમાન નોંધાવ્યું હતું. આ બંને સ્થળ પર ૧૦ ડિગ્રી સેલ્સિયસ કરતાં પણ ઓછું લઘુતમ તાપમાન નોંધાયું હતું.

હવામાન નિષ્ણાતો દ્વારાએ પણ આગાહી કરવામાં આવી છે કે આગામી ૧૪ ડિસેમ્બરથી ગુજરાત રાજ્યમાં ઠંડીનું જોર ઘટી શકે છે એ મુજબ હવે લઘુતમ તાપમાન ધીમે ધીમે વધી રહ્યું હોય એમ લાગી રહ્યું છે. આ ઉપરાંત રાજ્યનાં અન્ય ત્રણ મહાનગરમાં પણ લઘુતમ તાપમાન યથાવત્ રહ્યું હતું, જેમાં અમદાવાદ શહેરનું લઘુતમ તાપમાન ૧૩.૩ ડિગ્રી સેલ્સિયસ, વડોદરાનું ૧૨ ડિગ્રી સેલ્સિયસ અને સુરતમાં ૧૬.૨ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત રાજ્યનાં અન્ય શહેરોમાં, જેમ કે ભુજ અને ડીસામાં ૧૨ ડિગ્રી સેલ્સિયસ કરતાં પણ ઓછું લઘુતમ તાપમાન નોંધાયું હતું.

બીજી તરફ રાજ્યમાં સૌથી વધુ ઠંડી ગઈકાલે વધુ એકવાર નલિયામાં રેકોર્ડ થઈ છે. ૭.૮ ડિગ્રી તાપમાન નોંધાતાં લોકો ઠૂંઠવાયા હતા. નલિયામાં બુધવારે સિઝનનું સૌથી ઓછું ૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. એની સરખામણીમાં આજે ૨.૮ ડિગ્રી તાપમાન ઊંચકાયું હતું.

હવામાન નિષ્ણાતના જણાવ્યા અનુસાર રાજકોટમાં જે પ્રકારે સતત બે દિવસથી કોલ્ડવેવની અસર વર્તાઈ રહી છે એનું મુખ્ય કારણ છે કે હાલમાં સૌરાષ્ટ્ર કચ્છના ભાગો ઉપર ઉત્તર દિશા તરફથી સીધા પવનો આવી રહ્યા છે. સામાન્ય રીતે પવન ઘડિયાળની ઊલટી દિશામાં ફરીને ઉત્તરથી ગુજરાત તરફ આવતા હોય છે, પરંતુ હાલમાં પવનની દિશા સીધી ઉત્તર તરફથી આવી રહી છે અને ઉત્તર ભારતમાં હાલમાં હિમવર્ષા થઈ રહી છે, જેથી હિમવર્ષાના ૪૮ કલાકમાં ગુજરાત સુધી એની ઠંડીની અસરો આવે છે. ત્યારે સતત ૪થી ૫ દિવસથી જે પ્રકારે ઉત્તર ભારતમાં હિમવર્ષા થઈ રહી છે એના સીધા પવનો ગુજરાત તરફ આવે છે અને ખાસ કરીને કચ્છ રાજકોટ, જૂનાગઢ, અમરેલી સહિતના જિલ્લાઓમાં આ સીધા પવનોની અસરને કારણે ઠંડીનું પ્રમાણ વધ્યું છે, હજુ પણ આગામી ૧૪ ડિસેમ્બર સુધી ઠંડીનું જોર યથાવત્ રહેવાની શક્યતા છે.

### સુરેન્દ્રનગર જિલ્લામાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ સામે ઉઠતા સવાલો

# સગીર બાળકનો સરપંચ અને તેના પુત્ર પર હુમલો : ચપ્પાના ઘા મારી પુત્રને રહેંસી નાંખ્યો

## સરપંચે ઠપકો આપતા સગીરને લાગી આવ્યું; પિત્ર-પુત્ર સમજાવવા ગયા ને થઈ બબાલ

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૧૩

આજના યુગમાં સગીર બાળકો પણ ક્રાઈમને રવાડે ચડ્યા હોય તેમ વિવિધ બનાવો પ્રકાશમાં આવતા રહે છે. આ જ પ્રકારનો એક બનાવ રાજ્યમાં સામે આવ્યો છે. જેમાં સગીરે યુવાનની હત્યા નિપજાવી દીધાનું બહાર આવ્યું છે. સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકાના નટવરગઢ ગામના સરપંચના પુત્રની ઘાતકી હત્યાની ઘટના સામે આવી છે. રનિંગ બાબતે સરપંચના પુત્રને તેના કાકાના સગીર વયના પિતરાઇ ભાઇ સાથે બોલાચાલી થઇ હતી. આ બાદ સરપંચ અને તેમનો પુત્ર સગીરને સમજાવવા માટે સગીરના ઘરે ગયા હતા, જ્યાં ઉશ્કેરાયેલા સગીરે પિતા-પુત્રને ચપ્પાના ઘા માર્યા હતા. એમાં સારવાર દરમિયાન સરપંચના પુત્રનું મોત થયું છે, જ્યારે સરપંચની હાલત ગંભીર છે. આ ઘટના અંગે મળતી માહિતી સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકાના નટવરગઢ ગામમાં સરપંચ કરમશી ઝીણાભાઈ કાલિયાનો ૨૩ વર્ષીય પુત્ર આદર્શ ગામના છોકરાઓને રનિંગની પ્રેક્ટિસ કરાવતો હતો, જ્યાં તેના કાકાના સગીર વયના પુત્ર સાથે બોલાચાલી થઇ હતી. જેથી ગતરોજ મોડી સાંજે નટવરગઢ ગામમા સરપંચ કરમશીભાઈ કાલિયા તેમના પુત્ર આદર્શ કાલિયા સાથે ભત્રીજાને સમજાવવા તેના ઘરે ગયા હતા, જ્યાં સામાન્ય બોલાચાલી બાદ મામલો બગડ્યો હતો અને ઉગ્ર બોલાચાલી થઇ હતી. આ દરમિયાન ઉશ્કેરાયેલા સગીરે ચપ્પુના ઘા મારી સરપંચ અને તેમના પુત્ર આદર્શને અધમૂઓ કરી લોહીલૂહાણ કરી દીધા હતા અને તે સ્થળ પરથી ફરાર થઇ ગયો હતો. સગીરે પિતા-પુત્રને ચપ્પાના આડેધડ ઘા મારતાં બંને ઘાયલોને સારવાર અર્થે લીંબડી સરકારી હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં પ્રાથમિક સારવાર આપી આદર્શને વધુ સારવાર અર્થે સુરેન્દ્રનગરની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ગંભીર રીતે ઘવાયેલા સરપંચ કરમશીભાઈના પુત્ર આદર્શનું મૃત્યુ થયું હતું. તલ બીજી તરફ સરપંચ કરમશીભાઈ હાલ ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે. મારામારીના આ બનાવમાં કુલ ત્રણ વ્યક્તિને ઈજાઓ પહોંચી છે, જેઓ પણ સારવાર હેઠળ છે. આ અંગે લીંબડી DySP વી.એમ.રબારીએ જણાવ્યું હતું કે, લીંબડી તાલુકાના નટવરગઢ ગામના સરપંચ અને ફરિયાદી કરમશીભાઈ ઝીણાભાઈ કાલિયાનો પુત્ર આદર્શ કરમશીભાઈ કાલિયા, જે ગામના છોકરાઓને રનિંગની પ્રેક્ટિસ કરાવતો હતો. તેને એના કાકાના સગીર વયના દીકરા સાથે બોલાચાલી થઈ હતી. આથી કરમશીભાઈ કાલિયા અને તેમનો દીકરો આદર્શ કાલિયા તેમના ભત્રીજાને સમજાવવા તેના ઘેર ગયા હતા. ત્યારે આ સામાન્ય બાબતમાં ઉશ્કેરાઈ જઈને સગીરે ઘરમાંથી ચાકુ લઇ પોતાના પિતરાઈ ભાઈ અને મોટા બાપુ ઉપર ચાકુ વડે હુમલો કર્યો હતો. એમાં આદર્શ કાલિયાને ગંભીર ઈજાઓ પહોંચતાં સુરેન્દ્રનગર હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું, જ્યારે તેના પિતા કરમશીભાઈ ઝીણાભાઈ કાલિયાને પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઘટનાના પગલે લીંબડી પોલીસે ગુનો દાખલ કરી ફરાર સગીર વયના આરોપીને ઝબ્બે કરવાની તજવીજ હાથ ધરી છે.

# હારીજના તળાવમાં ગંદુ પાણી છોડી પ્રદૂષણ કરવા મુદ્દે હાઈકોર્ટમાં થઈ જાહેરહિતની અરજી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૩

પાટણની હારીજ નગરપાલિકા વિસ્તારના સૌથી મોટા તળાવમાં ગટર અને સુએઝનું પ્રદૂષિત પાણી છોડી પ્રદૂષણ ફેલાવવાના મુદ્દે થયેલી જાહેર હિતની અરજીની સુનાવણી બાદ ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે આ કેસમાં રાજ્ય સરકાર, હારીજ નગરપાલિકા સહિતના સંબંધિત પક્ષકારોને નોટિસ જારી કરી હતી અને તેઓને જવાબ રજૂ કરવા તાકીદ કરી હતી. સ્થાનિક સામાજિક કાર્યકર અને પૂર્વ કાઉન્સિલર પ્રફુલ પરમાર દ્વારા કરવામાં આવેલી જાહેરહિતની રિટમાં એવી રજૂઆત કરાઈ હતી કે, હારીજ નગરપાલિકા વિસ્તારમાં આવેલુ આ તળાવ સૌથી મોટુ તળાવ છે અને આ તળાવ સૌથી જૂનુ અને ગામના અસ્તિત્વ કાળથી આવેલું છે. સ્થાનિક સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તૂટી ગયો હતો પરંતુ સ્થાનિક સત્તાવાળાઓએ તે રીપેર કરવાને બદલે સમગ્ર ગટર લાઈન તળાવમાં ડાયવર્ટ કરી દીધી છે. જેના કારણે તળાવમાં ખૂબ જ ગંદુ અને સુએઝનું પાણી ખુલ્લેઆમ છોડાઈ રહ્યું છે અને તેના કારણે ગંદકી અને પ્રદૂષણની સ્થિતિ અતિ ગંભીર અને સ્થાનિક જળસૃષ્ટિ અને પર્યાવરણ માટે પણ જોખમી બની રહી છે. સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ આઠ વર્ષ પહેલાં શરૃ કરાયો હોવાછતાં ગટર લાઈનોમાંથી બધુ ગંદુ અને સુએઝ પાણી કોઈપણ જાતના ટ્રીટમેન્ટ વિના જ તળાવમાં ઠલવાઈ રહ્યું છે. જેના કારણે હવે તળાવ હવે જોખમી રસાયણોના મિશ્રણમાં ફેરવાઈ રહ્યું છે. સત્તાવાળાઓની ગંભીર બેદરકારી અને નિષ્કાળજીના કારણે સ્થાનિક લોકોમાં આરોગ્ય અને પાણી જન્ય રોગોની સ્થિતિનું જોખમ ઉભુ થયુ છે તો, પર્યાવરણને પણ વિપરીત અસરો થઈ રહી છે. આ સંજોગોમાં હાઈકોર્ટે હારીજ નગરપાલિકા અને સત્તાવાળાઓને જરૂરી હુકમો કરવા જોઈએ.

### અમદાવાદ શહેરના મકતમપુરા વિસ્તારના રહીશો માટે આફત

# AMCનો અણઘડ વહીવટ : રહેણાંક વિસ્તાર તથા શાળાની પાસે જ ડમ્પિંગ સ્ટેશન બનાવવાનું ટેન્ડર બહાર પાડી દેવાયું

## વિસ્તારની આસપાસ ત્રણ શાળાઓ તથા મદ્રેસા આવેલ હોવા છતાં ડમ્પિંગ સ્ટેશન બનાવવા ટેન્ડર મંજૂર

## જે ખુલ્લા પ્લોટમાં ડમ્પિંગ સ્ટેશન બનાવાશે તેની પાછળ જ પ્રાથમિક શાળા આવેલી છે : બાળકોના સ્વાસ્થ્ય જોખમમાં ?

## કચરાની ગાડીઓ ઊભી રહી શકે તેવો પહોળો રસ્તો પણ નથી : ટ્રાફિકજામની સમસ્યા ઉદ્‌ભવશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૩

કેટલીક વાર તંત્ર દ્વારા લેવાતા નિર્ણયોથી પ્રજા તથા રહેણાક વિસ્તારના લોકોને ભોગવવાનો વારો આવે છે. તેવો જ એક અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો નિર્ણય શહેરના મકતમપુરા વિસ્તારના રહેવાસીઓ માટે માથાનો દુઃખાવો બનશે તેવું ચિત્ર ઉપસી આવ્યું છે. અમદાવાદ શહેરના મકતમપુરા વિસ્તારમાં આવેલ ગ્યાસપુર ડેપો (મેટ્રો સ્ટેશન)ની સામે ગ્યાસપુરની સીમમાં કચરાનું ડમ્પિંગ સ્ટેશન બનાવવાનું આયોજન એએમસી દ્વારા કરવામાં આવ્યું છે આ અંગે એએમસી દ્વારા ટેન્ડર પણ બહાર પાડી દેવાયું છે. જે જગ્યામાં ડમ્પિંગ સ્ટેશન બનશે તેના ૧૫થી ૨૦ મીટર નજીક જ એક પ્રાથમિક શાળા આવેલી છે. શું એએમસીએ કઈ પણ વિચાર્યા વગર જ આ ટેન્ડર બહાર પાડી દીધું છે ? આ ડમ્પિંગ સ્ટેશન બનવાથી શાળામાં આવતા નાના-નાના બાળકોના સ્વાસ્થ્ય પર માઠી અસર પહોંચી શકે છે. આ વિસ્તારમાં ૨૦૦ મીટરની અંદર જ ત્રણ શાળાઓ અને એક મદ્રેસા આવેલ છે જો અહીં ડમ્પિંગ સ્ટેશન બની જાય તો ત્યાંથી નીકળતી દુર્ગંધથી બાળકો કેટલા અંશે સુરક્ષિત રહેશે ? તેમજ આ દુર્ગંધથી સ્થાનિકોના આરોગ્યને પણ નુકસાન પહોંચવાની પૂરેપૂરી શકયતા છે. બીજી બાજુ ગ્યાસપુર ડેપો રોડ ખુબ જ સાંકળો હોવાથી ડમ્પ કરવા આવતી કચરાની ગાડીઓની લાઈનોથી રોડ પર ટ્રાફિકજામ થવાની સંભાવના પણ દર્શાવાઈ રહી છે. ત્યારે રહેણાક વિસ્તારમાં ડમ્પિંગ સ્ટેશન બનાવવાની યોજના એએમસી તાત્કાલિક રદ કરે તેવી ઉગ્ર માંગ પ્રબળ બની છે.






અમદાવાદ શહેરના મકતમપુરા વિસ્તારમાં આવેલ ગ્યાસપુર મેટ્રો સ્ટેશનની સામે એએમસીના સર્વે નંબર ૯૭/એ/૧+૨ના ખુલ્લા પ્લોટમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ દ્વારા આરટીએસ (રિફ્યુજ ટ્રાન્સફર સ્ટેશન) એટલે કે ડમ્પિંગ સ્ટેશન બનાવવાનું ટેન્ડર હાલ જ બહાર પડાયું છે. સદર ખુલ્લા પ્લોટમાં નાખવામાં આવતા કચરાના ઢગલાઓથી રહીશો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. ત્યાં હવે આ ડમ્પિંગ સ્ટેશનનો નવો કિમીયો એએમસીએ અપનાવ્યો છે. ખુલ્લા પ્લોટથી ૧૫થી ૨૦ મીટર નજીક જ ગ્યાસપુર ભાઠા પ્રાથમિક સ્કૂલ આવેલી છે એટલું જ નહીં આ વિસ્તારના ૨૦૦ મીટરની અંદર ત્રણ શાળાઓ તથા મદ્રેસા છે જો અહીં ડમ્પિંગ સ્ટેશન બનાવવામાં આવશે તો કચરાને કારણે મચ્છરોનો ઉપદ્રવ તેમ જ દુર્ગંધનું પ્રમાણ વધશે. જે બાળકોના આરોગ્ય માટે જોખમીરૂપ સાબિત થાય છે. ડમ્પિંગ સાઈટના કચરાના પ્રદુષણથી ત્યાં આસપાસ રહેતા સ્થાનિકોને નુકસાન પહોંચી શકે તેમજ રોગચાળો ફેલાવાની શકયતાઓ પણ નકારી શકાય નહીં.

ગ્યાસપુર મેટ્રો સ્ટેશન સામેના રોડ પર જ્યાં કચરાની ગાડીઓની લાઈનો લાગશે તે રોડ ખૂબ જ નાનો હોવાના કારણે આખો દિવસ ટ્રાફિકની સમસ્યાનો ભોગ પ્રજાને બનવું પડશે. સાથે સાથે આખા રોડ ઉપર કચરાની ગાડીઓના લીધે મેઈન રોડ પર ગંદકી પ્રસરશે જે પ્રજા માટે કાયમી માથાનો દુઃખાવો બનશે. આ વિસ્તારમાં જે ખુલ્લા પ્લોટમાં ડમ્પિંગ સ્ટેશન બનાવવાનું આયોજન છે ત્યાં પહેલાથી જ કચરાના ઢગલાઓ જોવા મળે છે તેને હટાવવાની કામગીરી કરવાને બદલે એએમસીએ ત્યાં કચરાનો ડમ્પિંગ સ્ટેશન બનાવવાનું જ આયોજન કરી દીધું છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, કચરાના ઢગલાઓમાં શ્વાનો દ્વારા પોતાનો અડ્ડો બનાવી લેવાયો છે ત્યાંથી અવર-જવર કરતા લોકો પર શ્વાન હુમલાઓ પણ કરતા હોવાની બૂમો ઉઠવા પામી છે.

ઉલ્લેખનીય છે કે ભૂતકાળમાં અમદાવાદ શહેરના જોધપુરમાં ડમ્પિંગ સ્ટેશન બનાવવાનો નિર્ણય કરાયો હતો જો કે ત્યાંના સ્થાનિકો દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવતા ડમ્પિંગ સ્ટેશનની કામગીરી બંધ થઈ હતી. આ અંગે મકતમપુરાના સામાજિક કાર્યકર શૌકત હુસેન મલીક સાથે વાતચીત કરતા તેઓએ જણાવ્યું હતું કે ડમ્પિંગ સ્ટેશન બનવાથી શાળામાં ભણતા ભૂલકાઓ તેમજ વિસ્તારના રહીશોના સ્વાસ્થ્યને અસર પહોંચશે જેથી તેઓના સ્વાસ્થ્યની ખાતર, આરટીએસ રહેણાક વિસ્તારથી દૂર ખસેડવામાં આવે એવી એએમસીના કમિશનર, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના અધિકારીઓ તથા જવાબદાર અધિકારીઓને અપીલ છે. ત્યારે હવે જોવાનું રહ્યું કે એએમસી પ્રજાના સ્વાસ્થ્ય માટે આ જોખમી ડમ્પિંગ સ્ટેશનની કામગીરી રોકશે કે નહીં ?




### એક બાજુ કચરાના ઢગલાઓથી ને બીજી બાજુ રખડતાં કૂતરાઓના હુમલાઓથી સ્થાનિકો ત્રાહિમામ



શહેરમાં આવેલ ગ્યાસપુર ડેપોની સામે ખુલ્લી જગ્યા આવેલી છે જયાં ડમ્પિંગ સ્ટેશન બનાવવામાં આવશે. ત્યાં હાલની સ્થિતિમાં ખુલ્લા પ્લોટમાં કચરાના ઢગલાઓ જોવા મળે છે નજીક જ નારોલ ડમ્પિંગ સ્ટશેન હોવા છતાં પણ અહીં કોણ કચરો નાખે છે ? તે તપાસનો વિષય છે. ત્યારે અહીં કચરાના ઢગલાઓને પોતાનો અડ્ડો બનાવીને બેઠેલા શ્વાનો ત્યાં સમગ્ર વિસ્તારમાં ખુબ જ આતંક મચાવે છે. ત્યાં નજીક જ શાળા આવેલી છે. ત્યાં આવતા વિદ્યાર્થીઓ પર પણ શ્વાનો હુમલો કરતા હોવાથી બૂમો ઊઠી છે તેમજ ગમે ત્યારે તે ખુલ્લી જગ્યા પાસેથી નીકળતા રોડ પર શ્વાનોનો ત્રાસ યથાવત જોવા મળે છે. ત્યાંથી અવરજવર કરતા લોકોને શ્વાન કરડવા દોડતા હોય તેવા દૃશ્યો અવારનવાર જોવા મળે છે. આ મામલે સ્થાનિકોની ઉગ્ર માંગ છે કે, શ્વાનોને નિયંત્રણમાં લાવવા કડક પગલાં લેવામાં આવે. વિસ્તારમાં રમતા રમતા બાળક પર શ્વાન હુમલો કરી ઈજા પહોંચાડે તો તેના જવાબદાર કોણ?

### ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા

## સોલિડ વેસ્ટ લેન્ડફિલ સાઈટ અંગે પર્યાવરણીય લોકસુનાવણીનું આયોજન

### સ્થાનિક અસરગ્રસ્ત લોકો રજૂઆત કરી શકશે

ગ્યાસપુર ખાતે સોલિડ વેસ્ટ લેન્ડફિલ સાઈટ બનાવવા મામલે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા તા.૧૩/૧/૨૦૨૫ના રોજ શહેરના ગ્યાસપુર ખાતે સર્વે નં.૧૧૫/પીમાં પર્યાવરણીય લોકસુનાવણીનું આયોજન કરવામાં આવ્યું છે. લોકસુનાવણીની પ્રક્રિયાના ભાગરૂપે લાગતા વળગતા સ્થાનિક અસરગ્રસ્ત લોકોનું ધ્યાન દોરીને સદર લોક સુનાવણી દરમ્યાન હાજર રહેવા અથવા તેઓની ટીકા ટિપ્પણી લેખિતમાં સુનાવણીની તારીખ પહેલા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સચિવને મોકલવા જણાવવામાં આવ્યું છે.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS